# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

ઠગ સુકેશે એક્ટ્રેસ જેકલીનને જેલમાંથી ચાટ ગિફ્ટ કરવાનું પ્રોમિસ કર્યું

પેજ-09

ટીમ ઈન્ડિયા જેને તક નથી આપી રહી તેનો સામનો રોહિત-કોહલી સાથે થશે!




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 27.00 |
| વડોદરા | 32.00 | 26.00 |
| સુરત | 30.00 | 27.00 |

પેજ 5



સુપ્રિયા લાઇફસાયંસએ 21.7% આવક વૃદ્ધિ અને વિસ્તરિત...

14 AUGUST-2024 WEDNESDAY

બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર હિંસા અંગે મોહમ્મદ યુનુસનું મોટું નિવેદન



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 78956.03 | ▼ | 692.89 |
| નિફ્ટી | 24139.00 | ▼ | 208.00 |
| સોનું | 70727.00 | ▼ | 011.00 |
| ચાંદી | 81065.00 | ▼ | 559.00 |


વર્ષ-13 | અંક-271 | વિક્રમ સંવત-2079 | શ્રાવણ સુદ-09 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


15 ઓગસ્ટને લઇને ગુપ્તચર એજન્સીઓનું એલર્ટ.... ભીડવાળી જગ્યાઓ અને આઇકોનિક સ્થળો ટાર્ગેટ પર

# આતંકવાદીઓ માનવ બોમ્બ બનીને હુમલો કરી શકે છે

## આતંકવાદીઓ VVIP ને નિશાન બનાવી શકે છે... દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા સઘન રાખવા સલાહ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

દિલ્હીના લાલ કિલ્લા પર 78માં સ્વતંત્રતા દિવસની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. જેમ જેમ સ્વતંત્રતા દિવસ નજીક આવી રહ્યો છે તેમ તેમ દેશભરમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી રહી છે. જ્યારે દેશભરમાં સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. આ દરમિયાન સૂત્રો પાસેથી સમાચાર આવી રહ્યા છે કે આતંકવાદીઓ દેશમાં આતંક ફેલાવવાની યોજના બનાવી રહ્યા છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ 15મી ઓગસ્ટના દિવસે આતંકવાદીઓ માનવ બોમ્બના રૂપમાં હુમલો કરી શકે છે. આ ખતરાને જોતા ગુપ્તચર એજન્સીઓએ એલર્ટ જાહેર કર્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે આતંકવાદીઓ VVIPને નિશાન બનાવી શકે છે. પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI લશ્કર-એ-તૈયબા, TRF અને જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનોને દરેક રીતે મદદ કરી રહી છે અને આ સંગઠનોને હુમલા કરવા માટે ઉશ્કેરે છે.




### આ સ્થળોને કરી શકાય છે ટાર્ગેટ

ભીડવાળી જગ્યાઓ અને આઈકોનિક સ્થળોને નિશાન બનાવી શકાય છે. દિલ્હી હંમેશા જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર માટે મુખ્ય નિશાના પર રહ્યું છે. પાકિસ્તાન ડ્રોન દ્વારા પુંછ અને જમ્મુમાં સતત હથિયાર મોકલી રહ્યું છે. આતંકવાદી અંડરવર્લ્ડના ક્રાઈમ સિન્ડિકેટનો ઉપયોગ પૈસા અને હથિયારોના પરિવહન માટે કરવામાં આવી રહ્યો છે. સ્વતંત્રતા દિવસના અવસર પર ઘણા VVIP અને વડાપ્રધાન લાંબા સમય સુધી ખુલ્લામાં બેસી રહે છે.

### દિલ્હીમાં ખાસ કરીને સાવચેત રહેવાની સલાહ

આવી સ્થિતિમાં ભારતને નફરત કરનારા લોકો મુશ્કેલી સર્જી શકે છે. તેમાં પાકિસ્તાની આતંકવાદી સંગઠનો, વૈશ્વિક જેહાદી જૂથો, સ્થાનિક આતંકવાદી સંગઠનો, શીખ આતંકવાદી જૂથો, ઉત્તર પૂર્વના આતંકવાદી સંગઠનોનો સમાવેશ થાય છે. કેટલાક લોકો એવા પણ હોઈ શકે છે જે સરકારના નિર્ણયોથી નારાજ છે. દિલ્હી એરપોર્ટ અને દિલ્હીની સરહદો પર વિશેષ તકેદારી રાખવા માટે કહેવામાં આવ્યું છે.

### સ્વતંત્રતા દિવસને લઈને દિલ્હી પોલીસની એડવાઈઝરી

આજે ફુલ ડ્રેસ રિહર્સલ અને સ્વતંત્રતા દિવસના દિવસે લાલ કિલ્લાની આસપાસ ટ્રાફિક પ્રભાવિત થશે. દિલ્હી પોલીસની ટ્રાફિક એડવાઈઝરી અનુસાર, દિલ્હી ગેટથી ચટ્ટા રેલ સુધી, નેતાજી સુભાષ માર્ગ, જીપીઓથી ચટ્ટા રેલ સુધી, લોથિયન રોડ , એચસી સેન માર્ગથી યમુના બજાર ચોક સુધી, ફાઉન્ટેન ચોકથી લાલ કિલ્લા સુધી, ચાંદની ચોક રોડ, રિંગ રોડથી નેતાજી સુભાષ માર્ગ સુધી, એસ્પ્લેનેડ રોડ અને લીંક રોડ નેતાજી સુભાષ માર્ગ, IP ફ્લાયઓવર સુધીના આઉટર રીંગ રોડ પર રોડ ટ્રાફિક ખોરવાશે.

## ગળામાં ટ્રેકિંગ ડિવાઈસ, પગમાં બાંધેલી ઢાકા લખેલી રિંગ...ક્યાંથી આવ્યું આ ગીધ?

(એજન્સી) રાંચી । તા. 13

ઝારખંડમાં એક ગીધ ચર્ચાનો વિષય બન્યો છે. રાજ્યના હજારીબાગ જિલ્લાના ડેમમાંથી લુપ્તપ્રાય પ્રજાતિનું એક ઘાયલ ગીધ મળી આવ્યું છે. તેના પગમાં રિંગ બાંધેલી છે. આ રિંગમાં બાંગ્લાદેશની રાજધાની ઢાકાનું નામ લખેલું છે. તે ગીધ પાસે એક ટ્રેકિંગ ડિવાઈસ પણ મળી આવ્યું હતું.

ઈન્ટેલિજન્સ બ્યુરોના અધિકારીઓ સાથે પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને મામલાની તપાસ કરી રહી છે. પોલીસ અધિકારી બી.એન. આ મામલાની માહિતી આપતા પ્રસાદે કહ્યું કે, ગીધની ગરદનના પાછળના ભાગમાં સફેદ પીછા હોય છે. તેમને કહ્યું કે સોમવારે માછીમારોના એક જૂથે ઘાયલ ગીધને કોનાર ડેમના પાણીમાં જોયો હતો. આ પછી માછીમારોએ વન વિભાગ અને પોલીસ અધિકારીઓને જાણ કરી હતી.



ઢાકાથી ઝારખંડ પહોંચ્યું ગીધ : ઝારખંડના હજારીબાગ જિલ્લામાં એક ઘાયલ ગીધ મળી આવ્યું છે

# અદાણી-સેબી મુદ્દે કોંગ્રેસ કરશે રાષ્ટ્રવ્યાપી આંદોલન

## JPC તપાસ અને સેબીના ચેરપર્સન માધબી બુચના રાજીનામાની માંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

સેબીના ચેરપર્સન માધબી પુરી બુચ સામે હિંડનબર્ગના રિપોર્ટ બાદ દેશમાં રાજકીય ખળભળાટ મચી ગયો છે. આ મામલે કોંગ્રેસ દ્વારા સેબીના ચેરપર્સન માધબી પુરી બુચને પદ પરથી હટાવવાની ઝુંબેશ શરૂ કરી છે. આ અંગે કોંગ્રેસે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) પણ કોંગ્રેસના પ્રદર્શનના કેન્દ્રમાં હશે. 22મી ઑગસ્ટે કોંગ્રેસ દેશભરમાં વિરોધ પ્રદર્શન કરશે અને ઈડી ઓફિસનો



ઘેરાવ કરશે.

કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે, 'અમે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં AICC મહાસચિવ, પ્રભારી અને PCC પ્રમુખોની બેઠક બોલાવી હતી. અમે અત્યારે દેશમાં થઈ રહેલા સૌથી મોટા કૌભાંડોમાંના એકની ચર્ચા કરી છે. અમે સર્વસંમતિથી હિંડનબર્ગના ખુલાસા મુદ્દે પર માંગ સાથે રાષ્ટ્રવ્યાપી આંદોલન શરૂ કરવાનું નક્કી કર્યું: એક, જેપીસી તપાસ જેમાં વડાપ્રધાન સંપૂર્ણ રીતે સામેલ હોય.'

### કોંગ્રેસનું દેશવ્યાપી વિરોધ પ્રદર્શન

દિલ્હીમાં AICC મહાસચિવ અને કોંગ્રેસ સાંસદ કે.સી. વેણુગોપાલે કહ્યું કે, '22મી ઑગસ્ટે સમગ્ર દેશમાં રાષ્ટ્રીય સ્તરનું મોટું આંદોલન થશે. અમે દરેક રાજ્યની રાજધાનીમાં ઈડીની ઓફિસનો ઘેરાવ કરીશું અને સેબીના ચેરપર્સનને પદ પરથી હટાવવાની માગ કરીશું. વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ પણ આ અંગે મોદી સરકાર પર નિશાન સાધ્યું છે.'

### ભાજપના કોંગ્રેસ પર પ્રહાર

શેરબજારની ગતિવિધિઓ પર નજર રાખતા શોર્ટ સેલર હિંડનબર્ગના રિપોર્ટ પર કોંગ્રેસ દ્વારા સરકાર પર પ્રહારો કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ ભાજપે પણ રાહુલ ગાંધી અને કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. ભાજપે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર દેશમાં આર્થિક અરાજકતા ફેલાવવાનો આરોપ લગાવ્યો.

## બાબા રામદેવને રાહત, SCએ બંધ કર્યો માનહાનિ કેસ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને પતંજલિ 'ભ્રામક જાહેરાત કેસ'માં રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે આ મામલે માનહાનિનો કેસ બંધ કરી દીધો છે. મહત્વનું છે કે પતંજલિના ઉત્પાદનો વિશે ભ્રામક જાહેરાતો આપવાના આ કેસમાં પહેલા જ માફીનામુ દાખલ કરવામાં આવ્યુ હતું. જસ્ટિસની બેન્ચે સુપ્રીમ કોર્ટમાં આ નિર્ણય આપ્યો છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનએ પતંજલિ પર કોવિડ-19 રસીકરણને લઈને ખોટું અભિયાન ચલાવવાનો આરોપ લગાવ્યો હતો.

# વિનેશ ફોગટના મેડલ કેસમાં ત્રીજી વખત નિર્ણય મોકૂફ, હવે 16 ઓગસ્ટે થશે જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ભારતની સ્ટાર રેસલર વિનેશ ફોગાટના ભાવિ અંગેનો નિર્ણય ફરી એક વખત મોકૂફ રાખવામાં આવ્યો છે. પેરિસ ઓલિમ્પિકમાં પોતાની ગેરલાયકાત સામે કોર્ટ ઓફ આર્બિટ્રેશન (CAS)માં અપીલ કરનાર વિનેશ ફોગાટની રાહ વધુ વધી ગઈ છે. વિનેશે પોતાની જાતને સિલ્વર મેડલની માંગણી સાથે અપીલ કરી હતી, જેના પર સુનાવણી 9મી ઓગસ્ટે થઈ હતી અને તે જ સાંજે નિર્ણય આપવામાં આવશે તેમ કહેવામાં આવ્યું હતું, પરંતુ તેને ફરીથી 10મી ઓગસ્ટ સુધી મુલતવી રાખવામાં આવ્યું હતું. 10મી ઓગસ્ટે પણ નિર્ણય આવ્યો ન હતો, પરંતુ હવે ફરી એકવાર CASએ તેને 3 દિવસ માટે ટાળી દીધો છે. હવે આ નિર્ણય 16 ઓગસ્ટે રાત્રે 9.30 વાગ્યે જાહેર કરવામાં આવશે.



### શું છે મામલો?

છેલ્લા એક સપ્તાહથી દેશ અને દુનિયાના મીડિયા અને સોશિયલ મીડિયામાં આ મુદ્દો ચર્ચામાં છે. તેની શરૂઆત 6 ઓગસ્ટે પેરિસ ઓલિમ્પિકમાં થઈ હતી. તે દિવસે, મહિલાઓની 50 કિગ્રા વર્ગમાં, વિનેશ ફોગાટે પ્રથમ રાઉન્ડમાં જાપાનની વિશ્વ નંબર-1 યુઇ સુસાકીને હરાવીને હલચલ મચાવી હતી. આ પછી, વિનેશે તેની ક્વાર્ટર ફાઈનલ મેચ પણ આસાનીથી જીતી લીધી અને સાંજે સેમિફાઈનલમાં ક્યુબાના ગુઝમેન લોપેઝને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી. તે ઓલિમ્પિકની ફાઈનલમાં પહોંચનારી ભારતની પ્રથમ મહિલા કુસ્તીબાજ બની હતી. આ સાથે તેનો મેડલ પણ કન્ફર્મ થઈ ગયો, જે ગોલ્ડ હોઈ શકે અને ઓછામાં ઓછો સિલ્વર મેડલ તો ચોક્કસ હતો.

## મંગળવારે શેર માર્કેટમાં ઘટાડો સેન્સેક્સ 722 પોઇન્ટ તૂટ્યો

મુંબઇ । મંગળવારે માર્કેટમાં ઓપનિંગ ઉછાળા સાથે થઇ હતી. ત્યારે બપોરે 3.30 કલાકે માર્કેટ લાલ નિશાનમાં બંધ થયું છે. સેન્સેક્સ 722 પોઈન્ટના ઘટાડા સાથે 78,926 અંક પર બંધ થયુ. જ્યારે નિફ્ટી 206 પોઈન્ટના ઘટાડા સાથે 24,140 અંક પર બંધ થયુ છે. બેન્કિંગ એનર્જી અને મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં વેચવાલીથી બજાર નીચે ગયું છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરના શેરમાં જ ખરીદી જોવા મળી હતી. બજારમાં ઘટાડાને કારણે રોકાણકારોને 4.50 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. ઘટતા શેરોમાં આરતી ઈન્ડસ્ટ્રીઝ 15.45 ટકા, ચંબલ ફર્ટિલાઈઝર 7.08 ટકા, ઝાયડસ લાઈફ 5.99 ટકા, એચડીએફસી બેન્ક 3.28 ટકા, ટાટા સ્ટીલ 2.37 ટકા, બજાજ ફાઈનાન્સ 2.02 ટકા, એસબીઆઈ 1.97 ટકા, ટાટા મોટર્સ 12 ટકા ઘટીને બંધ થયા હતા. આજે બજારમાં જે શેરોની ખરીદી કરવામાં આવી હતી તેમાં હિન્દુસ્તાન કોપરનો સમાવેશ થાય છે જે 3.37 ટકાના વધારા સાથે બંધ રહ્યો હતો.



## MVAમાં કોકડું ગૂંચવાયું... મહારાષ્ટ્રમાં કોણ બનશે વિપક્ષમાં CM પદનો ચહેરો

(એજન્સી) મુંબઇ । તા. 13

મહારાષ્ટ્રમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે અને તેના માટે તમામ રાજકીય પક્ષ દ્વારા તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. મહારાષ્ટ્રમાં સત્તાધારી પક્ષ મહાયુતિ એટલે કે એન.ડી.એ. અને વિપક્ષ એટલે કે મહાવિકાસ અઘાડી (MVA) વચ્ચે પણ ચર્ચા ચાલી રહી છે. આ દરમિયાન મુખ્યમંત્રીનો ચહેરો કોણ હશે તે અંગે મહાવિકાસ આઘાડીમાં પરસ્પર વિવાદ શરૂ થયો છે. મહારાષ્ટ્ર કોંગ્રેસના ચૂંટણી પ્રભારી રમેશ ચેન્નીથલાએ મહાવિકાસ આઘાડીના મુખ્યમંત્રી પદના ચહેરા વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ મામલે તેમણે કહ્યું કે, 'હાલમાં અમે મુખ્યમંત્રીના ચહેરા વિશે કોઈ ચર્ચા કરી નથી. એમવીએ અમારો ચહેરો છે અને અમે આ ચહેરા પર ચૂંટણી લડી રહ્યા છીએ. મુખ્યમંત્રીના ચહેરા પર અમારી કોઈ ચર્ચા થઈ નથી અને ચૂંટણી પછી જ મુખ્યમંત્રી કોણ હશે તેની ચર્ચા કરીશું.'



# વક્ફની જમીન પર 21 મદરેસા બનાવશે નીતિશ સરકાર

## બિહાર નીતિશ સરકારે લીધો નિર્ણય... હમણા જ 10 મદરેસાનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું

(એજન્સી) પટના । તા. 13

બિહારમાં વક્ફ બોર્ડની જમીનને લઈને નીતિશ કુમારની સરકારે મોટો નિર્ણય લીધો છે. બિહાર સરકાર સુન્ની અને શિયા વક્ફ બોર્ડ હેઠળ નોંધાયેલી મિલકતોના વિકાસ માટે બહુહેતુક ઈમારતો, લગ્ન હોલ, બજાર સંકુલ અને અન્ય માળખાં બાંધવાની તૈયારી કરી રહી છે. આ અંગેની જાહેરાત કરતા લઘુમતી કલ્યાણ મંત્રી જામા ખાને કહ્યું કે સરકારે રાજ્યના વિવિધ ભાગોમાં 21 નવી મદરેસાઓની સ્થાપના કરવાનો પણ નિર્ણય લીધો છે.

જામા ખાને કહ્યું કે પટના, પૂર્ણિયા, કૈમુર, કટિહાર, કિશનગંજ, નવાદા અને સિવાનમાં 2023-24માં બહુહેતુક ઈમારતો, બજાર સંકુલ અને પુસ્તકાલયોના નિર્માણ માટે દસ પ્રોજેક્ટ્સ પ્રસ્તાવિત કરવામાં આવ્યા હતા. આ માટે 105.13 કરોડ રૂપિયાની રકમ ફાળવવામાં આવી હતી.


### વકફ મિલકતોની સુરક્ષાને લઈને રાજ્ય સરકાર ચિંતિત



કેન્દ્ર સરકાર દ્વારા લોકસભામાં રજૂ કરાયેલ વકફ સુધારા બિલ-2024 અને તેને સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ને મોકલવા વિશે પૂછવામાં આવતા તેમણે જવાબ આપ્યો કે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર રાજ્યમાં લઘુમતી સમુદાયોની લાગણીઓ પ્રત્યે સંવેદનશીલ છે. અને તેઓ કલ્યાણ માટે ગંભીર છે. જે પણ નિર્ણય લેવામાં આવશે તે ચોક્કસપણે સમુદાયના હિતમાં હશે. તેમણે ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર રાજ્યમાં વકફ મિલકતોની સુરક્ષા માટે ચિંતિત છે અને સરકાર ખાતરી કરશે કે આવી મિલકતો પર કોઈ અતિક્રમણ ન થાય.

## આસારામને રાજસ્થાન હાઇકોર્ટની રાહત: સાત દિવસના પેરોલ મંજૂર

જોધપુર । બળાત્કાર કેસમાં આજીવન જેલની સજા ભોગવી રહેલા આસારામને રાજસ્થાન હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. કોર્ટે સારવાર માટે આસારામના 7 દિવસના પેરોલ મંજૂર કર્યા છે. હકિકતમાં, જોધપુર સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહેલા આસારામની તબિયત અચાનક લથડી હતી. જે બાદ રાજસ્થાન હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટીસ પુષ્પેન્દ્ર સિંહ ભાટીની બેન્ચે તેને પોલીસ કસ્ટડીમાં સારવાર માટે મહારાષ્ટ્ર જવા વચગાળાના પેરોલની મંજૂરી આપી છે. નોંધનીય છે કે, આસારામની તબિયત અચાનક લથડી ગઇ હતી, તેણે છાતીમાં દુખાવો થવાની ફરિયાદ કરતાં જેલના અધિકારીઓએ તેને જોધપુર એઈમ્સ (AIIMS) હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ બાદ દાખલ કરાયો હતો. આસારામની તબિયત ખરાબ થવાના સમાચાર સાંભળતા જ એઈમ્સ હોસ્પિટલ બહાર તેના સમર્થકોની ભીડ જામી હતી. આસારામને 2018માં જોધપુરની વિશેષ POCSO કોર્ટે તરૂણ બાળકી સાથે બળાત્કાર કરવા બદલ આજીવન જેલીની સજા સંભળાવી હતી.



જયશંકરની મોટી ભવિષ્યવાણી... વિશ્વમાં ચારેકોર અનેક પ્રકારના આર્થિક પડકારો છે

# આગામી 5 વર્ષ ડરામણા હશે, વિશ્વ યુદ્ધની અણી પર

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધ બાદ ઈઝરાયેલનો બદલો ઈરાનને યુદ્ધ માટે ઉશ્કેરી રહ્યો છે અને ઈઝરાયેલ-ઈરાન વચ્ચેના તણાવને કારણે વિશ્વ ભીષણ યુદ્ધના કિનારે પહોંચી ગયું છે. આ બંને દેશો વચ્ચેનું યુદ્ધ દુનિયાને બે ભાગમાં વહેંચી શકે છે. વિશ્વમાં સતત ઉભરી રહેલા ભયંકર ચિત્ર અંગે ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે ચિંતા વ્યક્ત કરી છે.

જયશંકરે મંગળવારે એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે યુક્રેન અને રશિયા વચ્ચે અઢી વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ દરમિયાન, મધ્ય પૂર્વ અને દક્ષિણ-પૂર્વ એશિયામાં લશ્કરી તણાવ, આર્થિક પડકારો અને આબોહવા પરિવર્તનની ઘટનાઓ અત્યંત જોખમી છે. આવનારા પાંચ કે દસ વર્ષ ખૂબ જ મુશ્કેલીભર્યા હશે.



'વિશ્વમાં ચારેકોર અનેક પ્રકારના આર્થિક પડકારો છે. વધુ દેશો આર્થિક-સરહદી સંઘર્ષ કરી રહ્યાં છે. વેપાર મુશ્કેલ બની રહ્યો છે, વિદેશી હૂંડિયામણની અછત છે.' જયશંકરે ઈરાન સમર્થિત હુથી મિલિશિયા દ્વારા રાતા સમુદ્રમાં વેપારી જહાજોની લૂંટની વધતી ઘટનાઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી કે વૈશ્વિક સ્તરે આ સમગ્ર ઘટનાક્રમના વિનાશક પરિણામો આવી રહ્યા છે.

### આપણે અત્યંત મુશ્કેલ સમયમાંથી પસાર થઇ રહ્યા છીએ

મંગળવારે દિલ્હીમાં એક કાર્યક્રમ દરમિયાન વિદેશ મંત્રીને પૂછવામાં આવ્યું કે, વિશ્વમાં બની રહેલી ઘટનાઓને ધ્યાનમાં રાખીને તમે ભવિષ્યને કેવી રીતે જુઓ છો? જવાબમાં જયશંકરે કહ્યું, 'હું આશાવાદી વ્યક્તિ છું અને સામાન્ય રીતે સમસ્યાઓના ઉકેલો વિશે વિચારું છું, ઉકેલોમાંથી ઊભી થતી સમસ્યાઓ વિશે નહીં પરંતુ હું ખૂબ જ ગંભીરતાથી કહીશ કે આપણે અત્યંત મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ.' જયશંકરે આગળ કહ્યું, 'મારી પાસે આવતા પાંચ વર્ષ માટે ખૂબ જ ભયંકર આગાહી છે. તમે જોઈ રહ્યા છો કે મધ્ય પૂર્વમાં, યુક્રેનમાં, દક્ષિણ પૂર્વ અને પૂર્વ એશિયામાં શું થઈ રહ્યું છે. તેમજ કોવિડની અસર હજુ પણ ચાલુ છે.

હવે દુશ્મનોની ખેર નહી.....

# પોખરણમાં સ્વદેશી એન્ટિ-ટેન્ક મિસાઇલનું સફળ પરીક્ષણ



(એજન્સી) પોખરણ । તા. 13

DRDO એ રાજસ્થાનમાં પોખરણ ફીલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે સ્વદેશી મેન-પોર્ટેબલ એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ (MPATGM)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું. તેનો વીડિયો પણ સામે આવ્યો છે. આ મિસાઈલ દુશ્મનની ટેન્ક અને બખ્તરબંધ વાહનોને નષ્ટ કરી શકે છે. ભવિષ્યમાં તેને મુખ્ય યુદ્ધ ટેન્ક અર્જુનમાં પણ તૈનાત કરવામાં આવશે. પોખરણ ટેસ્ટમાં, MPATGM એ સંપૂર્ણ ચોકસાઈ સાથે લક્ષ્યને હિટ કર્યું. આ સ્વદેશી એન્ટિ-ટેન્ક મિસાઈલ ટેન્ડમ હાઈ એક્સપ્લોઝિવ એન્ટિ-ટેન્ક હથિયારથી સજ્જ છે, જે અત્યાધુનિક એક્સપ્લોઝિવ રિએક્ટિવ આર્મર બખ્તર સાથે બખ્તરબંધ વાહનોને વીંધી શકે છે. મતલબ કે આજના સમયની કોઈપણ ટેન્ક કે બખ્તરબંધ વાહન આમાંથી બચી શકશે નહીં.

# સરદાર સરોવર ડેમના ઉપરવાસમાંથી પાણી આવક ઓછી થતા ડેમની જળસપાટી 21 સેમી ઘટી

## હજુ 9 દરવાજામાંથી કુલ 1.56 લાખ ક્યુસેક પાણી છોડાઇ રહ્યું છે





ભરત શાહ દ્વારા,રાજપીપળા

નર્મદા ડેમ ઉપરવાસમાંથી પાણીની આવક માં હવે ધીરે ધીરે ઘટાડો નોંધાઈ રહ્યો છે. અને નર્મદા કંટ્રોલ ઓથોરિટી આવક કરતા જાવક વધારી પુનઃ ડેમ બે મીટર ખાલી કરવાની કોશિશ કરી રહી છે એટલે ફરી વધુ પાણી છોડવામાં આવે તો નર્મદા ડેમ અને કાંઠાના ગામોને અસર ના પહોંચે. છેલ્લા ત્રણ દિવસ થી નર્મદા ડેમના 9 દરવાજા ખોલીને પાણી છોડાઈ રહ્યું છે. જેને કારણે નર્મદા નદીમાં 1.56 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવતા કાંઠાના ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. મંગળવારે સવારે નર્મદા ડેમની જળસપાટી 135.78 મીટરે હતી પાણીની આવક ઘટતા ધીરે ધીરે સાંજે ડેમની સપાટી 135.54 મીટરે પહોંચી છે. વધુમાં નદી તળ વિધુત મથક (R.B.P.H) ના 6 મશીનો દ્વારા 43897 ક્યુસેક પાણી નદી માં છોડવામાં આવે છે. સાથે 9 દરવાજા માંથી 90 હજાર મળી સરદાર સરોવર બંધમાંથી નર્મદા નદીમાં કુલ 1,56,650 ક્યુસેસ પાણી છોડવામાં આવી રહ્યું છે. સરદાર સરોવર બંધનાં નીચાણવાળા વિસ્તારમાં કોઈ દુર્ઘટના કે જાનહાની ના થાય તે માટે જરૂરી સુરક્ષા પગલાં લેવા અને નાગરિકોને સચેત રહેવા જણાવાયું છે. અસરગ્રસ્ત કરતા નાંદોદ, ગરૂડેશ્વર તેમજ તિલકવાડા તાલુકાના ગામોના નાગરિકોને સચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

# શ્રી મોડાસા એકડા વિશા ખડાયતા કોવાડીયા કેળવણી મંડળ મોડાસાની ઓલ ઇન્ડિયા લેવલની 80 મી વાર્ષિક સામાન્ય સભા મોડાસામાં યોજાઇ



રાકેશ મહેતા | ધનસુરા

શ્રી મોડાસા એકડા વિશા ખડાયતા કોવાડિયા કેળવણી મંડળ મોડાસાની 80મી વાર્ષિક સામાન્ય સભા મોડાસાના ભામાશા ઓડિટોરિયમ હોલ, કોલેજ કેમ્પસમાં યોજાઈ. જેમાં સમગ્ર ભારતભરમાંથી કોવાડીયાના જ્ઞાતિજનો આવ્યા હતા.મિટિંગની શરૂઆત પહેલા મોડાસા કોવાડીયા મિત્ર મંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સામાન્ય સભાની શરૂઆત મંગલાચરણ અને આશીર્વાદ ખડાયતા ગોર દ્વારા આપવામાં આવ્યા હતા. પ્રાર્થના સર્વોદય હાઈસ્કૂલ ના ગાયક વૃંદ દ્વારા રજુ કરવામાં આવી હતી. કોવાડીયા મિત્ર મંડળના પ્રમુખ અલ્પેશ એચ. શાહે સ્વાગત પ્રવચન રજૂ કર્યું હતું. ત્યારબાદ મંડળ વતી શબ્દોથી સ્વાગત મંત્રીશ્રી દિલીપભાઈ એન. શાહે કર્યું હતું. મીટીંગ ની શરૂઆત મંચસ્થ મહેમાનોએ દિપ પ્રાગટ્યથી કરી હતી. વર્ષ દરમિયાન અવસાન પામેલા જ્ઞાતિજનો ના આત્માને શાંતિ મળે તે માટે શોક ઠરાવ પસાર કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. મીટીંગ ની સફળતા માટે આવેલ સંદેશાઓનું વાંચન ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ જે મહેતાએ કર્યું હતું. ત્યારબાદ એજન્ડા મુજબ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ગત સભાનું પ્રોસિડિંગ મંત્રીશ્રી સ્નેહલભાઈ ઠેકડીએ કર્યું હતું. વર્ષ 2023 24 ના હિસાબો અને અહેવાલ આંતરિક ઓડિટર પ્રકાશભાઈ મહેતાએ રજૂ કર્યા હતા. વર્ષ 2024 25 ના ઓડિટરશ્રીની નિમણૂક મંત્રી શ્રી હરેશભાઈ શાહે કરી હતી.ત્યારબાદ ધોરણ 10 ધોરણ 12 અને કોલેજ કક્ષાએ સૌથી વધુ ગુણ મેળવનાર જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈઓ બહેનોનું સન્માન શિલ્ડ મોમેન્ટો અને મેડલથી કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન દાન આપનાર દાતાશ્રીઓનું સન્માન શિલ્ડ મોમેન્ટો અને શાલથી કરવામાં આવ્યું હતું. ત્યાર પછી વર્ષ દરમિયાન જ્ઞાતિજનોએ જે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તે બદલ તેમનું સન્માન પણ શિલ્ડ અને બુકે થી કરવામાં આવ્યું હતું.ચાલુ વર્ષે કેળવણી મંડળના પ્રમુખશ્રી ડો. રાકેશભાઈ સી મહેતા એ વર્ષ દરમિયાન રૂપિયા 71 લાખ જેટલું માતબર દાન લાવી મંડળના ઈતિહાસમાં એક મોરપીછનો ઉમેરો કર્યો છે તે બદલ તેમનું ભવ્ય સન્માન શિલ્ડ મોમેન્ટો શાલ બુકે થી મંચસ્થ સૌ મહેમાનોએ કર્યું.



નિતીન ઠાકર, ચાણસ્મા

ચાણસ્મા તાલુકા ના ધાણોધરડા પ્રાથમિક શાળા ના તમામ બાળકોને અસાહી ગ્લાસ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ તરફથી ગણવેશ વિનામૂલ્ય આપવામાં આવ્યો આ પ્રસંગે કંપનીના એચ આર વિભાગમાંથી જયતી દુબે મેડમ , દીપક ભાઈ , હિરેનભાઈ મોઢવાડિયા તથા શિક્ષણ વિભાગમાંથી સુરેશભાઈ દેસાઈ બીટ કેળવણી નિરીક્ષક ચાણસ્મા, તથા ગામના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા. અને દરેક ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દરેક બાળકોને ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું. આ તબક્કે ધાણોધરડા પ્રાથમિક શાળાના આચાર્ય પ્રકાશભાઈ પટેલે દરેકનો આભાર માન્યો આ ઉપરાંત શાળાના આચાર્યશ્રી પ્રકાશભાઈ ના પ્રયત્ન થકી સરકાર ની ટ્રાન્સપોર્ટેશન યોજનાનું લાભ બાળકો સુધી પહોંચે તે માટે ત્રણ કિલોમીટરથી દૂરથી આવતા બાળકોને વિનામૂલ્ય ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ચાલુ કરવામાં આવેલ છે જેમાં 20 એક બાળકો આ યોજનાનો લાભ લે છે.

# ડેડીયાપાડામાં ઝોલછાપ ડોક્ટરો પર પ્રતિબંધ મૂકવા આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા પરિષદની પ્રાંતને રજૂઆત કરવામાં આવી

## ગ્રામ્ય વિસ્તારોમાં પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સહિત અલગ અલગ રાજ્યોમાંથી નકલી મેડિકલ તેમજ નકલી દવાઓ સહિત ડિગ્રી વગરના ડોક્ટરોનો ધંધો ધમધમે છે

ભરત શાહ દ્વારા - રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક ગામડાઓમાં નકલી ઝોલાછાપ ડોક્ટરો નો રાફડો ફાટી નીકળ્યો છે, ત્યારે આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા પરિષદ નર્મદા જિલ્લા બોર્ડનાં ચેરમેન સર્જન વસાવા અને દક્ષિણ ગુજરાત ચેરમેન ડૉ.અશ્વિન વસાવા એ ટીમ સાથે ડેડીયાપાડા પ્રાંત અધિકારી ને રજૂઆત કરી હતી.



ડેડીયાપાડા ના ગામડાઓમાં પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સહિત અલગ અલગ રાજ્યો માંથી નકલી મેડિકલ તેમજ નકલી દવાઓ સહિત ડિગ્રી વગરના ડોક્ટરો કાર્યરત છે આવા નકલી ડોક્ટરોના લીધે માનવ જીવન ખતરામાં છે, ત્યારે એક્ષપાયરી તેમજ નકલી દવાઓ આપી અજ્ઞાન લોકોનાં સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે, જો સરકાર આવા નકલી ડોક્ટરો ને છાવરતી હોય તો ઘણા ગ્રેજ્યુએટ યુવાનો ને ગામે ગામ દવાખાના ખોલી દેવા માટે છૂટછાટ આપી દેવી જોઈએ જેથી બેરોજગારીનો પ્રશ્ન પણ હલ થઈ જાય, ત્યારે આવા નકલી ડોકટરો પર કાયદેસરની કાર્યવાહી કરી યોગ્ય પગલાં લેવામાં આવે તેવી આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા પરિષદની ટીમે લેખિતમાં રજૂઆત કરી હતી. હવે જોવું એ રહ્યું કે આ બાબતે આદિવાસી લોકોના સ્વાસ્થ્ય સાથે જે ચેડા થઈ રહ્યા છે એ બાબતે પ્રાંત અધિકારી નકલી ડોકટરો પર લગામ લગાવે છે કે કેમ.

નિતીન ઠાકર ચાણસ્મા

દેશભરમાં અગામી ૭૮ મી ૧૫ મી ઓગસ્ટ ની ધામધુમથી ઉજવણી ની તૈયારી ના ભાગ રૂપે દેશવાસી ઓ માં દેશ પ્રેમ ની ભાવના વધે દિવંગત શહિદ વીરો ની વિરાંજલી ને યાદ કરી શકીએ તેવા શુભ હેતું સર



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા તિરંગા યાત્રા થકી જન જાગ્રુતી લાવવા તિરંગા યાત્રા દેશભર માં કાઢવા આહવાન કરાયું છે ત્યારે હારીજ નગરપાલિકા ખાતે થી સાંસદ ભરતસિંહ ડાભી ની ઉપસ્થિતી માં તિરંગા યાત્રા નો શુભારંભ થયો હતો હારીજ ના રાજમાર્ગો પર ભારત માતા કી જ્ય શહીદો અમર રહો ના બુલંદ નારા લગાવી હારીજ નગરવાસી ઓ માં દેશપ્રેમ ઉદ્ભભવીત થાય તેવા હેતુ સાથે તિરંગા યાત્રા નું પરીભ્રમણ કરાવી હારીજ પાલિકા ખાતે પરત ફરતાં તિરંગાયાત્રા યાત્રા નું સમાપન થયું હતું હતું આ યાત્રા માં પૂર્વ કેબીનેટ મંત્રી દિલીપ જી ઠાકોર જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ.દશરથજી ઠાકોર મહિલા અગ્રણી મમતા બેન દેશાઈ સહિત રાજકીય અગ્રણી ઓ શાળા ના વિદ્યા.ર્થી ઓ નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# દરિયાઇ 108 એમ્બ્યુલન્સ માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતી સંસ્થા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ

કિશોર આર. સોલંકી, જાફરાબાદ

જાફરાબાદ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દરિયાઇ ૧૦૮ એમ્બ્યુલન્સ માટે દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ને લખ્યો પત્ર દ્વારા જણાવાયું કે ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર ના દરિયામાં માછીમારી કરતા સાગરખેડૂ ભાઈઓ ને દરિયાઇ એમ્બ્યુલન્સ ૧૦૮ ન હોવાને કારણે પોતાની જાન ગુમાવવાના અસંખ્ય કિસ્સાઓ માં દર વર્ષે એક સોથી વધારે સાગરખેડૂ અકસ્માત, બિમારી, હાર્ટએટેક, જેવી બીમારી માં તાત્કાલિક સારવાર ન મળતાં મૃત્યુ થતું હોય છે. જો દરિયાઇ ૧૦૮ એમ્બ્યુલન્સ હોય તો દુર દુર સુધી મધદરિયે માછીમારી કરતા સાગરખેડૂ બીમાર, કે અકસ્માત, હાર્ટએટેક, ગંભીર રીતે ઘવાયેલા માછીમારો ને તાત્કાલિક સારવાર મળી રહે અને તેઓ નો અનમોલ જીવ બચાવી શકાય તે માટે




દરિયાઇ ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવણી કરવામાં આવે સાગરખેડૂ ઓ રાત-દિવસ મધદરિયે માછીમારી કરી દરિયા ના પેટાળમાંથી માછલીઓ પકડી પોતાનું જીવન ગુજરાન ચલાવતા હોય છે. અકસ્માત તથા બિમારી થી એક સો થી વધારે માછીમારો ના મૃત્યુ થાય છે. ગુજરાત ના દરિયાકાંઠાના બંદરો માટે ઈમરજન્સી સ્પીડ બોટ દરિયાઇ ૧૦૮ સાત એમ્બ્યુલન્સ માટે ગુજરાત હાઈકોર્ટે માં રીટ પીટીશન પણ કરવામાં આવી હતી તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૮૯/૨૦૧૭ ના હુકમ પણ કરેલ જેમાં ગુજરાત સરકાર દ્વારા બે દરિયાઇ ૧૦૮ મેડિકલ એમ્બ્યુલન્સ ચાલુ કરવામાં આવી છે. પરંતુ અન્ય બંદરો માટે પાંચ દરિયાઇ એમ્બ્યુલન્સ ચાલુ કરવાની બાકી છે. હાલમાં સાગરખેડૂ ની ફિશિંગ નજીક ના સમયમાં કે જે તા/૧૫/૦૮/૨૦૨૪ થી ચાલુ થઈ રહી હોય નવી સિઝન માં માછીમારી કરતા ખલાસીઓ બિમારી તથા અકસ્માત કે હાર્ટએટેક, જેવી ગંભીર બીમારી માં અનમોલ માનવ જીંદગી તાત્કાલિક સારવાર ન મળવાને કારણે મોતના મુખમાં હોમાઈ છે.

# જાફરાબાદ બંદરચોકમા અનાજ ભરેલા ટ્રકના વિલ ભૂગર્ભ ગટરમાં ઘૂસી ગયા

કિશોર આર. સોલંકી, જાફરાબાદ

જાફરાબાદ બંદર ચોકમાં રાહતની દુકાને અનાજની બોરીઓ થી જામ ભરેલા ટ્રકના વીલ ભૂગર્ભ ગટર માં ઘુસી ગયા હતા અને ટ્રક એકબાજુ નમી જતા તેમાંથી અનાજની બોરીઓ નીચે પડી ગઈ હતી આ ઘટના સવારના બની હોત તો મોટી દુર્ઘટના ઘટી હોત કેમ કે આ બંદર ચોકમાં અને જ્યાં ઘટના ઘટી ત્યાંથી મોટી માત્રામાં લોકોની અવર-જવર રહેતી હોય છે. તેમજ અહીં નાગરિકો ની બેઠક પર હોય છે. અને ટુ વ્હીલર પર લોકો પાર્કિંગ કરતા હોય અને આ બંદચોક ભરચક્ક વિસ્તાર હોય પરંતુ આ ઘટના બપોરના અરસામાં આ ઘટના ઘટી હતી તે સમયે અહીં દુકાનો બંધ હોવાથી તથા લોકોની બપોરના સમયે ત્યા કોઈ ન હોવાને કારણે આ ઘટના ઘટી હતી આ ભૂગર્ભ ગટર સાવ જર્જરિત હોય પરંતુ પાલિકા ના ધ્યાન ઉપર કેમ નથી આવતું આ ભૂગર્ભ ગટર બાબતે થોડા દિવસો પહેલા અખબાર માં સમાચાર પ્રસિદ્ધ



થયા હતા તે ખુલ્લી ગટર સાવ ટુટેલી અને ખુલ્લી હાલતમાં હતી તે ઢાંકવામાં આવી હતી પરંતુ આ ભૂગર્ભ ગટર જર્જરિત હોવાથી ટ્રક તથા ભાર વાહનો મોટી દુર્ઘટના ઘટી શકે તેમ હોય આ ઝળુંબતુ મોત સમાન ભૂગર્ભ ગટર પાલિકા દ્વારા જનતા જનાર્દન ના હિતમાં તાત્કાલિક ધોરણે નવનિર્માણ કરવામાં આવે અને કોઈ મોટી દુર્ઘટના ઘટે અને અનમોલ માનવ જીંદગી ન જોખમાય તે પહેલાં પાલિકા દ્વારા પાણી પહેલા પાળ બાંધી આ ઝળુંબતુ મોત ને દુર કરી નવનિર્માણ કરવામાં આવે તેવી અહીં ના રાહદારીઓ માંથી માંગ ઉઠી છે.

# હર ઘર તિરંગા અંતર્ગત ગળતેશ્વર તાલુકામાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઇ



અશેષ વ્યાસ, ખેડા

૭૮ માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી જ્યારે ખેડા જિલ્લામાં થનાર છે ત્યારે ગળતેશ્વર તાલુકા માં પણ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી જેમાં તિરંગા સાથે દેશભક્તિ ના નારા નારા લગાવ્યા હતા આ ભવ્ય તિરંગા યાત્રા સેવાલિયા સેવા સદન થી જોગણી માતાજીના મંદિર સુધી નિકળી હતી જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાઈને દેશભક્તિ મય વાતાવરણ બનાવ્યું હતું.

# 15 થી 18 ઓગસ્ટ સુધી એસ પી રીંગ રોડ પર વટવા સ્થિત રોડ ઓવર બ્રિજ (આરઓબી) નં. 713 A ની એક લાઇન રોડ ટ્રાફિક માટે બંધ રહેશે

અમદાવાદ । તા.13

મંડળ પર એસ.પી. રીંગ રોડ વટવા સ્થિત રોડ ઓવર બ્રીજ (આરઓબી) નં. 713A (રોપડા બ્રિજ) કિ.મી. 485/5-6 ની એક લાઈન (ઉત્તરી બાજુ) વટવાથી હાથીજણ સર્કલ સુધી 15 ઓગસ્ટ 2024 થી 18 ઓગસ્ટ 2024 સુધી ચાર દિવસ માટે સ્ટ્રેથનીંગ અને લોડ પ્રશિક્ષણ કાર્ય માટે બંધ રહેશે. રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન, રોપડા બ્રિજની ઉત્તર બાજુ નો ટ્રાફિક રોપડા બ્રિજ થઈને એક તરફનો રોડ ચાલુ છે.જેનો ઉપયોગ કરીને દક્ષિણ દિશામાં હાથીજણ તરફ જઈ શકશે. રોપડા બ્રિજની દક્ષિણ બાજુનો ટ્રાફિક રોપડા બ્રિજ પરથી એક તરફનો રોડ ચાલુ છે જેનો ઉપયોગ કરીને ઉત્તર બાજુએ અસલાલી તરફ જઈ શકે છે.

# પશ્ચિમ રેલવે અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે વિશેષ ટ્રેન દોડાવશે

અમદાવાદ । તા.13

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ અમદાવાદ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે વિશેષ ભાડા પર ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર 09054/09053 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સ્પેશિયલ (કુલ બે ટ્રીપ) ટ્રેન નંબર 09054 અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ગુરુવાર, 15 ઓગસ્ટ 2024 ના રોજ અમદાવાદથી સવારે 08:45 વાગ્યે ઉપડશે અને તે જ દિવસે 17:15 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09053 બાંદ્રા ટર્મિનસ-અમદાવાદ સ્પેશિયલ બુધવાર,14 ઓગસ્ટ 2024 ના રોજ બાંદ્રા ટર્મિનસથી 21:30 કલાકે ઉપડશે અને બીજા દિવસે 05:30 કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વલસાડ, વાપી, પાલઘર અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ ના કોચ હશે. ટ્રેન નંબર 09054 નું બુકિંગ તા.14.08.2024 થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે તથા ટ્રેન નંબર 09053 નું બુકિંગ ચાલુ છે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## બાળ કેળવણી મંદીર ખાતે વિચરતી વિમુક્ત જાતિના સરાણીયા, દેવીપૂજક સહિત સમાજના બાળકોના વાલીઓનું વાલી સંમેલન માનવ મંદિરના પૂજ્ય ભકતિરામ બાપુની ઉપસ્થિતિમાં શિક્ષણનું મહત્વ વિવિધ દ્રષ્ટાંતો સાથે આયોજન કરાયું



અશોક મણવર અમરેલી

અમરેલીના બગસરા શહેરમાં આવેલ બાળ કેળવણી મંદીર અને વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિચરતી અને વિમુક્ત જાતિના સરાણીયા, દેવીપૂજક સહિત અન્ય સમાજના બાળકોના વાલીઓનું વાલી સંમેલન વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટના દેવચંદભાઇ સાવલીયાના માર્ગ દર્શન અન્વયે સંસ્થા દ્વારા સ્લમ વિસ્તારમાં ચાલતાં સાત જેટલા બાળ સંસ્કાર કેન્દ્રો અને પન્ના પ્રદીપ બાળ સંસ્કાર કેન્દ્રના ૧૦૦ ઉપરાંત વાલીઓની ઉપસ્થિતિમાં સંવાદ કરવામાં આવ્યો જેમાં સાવરકુંડલા માનવ મંદિરના પરમ પૂજ્ય ભકતિરામ બાપુએ શિક્ષણનું મહત્વ વિવિધ દ્રષ્ટાંતો સાથે સમજૂત કરાયા આ સંમેલનમાં સંસ્થાના બાળકો,વાલીઓ, કાર્યકરો અને શુભેચ્છકોએ પોતાના વિચારો રજૂ કર્યા સૌનો એક સૂર હતો કે સંસ્કાર સાથે ની કેળવણી આપનાર સંસ્થાને મદદરૂપ બની એ, તે આપણાં સૌના હિતમાં જણાવેલ.

# શામગહાન ખાતે વિશ્વ આદિવાસી દિન ડાંગીજનોનાં સાંસ્કૃતિક વારસાની ઝલક બતાવી જૂની યાદોને જીવંત કરવામાં આવી

સુશીલ પવાર, ડાંગ

ડાંગ જિલ્લાનાં શામગહાન ખાતે આદિવાસી યુવા મંચ તથા Step of inspiration-ડાંગનાં નેજા હેઠળ પારંપારિક વેશભૂષામાં સજ્જ થઈ પ્રથમ પ્રકૃતિનાં દેવી દેવતાઓની પૂજા કર્યા બાદ બળદગાડા સાથે જાહેરમાર્ગો પર રેલી કાઢી ડાંગીજનોનાં સાંસ્કૃતિક વારસાની ઝલક બતાવી જૂની યાદોને જીવંત કરવામાં આવી...

ડાંગીજનોનો નાતો પ્રાચીન સમયથી પ્રકૃતિ સાથે જોડાયેલ જોવા મળે છે.ડાંગીજનો પ્રકૃતિ સાથે જોડાયેલ હોવાથી વાર તહેવારોમાં પ્રકૃતિનાં દેવી દેવતાઓની પૂજન કરે છે.એટલે જ આ પ્રકૃતિ પૂજક આદિવાસીઓ પ્રકૃતિનાં પ્રથમ અંશ અને વારસદાર તરીકે ઓળખાય છે.ડાંગ જિલ્લામાં આદિવાસી જન સમુદાયનો સાંસ્કૃતિક વારસો જળવાઈ રહે તે માટે દર વર્ષે ૯મી ઓગષ્ટનાં રોજ વિશ્વ આદિવાસી દિવસની હર્ષો ઉલ્લાસભેર રીતે ઉજવણી કરવામાં આવે છે.આ અનેરો દિવસ તમામ આદિવાસીઓ માટે સાંસ્કૃતિક વારસાનાં મૂલ્યોનું જતન તથા સંવર્ધનની શીખ આપે છે.ત્યારે ચાલુ વર્ષે પણ





ડાંગ જિલ્લાનાં આહવા,વઘઇ,સુબિર અને સાપુતારા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં ડાંગ જિલ્લાનું શામગહાન ગામ પણ પાછળ પડયુ નોહતુ.ડાંગ જિલ્લાનાં શામગહાન ગામે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી ભલે સાદગીપૂર્ણ માહોલમાં દેખાઈ પરંતુ શામગહાન વિસ્તારનાં આદિવાસી યુવા મંચ તથા Step of inspiration યુનિટનાં નેજા હેઠળ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં પ્રથમ પ્રકૃતિનાં દેવી દેવતાઓની પૂજા કરવામાં આવી હતી.બાદમાં પારંપરિક વેશભૂષામાં સજ્જ થઈ બળદગાડામાં સવાર થઈ જાહેર માર્ગો પર રેલી કાઢી ખરા અર્થમાં આદિવાસી દિવસની ઉજવણી કરી સમાજને અનેરો સંદેશો આપ્યો હતો.વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી પ્રસંગે શામગહાન આદિવાસી યુવા મંચ તથા Step of inspiration - ડાંગ યુનિટનાં નેજા હેઠળ આ વર્ષે શામગહાન ખાતે ભવ્ય સાંસ્કૃતિક રેલીનું આયોજન કરાયુ હતુ.આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવા શામગહાન ગામે વાઘદેવ પાસે પુજા અર્ચના કરાયા બાદ પારંપરિક સંગીત, બળદગાડા, પાવરી - માદળ , કાહળયા તથા ડાંગી નૃત્ય સાથે રેલીની શરૂઆત થઈ હતી.



લીમખેડા તાલુકાની ડકારા ગામે પણ પ્રાથમિક શાળા પરિવાર વતી ગામમાં તિરંગા યાત્રા યોજવામાં આવી.જે અંતર્ગત ગ્રામજનો દ્વારા તિરંગા યાત્રાને આવકારવામાં આવી.અને શાળાના બાળકોએ સતત દેશદાઝ ના નારા ચાલું રાખ્યા, ખરેખર અદ્ભુત વાતાવરણ સર્જાયું.

- દિપક રાવલ દાહોદ

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સાધુ બની જૂનાગઢમાં સંતાયો ને ત્રણ મહિને ઝડપાયો

## સુરતમાં ભત્રીજાએ બદનામ કરતો વીડિયો પોસ્ટ કર્યો, વૃદ્ધે આબરૂ જવાના ડરથી એસિડ પી આપઘાત કર્યો



(એજન્સી)સુરત | તા 13

સુરતના અમરોલી વિસ્તારમાં રહેતા વૃદ્ધ બાબુલાલ સચાણિયાએ 27 એપ્રિલ, 2024ના રોજ આત્મહત્યા કરી લીધી હતી. તેમના સગા ભત્રીજાએ સોશિયલ મીડિયામાં બદનામ કરતી પોસ્ટ ફરતી કરતાં પોતાની આબરૂ જવાના ડરથી ગભરાઈ જઈને એસિડ ગટગટાવી લેતાં મોત થયું હતું, જેને પગલે તેમના દીકરાએ પિતાને આપઘાત કરવા મજબૂર કરનાર પિતરાઈ ભાઈ દીપક વિરુદ્ધ અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જૂનાગઢમાં સાધુ બનીને છુપાયેલા આરોપી દીપકની આજે પોલીસે ધરપકડ કરી છે. વૃદ્ધ માનસિક રીતે હતાશ થઈ ગયા હતા મરોલી સ્થિત ભક્તિ હાઈટ્સમાં રહેતા બાબુલાલ પ્રભુદાસ સચાણિયા (ઉ.વ.70)ને બદનામ કરતી પોસ્ટ પાંચ માસ અગાઉ સોશિયલ મીડિયામાં ભત્રીજા દીપક રમણિકભાઈ સચાણિયા (રહે.ખોપાળા, તા.ગઢડા, જિ.બોટાદ)એ અપડેટ કરી હતી. સમાજમાં પોતાની ખોટી રીતે બદનામી થઈ હોવાના કારણે સમાજના મોભી તરીકેનું સ્થાન ધરાવતા બાબુલાલ માનસિક રીતે હતાશ થઈ ગયા હતા.બાબુલાલે ગત 27 એપ્રિલ 2024ના રોજ મધરાતે એસિડ પી લીધું હતું. આ અરસામાં જ દીકરો નરેશ પાણી પીવા ઊઠ્યો ત્યારે તેના પિતાને હેડકી આવતી હોવાથી તરત જ તેમની પાસે દોડી ગયો હતો. બાબુલાલે ઈશારો કરી ટીવીની બાજુમાં મૂકેલી એસિડની બોટલ અને તેની બાજુમાં મૂકેલી ડાયરી બતાવી હતી. જેથી નરેશ ચોંકી ગયો અને ડાયરી જોતાં એમાં લખ્યું હતું કે દીપક રમણિક સચાણિયાએ પોતાની બદનામી કરતો વીડિયો વાઈરલ કર્યો હોવાથી આઘાત લાગતાં એસિડ પી લીધું હતું. ત્યાર બાદ બાબુભાઈને તેમનો દીકરાએ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. પિતા બાબુલાલને બદનામ કરતાં આપઘાત કરવા માટે મજબૂર કરનાર પિતરાઈ ભાઈ દીપક સચાણિયા વિરુદ્ધ રત્નકલાકાર નરેશ ઉર્ફે બકુલ બાબુલાલ સચાણિયાએ અમરોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યાર પછી પોલીસની પકડથી સતત ભાગતો ફરતો દીપક સૌરાષ્ટ્રના જૂનાગઢમાં આવેલી ગૌશાળામાં સાધુ બનીને રહેતો હતો. એ અંગેની બાતમી મળતાં અમરોલી પોલીસે જૂનાગઢથી દીપકને દબોચી લઈને કસ્ટડી ભેગો કર્યો હતો. અમરોલી પોલીસ મથકના પીઆઈ જે.બી.વનારની સૂચના મુજબ સર્વેલન્સ સ્ટાફે દીપકને પકડી પાડીને ધરપકડ કરી હતી. આ અરસામાં જ દીકરો નરેશ પાણી પીવા ઊઠ્યો ત્યારે તેના પિતાને હેડકી આવતી હોવાથી તરત જ તેમની પાસે દોડી ગયો હતો. બાબુલાલે ઈશારો કરી ટીવીની બાજુમાં મૂકેલી એસિડની બોટલ અને તેની બાજુમાં મૂકેલી ડાયરી બતાવી હતી. જેથી નરેશ ચોંકી ગયો અને ડાયરી જોતાં એમાં લખ્યું હતું કે દીપક રમણિક સચાણિયાએ પોતાની બદનામી કરતો વીડિયો વાઈરલ કર્યો હોવાથી આઘાત લાગતાં એસિડ પી લીધું હતું. ત્યાર બાદ બાબુભાઈને તેમનો દીકરાએ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. તેમના સગા ભત્રીજાએ સોશિયલ મીડિયામાં બદનામ કરતી જઈને એસિડ ગટગટાવી લેતાં મોત થયું હતું, જેને પગલે ફરિયાદ નોંધાવી હતી. જૂનાગઢમાં સાધુ બનીને છુપાયેલા આરોપી દીપકની આજે પોલીસે ધરપકડ કરી છે.

## ન્યૂઝ કોર્નર

### ભાવનગરમાં વરસાદી માહોલ: મહુવા પંથકમાં એક ઈંચ ખાબક્યો

ભાવનગર શહેર અને જિલ્લામાં શ્રાવણી સરવડામાં મહુવા પંથકમાં એક ઈંચ વરસાદ ખાબક્યો હતો, જ્યારે અન્ય જિલ્લાઓમાં હળવા ઝાપટાઓ વરસી રહ્યા છે જેમાં ઉમરાળા, સિહોર, વલ્લભીપુર, ભાવનગર તથા ઘોઘા પંથકમાં શ્રાવણી સરવડા વરસ્યા હતા, ભાવનગર જિલ્લામાં સરેરાશ માત્ર 4.9 mm જેટલો વરસાદ વરસ્યો હતો. છેલ્લા 24 કલાકમાં ભાવનગરમાં પડેલ વરસાદના ભાવનગરમાં - 2 મિમી, ઘોઘામાં - 4 મિમી, સિહોરમાં - 2 મિમી, ગારીયાધારમાં - 0 મિમી, પાલીતાણામાં - 0 મિમી, તળાજામાં - 0 મિમી, મહુવામાં - 25 મિમી તથા જેસરમાં - 0 મિમી વરસાદ વરસ્યો હતો, આમ, ભાવનગર જિલ્લાના 10 તાલુકા માંથી 6 તાલુકામાં ઝરમર વરસાદ જ્યારે 4 તાલુકાઓ વરસાદથી વંચિત રહ્યા હતા.

### ગારિયાધારની સમસ્યાઓને લઇને આપ દ્વારા રજૂઆત કરવામાં આવી

ગારિયાધાર નગરપાલિકામાં હાલમાં વહીવટી શાસન છે ત્યારે શહેરમાં અનેક સમસ્યાઓ દિવસે દિવસે વધતી જાય છે. જેમાં ગટરના ઢાંકણાઓ તૂટી ગયેલા રોડ પર ખાડાઓ વરસાદને કારણે ખાડામાં પાણી ભરાય છે. વિવિધ સમસ્યાને લઈને વલ્લભભાઈ એમ. માણીયા શહેર પ્રમુખ આમ આદમી પાર્ટી ગારિયાધાર દ્વારા ચીફ ઓફિસર તેમજ વહીવટદારને રજૂઆત કરાય છે કે ગારિયાધાર શહેરમાં દિન પ્રતિદિન સમસ્યાઓ વધતી જાય છે. જેમકે ગટરના ઢાંકણા તૂટેલા રોડ પર ખાડાઓ વરસાદના કારણે ખાડાઓ ભરેલા હોવાથી વાહન ચાલકોને ખાડાઓ દેખાતા નથી. તેના કારણે ઘણા અકસ્માતો થાય છે. જેમકે આશ્રમ રોડ શક્તિ વસ્ત્ર ભંડારની સામે તથા સિયારામ રેડીમેન્ટ સામે ગટરના ઢાંકણા બિલકુલ તૂટી ગયેલ છે. દરરોજ બેથી ત્રણ લોકો પડે છે તો આ બાબતે ચીફ ઓફિસર તથા મામલતદારને વહેલી તો કે નિરાકરણ લાવવા જણાવ્યું હતું.

## 10 વર્ષના વિઝા મળતા અમેરિકા જવાની હતી

# ટ્રકચાલકે વિદ્યાર્થિનીને કચડી નાખી, એક્ટિવાને હડફેટે લેતા સગીરાનું મોત







### મામા-માસીની બહેનો ભેગી થઇ હતી

મામા અને માસીની બહેનો સમા ખાતે આવેલા મામાના ઘરે રક્ષાબંધન પહેલાં ભેગાં થયાં હતાં. ત્યાંથી ખરીદી કરવા નીકળ્યાં હતાં અને પરત સમા આવી રહ્યાં હતાં. આ દરમિયાન અકસ્માત થયો હતો.

વડોદરા | તા 13

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં એક્ટિવા પર જઈ રહેલી વિદ્યાર્થિઓને પૂરપાટ ઝડપે જઈ રહેલી આઈસર ટ્રકે ટક્કર મારતાં ધોરણ 12મા અભ્યાસ કરતી સગીરાનું મોત થયું છે. ચાર રસ્તા પરની અકસ્માતની સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ છે. જેમાં દેખાઇ રહ્યું છે કે, ટર્ન લઈ રહેલી એક્ટિલાચાલક વિદ્યાર્થિનીને પાછળથી આવતી ટ્રકના ચાલકે હડફેટે લીધી હતી. જેમાં એક વિદ્યાર્થિની પર ટ્રકનું ટાયર ફરી વળતા હાથ અને નાકમાંથી લોહી વહેવા લાગ્યું હતું. સગીરાને સારવાર મળે તે પહેલાં જ મોત નીપજ્યું હતું. આ મામલે કારેલીબાગ પોલીસે ટ્રકચાલકની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, અકસ્માતે મોતને ભેટનાર વિદ્યાર્થિનીને 10 વર્ષના વિઝા મળતા તે એક મહિનાની અંદર જ અમેરિકા જવાની હતી, પરંતુ કાળ બનીને આવેલી ટ્રક તેને ભરખી ગઈ હતી. લોકોનું ટોળું ઘટનાસ્થળે એકઠું થઈ ગયું.

### મૃતક ખરીદી કરીને ઘરે પરત ફરી રહી હતી

વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતી 17 વર્ષીય વિદ્યાર્થિનીએ કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, હું અને મારા માસીની દીકરી કેયા દિનેશભાઇ પટેલ (ઉં.વ.17) તથા મારી મામાની દીકરી હીર અમીતભાઇ પટેલ તથા મારી ફ્રેન્ડ આયસી અમે ઘરેથી મારું એક્ટિવા તથા હીરનું સ્કૂટર લઇને બપોરના આશરે ચારેક વાગે પાણીની ટાંકી સર્કલ પાસે આવેલ બોમ્બે સેલમાં ખરીદી કરવા ગયાં હતાં. પોલીસે આરોપી આઈસર ટ્રકચાલક હરીશ ગોહિલની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. અકસ્માતની ઘટના CCTVમાં કેદ અકસ્માતની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી. જેમાં સ્પષ્ટ દેખાય છે કે, આઈસર ચાલકે એક્ટિવા લઈને જઈ રહેલી ત્યાં લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં અને તરત જ પોલીસ અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

**પાછળથી પૂરઝડપે આવતી ટ્રકે ટક્કર મારી :** અમે ખરીદી કરી સાંજે પરત ઘરે જતાં હતાં, તે વખતે મારું એક્ટિવા કેયા ચલાવતી હતી અને હું તેની પાછળ બેઠી હતી અને અમો બોમ્બે સેલથી આગળ મુક્તાનંદ તરફ જતા રોડ પરથી યુ ટર્ન મારી પાણીની ટાંકી સર્કલથી અમિતનગર તરફ જતા હતા, તે વખતે પાણીની ટાંકીના સર્કલથી અમે અમિતનગર તરફ જવા એક્ટિવાને ટર્ન મારતા હતા, તે વખતે એક આઇસર ટ્રકચાલકે પૂરઝડપે ટ્રક ચલાવીને અચાનક ટર્ન મારી અમારા એક્ટિવાને ટક્કર મારી હતી. જેથી હું નીચે પડી ગઈ હતી અને મને ડાબા પગના પંજા અને ડાબા પગના ઘૂંટણ પર ઈજા થઈ હતી. જેમાં સ્પષ્ટ દેખાય છે કે, આઈસર ચાલકે એક્ટિવા લઈને જઈ રહેલી વિદ્યાર્થિનીને કચડી નાખી હતી. ત્યારબાદ ત્યાં લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં અને તરત જ પોલીસ અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

### સગીરના નાકમાંથી લોહી નીકળવા લાગ્યું

હું ઊભી થઇને જોતા મારી માસીની દીકરી કેયા એક્ટિવા સાથે નીચે પડી હતી અને તેને નાકમાંથી અને જમણા પગના ઘૂંટણ પરથી લોહી નીકળતું હતું અને બેભાન થઇ ગઈ હતી. જેથી ત્યાં હાજર પૈકી કોઇએ 108 નંબર ઉપર ફોન કરી એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જેથી એમ્બ્યુલન્સ આવતા પહેલાં મારા મામા હાર્દિકભાઈ પટેલ આવી ગયા હતા.જેથી હું તથા મારી મામાની દીકરી હીર અને હાર્દિક પટેલ કેયાને સારવાર માટે નવરંગ હોસ્પિટલ ખાતે લઇ ગયાં હતાં, તેઓએ ના પાડતા અમે શુકન હોસ્પિટલ લઇ જતાં તેઓએ વધુ સારવાર માટે સયાજી હોસ્પિટલ ખાતે લઇ જવા જણાવ્યું હતું. જેથી અમે સયાજી હોસ્પિટલ ખાતે લઇ ગયાં હતાં. તબીબોએ કેયાને મૃત જાહેર કરી હતી. આ મામલે મેં આઈસર ટ્રકના ચાલક સામે કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં સ્પષ્ટ દેખાય છે.



## રાજકોટનો લાંચિયો રાવણ; ભ્રષ્ટાચારનું દહન કરવામાં શાસકો નિષ્ફળ

(એજન્સી) રાજકોટ | તા 13

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનની દુર્ઘટના બની અને તેમાં 27 નિર્દોષ વ્યક્તિઓના મૃત્યુ થયા તે ઘટનાને આજે હજુ અઢી મહિના પણ પૂરા નથી થયા. આ ઘટનામાં ફાયર બ્રિગેડ અને ટી.પી. શાખાની ગંભીર ભૂમિકા તેમજ ભ્રષ્ટાચાર છાપરે ચડીને પોકાર્યા હતા. પોલીસે આ ઘટનાનું ચાર્જશીટ પણ રજૂ કરી દીધું છે. એસીબી તપાસ ચલાવી રહી છે. રાજકોટના લોકોને એવી હૈયાધારણા હતી કે, હવે ફાયર બ્રિગેડ અને ટી.પી. શાખામાંથી ભ્રષ્ટાચાર જડમૂળમાંથી ઉખડી જશે અને પારદર્શક વહીવટ શરૂ થશે, પરંતુ શહેરીજનોની આ આશા ઠગારી નિવડી છે. સરકારી તંત્રની અમુક કચેરીઓમાં માત્ર પૈસા લઈને જ સાચા કામ ખોટી રીતે થાય છે તે ફરી એક વખત પ્રાથમિક તબક્કે સ્પષ્ટ થઈ ગયું છે. સાગઠિયાના સાથીદાર ચીફ ફાયર ઓફિસર આઈ.વી. ખેરની પોલીસે ધરપકડ કરી જેલમાં ધકેલી દીધા છે. તેમના સ્થાને રાજકોટ ઝોન રિજિયોનલ ફાયર ઓફિસર અનિલ બેચર મારૂની ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. અનિલ મારૂ પાસેથી વેપારીઓ અને ઉદ્યોગપતિઓને આશા હતી કે, તેઓ ભ્રષ્ટાચાર આચર્યા વિના ફાયર એનઓસી કાઢી આપશે.

## રિપોર્ટ પહેલા અખાદ્ય મીઠાઈ ખવાઈ ગઈ તો?: સુરતમાં આરોગ્ય વિભાગે તહેવાર પહેલાં માવા વિક્રેતાઓના ત્યાં સેમ્પલ લેવાની કાર્યવાહી કરી

(એજન્સી)સુરત | 13

ખાણી-પીણીના શોખીન સુરતીલાલાઓ વાર તહેવારે અલગ-અલગ પ્રકારની મીઠાઈ આરોગવા માટે જાણીતા છે. ઘણી વખત મીઠાઈમાં વપરાતા માવાની ગુણવત્તા ઉપર શંકા ઊભી થતી હોય છે. અખાદ્ય માવો ખાવાથી આરોગ્યને નુકસાન પણ થઈ શકે છે. જેને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગે કાર્યવાહી શરૂ કરી છે. જેમાં શહેરના અલગ-અલગ ઝોનમાં માવા વિક્રેતાઓને ત્યાં પહોંચી સેમ્પલ લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

અલગ-અલગ ઝોનમાં સેમ્પલ લેવાના શરૂ કરાયા સુરત મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આજે શહેરના 8 ઝોનની અંદર મીઠાઈ વિક્રેતા અને માવા વિક્રેતાઓને ત્યાં જઈને સેમ્પલ લેવાનું શરૂ કરાયું હતું. ડેરીમાં તેમજ મીઠાની દુકાનમાં માવાનો વેચાણ પણ અલગથી કરવામાં આવે છે. ઘણા લોકો મીઠાઈની



દુકાનમાંથી મીઠાઈ લાવવાને બદલે પોતાની રીતે માવો લાવીને ઘરે જ મીઠાઈ બનાવતા હોય છે. આરોગ્ય વિભાગ દ્વારા માત્ર માવાનું વેચાણ કરતા હોય તેવા સ્થળ ઉપર જઈને અને ડેરી તેમજ મીઠાઈની દુકાને પણ માવાના સેમ્પલ લીધા હતા.

14 દિવસ બાદ રિપોર્ટ આવશે આરોગ્ય અધિકારીએ જણાવ્યું કે, આજે શહેરના અલગ-અલગ સ્થળેથી માવા વિક્રેતાઓને ત્યાંથી માવાના સેમ્પલ લેવાના શરૂ કરાયા છે. લેવામાં આવેલા સેમ્પલને પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવે છે. સામાન્ય રીતે ચૌદ દિવસમાં માવાની ગુણવત્તા અંગેનો રિપોર્ટ આવી જાય છે. છતાં અમે આગ્રહ કર્યો છે કે, 14 દિવસ કરતા વધુ ઝડપથી આ રિપોર્ટ આપવામાં આવે, જેથી કરીને જે પણ સેમ્પલમાં ભેળસેળ જણાય તેની સામે કાર્યવાહી કરી શકાય. અલગ-અલગ ઝોનમાં સેમ્પલ લેવાના શરૂ કરાયા સુરત મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આજે શહેરના 8 ઝોનની અંદર મીઠાઈ વિક્રેતા અને માવા વિક્રેતાઓને ત્યાં જઈને સેમ્પલ લેવાનું શરૂ કરાયું હતું. ડેરીમાં તેમજ મીઠાની દુકાનમાં માવાનો વેચાણ પણ અલગથી કરવામાં આવે છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

### સૌરાષ્ટ્ર યુનિ. 9 વર્ષથી NIRFના રેન્કિંગ વિનાની!

NIRF (નેશનલ ઇન્સ્ટિટયૂટ ફોર રેન્કિંગ ફ્રેમવર્ક) દ્વારા 2024ની દેશની ટોપ શૈક્ષણિક સંસ્થાના રેન્કિંગ જાહેર કરાયા છે. જેમાં ઓવરઓલ, યુનિવર્સિટી, એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, કોલેજ, ફાર્મસી, મેડિકલ, લો, આર્કિટેક્ચર, ડેન્ટલ અને રિસર્ચ સામેલ છે. છેલ્લા ઘણા સમયથી ગુજરાતના શિક્ષણને લઈને અનેક ચર્ચાઓ જાગી છે ત્યારે NIRFના 2024ના રેન્કિંગમાં યુનિવર્સિટીની કેટેગરીમાં રાજ્યની એકમાત્ર સરકારી યુનિવર્સિટી ગુજરાત યુનિવર્સિટીને ટોપ-100 યુનિવર્સિટીમાંથી 76મા ક્રમે સ્થાન મળ્યું છે.

### આલ્કોકને પુન: જીવન મળે તો શિપ બિલ્ડીંગમાં ભાવેણાનો સૂર્યોદય શક્ય

ભારતનું સ્થાન 2030 સુધીમાં ટોચના 10 દેશોમાં અને 2047 સુધીમાં ટોચના પાંચમાં સ્થાન મેળવવાનું લક્ષ્ય કેન્દ્ર સરકાર વૈશ્વિક શિપ બિલ્ડિંગ માર્કેટમાં ભારતની હાજરી વધારવા માટે નવી નીતિ માટે કેબિનેટની મંજૂરી માટે કાર્યવાહી કરી છે. કરોડો રૂપિયાના પેન્ડિંગ ઓર્ડર છતા ભાવનગરનું શિપ બિલ્ડિંગ યુનિટ આલ્કોક એશડાઉન બંધ હાલતમાં છે, પરંતુ તેને પુન: ચાલુ કરવા માટે હવે રાજકિયપક્ષો અને અગ્રણીઓ ભાવનગરના વિકાસ માટે એક બનીને પક્ષાપક્ષીથી દૂર રહીને સક્રિય પ્રયાસ કરેતો આલ્કોકને પૂન:જીવીત કરવામાં સફળતા મળી શકે તેમ છે.

# એકલા રહેતા આરોપીએ પાડોશી તરુણીને શિકાર બનાવી

(એજન્સી) રાજકોટ | તા 13

શાપર તાબેના પડવલાની ઘટના, એકલા રહેતા આરોપીએ પાડોશી તરુણીને શિકાર બનાવી. પરપ્રાંતીય શખ્સે સગીરાને જાળમાં ફસાવી અનેક વખત શારીરિક અત્યાચાર ગુજાર્યો, આરોપી સકંજામાં શાપરના પડવલામાં રહેતી 14 વર્ષની પરપ્રાંતીય તરુણી પર 17 વર્ષના પરપ્રાંતીયે દુષ્કર્મ આચર્યું હતું. સગીરે આચરેલા દુષ્કર્મથી તરુણી કુંવારી માતા બની હતી. તરુણીએ બાળકીને જન્મ આપ્યો હતો. તે બાળકીની હાલત ગંભીર હોવાનું તબીબોએ કહ્યું હતું. પડવલામાં રહેતા ઉત્તર પ્રદેશના વતની પરિવારની 14 વર્ષની પુત્રીને પેટમાં દુખાવો ઉપડતાં પરિવારજનો તેને રાજકોટ હોસ્પિટલે લઈ આવ્યા હતા. તરુણી સગર્ભા હોવાનું અને તેના પેટમાં આઠ માસનો ગર્ભ હોવાનું તબીબી નિદાનમાં ખુલ્યું હતું. તરુણીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને તેણે બાળકીને જન્મ આપ્યો હતો. તરુણી માતા બન્યા અંગેની જાણ કરાતા શાપર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.કે.ગોહિલ સહિતની ટીમ હોસ્પિટલે દોડી આવી હતી અને તરુણી તથા તેના પરિવારજનોની પૂછપરછ કરતાં તરુણી પર પાડોશમાં રહેતા બિહારના વતની 17 વર્ષના સગીરે દુષ્કર્મ આચર્યાનું ખુલ્યું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બિહારનો વતની 17 વર્ષનો સગીર પડવલામાં એકલો રહે છે તેના માતા-પિતા બિહારમાં રહે છે. 17 વર્ષનો સગીર પડવલામાં રહી ફેક્ટરીમાં કામ કરે છે. સગીરે પાડોશમાં રહેતા યુપીના વતની પરિવારની 14 વર્ષની પુત્રી પર નજર બગાડી હતી અને તેણે તરુણીને પોતાની જાળમાં ફસાવી તો જાનથી મારી નાખીશ તેવી આરોપી ધમકી આપતો હોય તરુણીએ કોઈને જાણ કરી નહોતી. ધમકીથી ગભરાયેલી તરુણીનો 17 વર્ષીય સગીર ગેરલાભ ઉઠાવતો હતો અને તરુણીને વારંવાર શિકાર બનાવતો હતો.

# શિક્ષણ સમિતિની તપાસમાં ઘટસ્ફોટ: વર્ગોમાં ભણાવવા નહીં જનારા 100 શિક્ષકોના ‘ક્લાસ’ લેવાશે, 3 શિક્ષકો તો 6 મહિનાથી ચાલુ પગારે વિદેશમાં

સુરત | તા 13

એક હજારથી વધુ શિક્ષકોની ઘટ છતાં 100 જેટલા શિક્ષકો કોઈને કોઈ બહાને નિયમ મુજબ રોજના 3-3 વર્ગો લેતા નથી બનાસકાંઠાની ઘટના પછી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની તપાસમાં ઘટસ્ફોટ, વિદેશ ગયેલા 3ને નોટિસ પાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં પણ અન્ય જિલ્લાઓની માફક ત્રણ શિક્ષકો અંદાજે 6 મહિનાથી ગેરહાજર હોવા છતાં પગાર ચાલુ છે. અન્ય જિલ્લાઓમાં આવા કૌભાંડ બહાર આવ્યા બાદ સમિતિમાં પણ શિક્ષકોની હાજરીની ચકાસણી થઈ હતી, જેમાં શાળા ક્રમાંક 121ના શિક્ષક નિમિષા પટેલ અને ક્રમાંક 190ના આરતી ચૌધરી વિદેશ ગયા હોવાનું જણાવી 6 મહિનાથી વધુ સમયથી રજા માણી રહ્યા છે, જ્યારે શાળા ક્રમાંક 275ના શિક્ષક અન્સારી મોહમ્મદ અમીન મુસાનો તો કોઈ અતોપતો જ નથી. આ ત્રણેયને હાજર થવા નિયમ મુજબ 3-3 નોટિસ અપાઈ ચૂકી છે. આ શિક્ષકોની સાથે સમિતિમાં કુલ 212 મુખ્ય શિક્ષકો પણ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ હેઠળ રોજિંદા ત્રણ-ત્રણ વર્ગો લેતા નથી. કેટલાંક મુખ્ય શિક્ષકો તો 20 વર્ષ ઉપરાંતથી પોતાની રોજનોંધ પણ તૈયાર કરતા નથી કે તેમના વર્ગકાર્યનું વાર્ષિક નિરીક્ષણ પણ કરાતું નથી. કેટલાંક શિક્ષકો તો સમિતિની ઓફિસમાં જ પડ્યા-પાથર્યા રહે છે, જેને કારણે બાળકોના અભ્યાસ પર અસર પડવાની સાથે વર્ગખંડમાં ફરજ બજાવતા શિક્ષકોની હાલત કફોડી થઈ રહી છે. આવા 100થી વધુ શિક્ષકો છે, જેમાં 44 CRC તરીકે કામ કરતા શિક્ષકો પણ શાળામાં હાજર રહેતા નથી જ્યારે એક શિક્ષક તો URCનો નિયમ વગર ચાર્જ મળ્યા બાદ પણ શાળાના વર્ગમાં વર્ષોથી જતા જ નથી. આ લોકો પોતાના URCના કૂલિંગ પિરિયડ દરમિયાન પણ શાળામાં જતા નથી. સમિતિમાં એક હજારથી વધુ શિક્ષકોની ઘટ છે ત્યારે આ પ્રકારે ગુલ્લી મારીને નેતાગીરી કરતા રહેતા અને વર્ગખંડમાં નહીં જતાં શિક્ષકો સામે પણ પગલાં લેવાઈ શકે છે.

સમિતિમાં સ્ટાફ માટે ઓનલાઈન પંચિંગ અમલમાં છે, પરંતુ વર્ષોથી આ સિસ્ટમને કોઈ પણ નિર્ણય વિના સમાપ્ત કરી દેવામાં આવી છે. ખાસ કરીને 3 મિસ પંચ થાય અને ફિંગર પ્રિન્ટ નહીં નીકળે તો પગાર કપાઈ જાય છે, પરંતુ વારંવાર શાળા શરૂ થવાના સમયની મીટિંગોને કારણે આવા શિક્ષકોની હાજરી સેટ કરવાનો પ્રશ્ન ઊભો થતાં આ સિસ્ટમનો ઉલાળિયો કરી દેવાયો છે, જેનો કામગીરી નહીં કરી રખડતા રહેતા શિક્ષકો ભરપૂર લાભ ઉઠાવી રહ્યા છે.

નોટિસ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ત્રણેયને ટર્મિનેટ કરાશે

સમિતિના ચેરમેન રાજેન્દ્ર કાપડિયાએ જણાવ્યું હતું કે, ‘શાળા ક્રમાંક 121ના નિમિષા પટેલ, 190ના આરતી ચૌધરી 6 મહિનાથી વિદેશમાં છે આ ઉપરાંત ક્રમાંક 275ના અન્સારી મુસા વિશે કોઈ જ જાણ નથી. આ ત્રણેય શિક્ષકોને નોટિસની કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરીને ટર્મિનેટ કરાશે.

# ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક વિભાગની મોટી કાર્યવાહી, ગેરહાજર રહેનાર 23 શિક્ષકોને નોટિસ

(એજન્સી) ગાંધીનગર | તા.13

વિદેશમાં સ્થાયી થઇ ગયા પછી પણ શાળામાં શિક્ષક તરીકે હાજરી પુરવામાં આવી રહ્યાંના ઘટસ્ફોટથી સરકાર અને શિક્ષણ વિભાગ માટે નીચા જોણું થયું છે. સફાળી જાગેલી સરકારે તપાસના આદેશ પણ આપ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં સતત 3 મહિના કે વધુ વખતથી ગેરહાજર રહેલા 23 શિક્ષકોને નોટિસ ફટકારવાની સાથે આગળની કાર્યવાહીના માર્ગદર્શન માટે વિગતવારનો અહેવાલ રાજ્યના શિક્ષણ વિભાગને મોકલી અપાયો છે.રાજ્ય આખામાં તંત્ર અને વિભાગની આવા બખડ જંતર ચાલતા રહેવા દેવાની શર્મનાક હરકતના કારણે સરકારે બેકફૂટ પર આવવાની સ્થિતિ સર્જાઇ છે. શાળામાં લાંબી ગેરહાજરી છતાં આવા શિક્ષકોની હકાલપટ્ટી નહીં કરવાના વલણનાં કારણે બેરોજગારોને નોકરીની તક મળતી નહીં હોવાની વાતો પણ યુવાઓ કરી રહ્યાં છે. જોકે મોટાભાગના કિસ્સામાં ગેરહાજર શિક્ષકોના પગાર ચાલુ નહીં હોવાનો તંત્રો દ્વારા બચાવ કરવામાં આવી રહ્યો છે. પરંતુ તેમની હાજરી પુરાતી હોવાના મુદ્દે જવાબદારીમાંથી છટકી શકાય તેવા બહાના ઉભા કરાઇ રહ્યાં છે. આ બાબત આજકાલની નહીં પરંતુ લાંબા સમયથી ચલાવાઇ રહી છે. હોબાળો થવાના પગલે શિક્ષણમંત્રી પણ તપાસના આદેશ છોડવા મજબુર બન્યા હતાં. ત્યારે ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક વિભાગમાં શહેરમાં 1 સહિત 21 કિસ્સા અને માધ્યમિક વિભાગમાં 2 કિસ્સા ગ્રામ્ય વિસ્તારમાં મળી આવતાં નોટિસ આપવા સાથે કાયદેસરની કાર્યવાહી માટે કવાયત શરૂ કરવામાં આવી છે.

## ન્યુઝ ફ્લેશ

### મહુવાના યુવકની હત્યામાં દેલવાડાથી શખ્સ ઝડપાયો

ભાવનગર | મહુવામાં પ્રેમસબંધના મામલે પ્રેમિકાના પૂર્વ પ્રેમીએ ઘરમાં ઘૂસી કુહાડીના ઘા ઝીંકી યુવાનનું ઢીમ ઢાળી દીધાની ચકચારી ઘટનામાં પોલીસે હત્યારા શખ્સને દેલવાડાથી ઝડપી લઈ કોર્ટમાં રજૂ કર્યા બાદ જેલમાં ધકેલી દીધો હતો. ઘટનાની મળતી વિગત અનુસાર મહુવા શહેરની હબીબ વાલજી સોસાયટીમાં રહેતા અલ્તાફભાઈ અમીરઅલી ડોઢીયાને એકાદ મહિના પહેલા ઉના પંથકની અફસાના નામની યુવતી સાથે પ્રેમ પાંગરતા ઘરમાં બેસાડી હતી. પરંતુ અફસાનાને અગાઉ ગીર સોમનાથ જિલ્લાના અને ઉનાના દેલવાડામાં રહેતા નિલેશ અનીલભાઈ ખોરાસી નામના શખ્સ સાથે પ્રેમ હોય, તેને યુવતી અલ્તાફભાઈ સાથે રહેવા આવી ગયા હોવાથી ગુસ્સે ભરાયેલો નિલેશ ખોરાસી મહુવા આવ્યો હતો અને રાત્રિના સમયે અલ્તાફભાઈ તેના રહેણાંક મકાનના ઉપરના માળે સૂતા હતા.

### સારસા નજીક ટ્રકની ટક્કરે રિક્ષામાં સવાર વૃદ્ધાનું મોત

આણંદ | સારસા ગામ પાસે ટ્રકની ટક્કરે રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. જેમાં રિક્ષામાં સવાર વલાસણના વૃદ્ધાનું મોત નિપજ્યું હતું. જ્યારે તેમના પતિ અને જમાઈને ઈજાઓ પહોંચી હતી. આ અંગે ખંભળોજ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેઓ આણંદ ગણેશ ચોકડીથી રિક્ષામાં બેસી સારસા જઈ રહ્યાં હતાં. ત્યારે સવારે પોણા અગિયાર વાગ્યાના સુમારે સારસા શિવ શક્તિ કાંટા પાસે આણંદ તરફ આવી રહેલી ટ્રકના ચાલકે ઓવરટેક કરવા જતાં રિક્ષાને ટક્કર મારતા રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં વિમળાબેનનું માથામાં ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે રાવજીભાઈ અને ભોગીલાલને ઈજાઓ પહોંચી હતી.

### ગુજરાતના સરકારી કર્મચારીઓ માટે સારા સમાચાર, વંદે ભારત ટ્રેનમાં મળશે LTCનો લાભ

ગાંધીનગર | ગુજરાત સરકારે પવિત્ર શ્રાવણ માસમાં રાજ્યના સરકારી કમર્ચારીઓને મોટી ભેટ આપી છે. જેનો સીધો લાભ રાજ્ય સરકારના 5 લાખ કર્મચારીઓને મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓને રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસના હેતુ માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીને માન્યતા આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના કર્મચારીઓને દર ચાર વર્ષે એલ.ટી.સી (લિવ ટ્રાવેલ કન્સેશન)/વતન પ્રવાસનો લાભ 6000 કિ.મી.ની મર્યાદામાં આપવામાં આવે છે. કર્મચારીઓ દ્વારા આવા પ્રવાસ અન્વયે ટ્રેન દ્વારા મુસાફરી કરવામાં આવતી હોય છે. ભારતીય રેલવે દ્વારા છેલ્લા થોડાક વર્ષોથી આધુનિક સુવિધા સાથેની વંદે ભારત ટ્રેન શરુ કરવામાં આવી છે. રાજ્ય સરકારના કર્મચારીઓ દ્વારા તેમને મળતી આવી રજા પ્રવાસ રાહતમાં વંદે ભારત ટ્રેનની મુસાફરીનો સમાવેશ કરવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

## લીલથી ખદબદી રહેલું કુંડના ડહોળા પાણીથી રોગચાળાને નિમંત્રણ

# છોટે કાશી સિહોરના સુપ્રસિધ્ધ ગૌતમેશ્વર કુંડની અવદશા લોકોમાં ટીકાને પાત્ર બની

(એજન્સી) સિહોર | તા.13



છોટે કાશી તેમજ મંદિરોની નગરી તરીકે દેશભરમાં પ્રચલિત ભાવનગર જિલ્લાના સુપ્રસિધ્ધ સિહોર શહેરમાં આવેલા શ્રધ્ધેય ગૌતમેશ્વર કુંડની દિન પ્રતિદિન અવદશા થઈ રહી હોય શ્રધ્ધાળુઓમાં આ ગંભીર બાબતે સ્થાનિક સત્તાધીશોની મનસ્વી કાર્યપધ્ધતિ ટીકાને પાત્ર બની રહેલ છે. તંત્રવાહકોની ગંભીર બેદરકારી અને લાપરવાહી સામે ભાવિકોમાં આક્રોશ ભભૂકી ઉઠયો છે.

પાવનકારી શ્રાવણ માસ દરમિયાન ભાવનગર સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાંથી બહોળી સંખ્યામાં આબાલવૃધ્ધ યાત્રિકો સિહોર શહેરમાં આવેલા અને શિવભકતોની અનન્ય શ્રધ્ધા અને આસ્થાના કેન્દ્ર સમાન નવનાથની યાત્રાએ આવતા હોય છે. સિહોરના ગૌતમેશ્વર કુંડ ખાતે ભાવીકો સ્નાન કરી અથવા હાથ પગ ધોઇને બાજુમાં આવેલ પીપળે જળાભિષેક કરીને પિતૃઓના મોક્ષની પ્રાર્થના કરતા હોય છે. આ સુપ્રસિધ ગૌતમેશ્વર કુંડમાં શ્રાવણ માસ દરમિયાન ભાવિકોના સમુહો સમગ્ર ગુજરાતભરમાંથી યાત્રા, દર્શન કરવા સિહોરમાં આવે છે અને ગૌતમેશ્વર મંદિરે દર્શન કરી યાત્રાળુઓ ગૌતમેશ્વર કુંડમાં સ્નાન કરી અથવા હાથ પગ ધોઇને બાજુમાં આવેલ પીપળે પાણીના લોટા ચડાવી પોતપોતાના પિતૃઓના મોક્ષની કામના કરતા હોય છે. પરંતુ છેલ્લા ઘણા જ સમયથી આ કુંડની દિન પ્રતિદિન અવદશા થઈ રહેલ છે.

આ કુંડનું પાણી એકદમ ડહોળુ અને લીલથી ખદબદી રહેલ છે એટલુ જ નહી પણ આખા કુંડ ફરતે ઝાડી ઝાંખરાઓ ઉગી નિકળ્યા છે. તેમજ આ કુંડની ઘણા લાંબા સમયથી ચોકસાઈપુર્ણ રીતે સાફસફાઈ કરવામાં નહિ આવતા અત્રે માથુ ફાટી જાય તેવી ભયંકર દુર્ગંધ પ્રસરી રહેલ છે. કુંડમાં દુર્ગંધયુકત પાણી જોઈને દૂર દૂરથી આવતા યાત્રિકોની લાગણી દુભાઈ રહી છે. આથી આ ગંભીર મુદે જવાબદાર સિહોર નગરપાલિકાના ચિફઓફીસરની ઉદાસીનતાથી ભાવિકોમાં પ્રબળ કચવાટ વ્યાપેલ છે. આ કુંડની પાછળના ભાગે કુંડ ખાલી કરવા માટે ફીટ કરાયેલા પાઈપના વાલ ખોલાવીને તંત્રવાહકો દ્વારા નીયમીતપણે નવુ પાણી ભરાવવામાં આવે તેમજ આજુબાજુમાં ઉગેલ ઝાડી ઝાંખરાઓનો ઉપદ્રવ સાફ કરાવી કુંડનું તાત્કાલીક વ્યવસ્થિત અને ટકાઉ રીતે મરામત કરાવવામાં આવે તેવી ભાવિકોમાં પ્રબળ લોકમાંગ ઉઠવા પામેલ છે. આ અંગે જવાબદાર ચિફ ઓફીસર પગલા લેશે ખરા કે પછી રામરાજય અને પ્રજા દુખી દુખી જેવીજ રીતી-નીતી અપનાવવામાં આવશે તેવો યક્ષપ્રશ્ન લોકોમાં ઉઠવા પામ્યો છે.

## શહેરના તિલકનગરમાં યુવકની હત્યામાં વધુ એક શખ્સ ઝડપાયો

(એજન્સી) ભાવનગર | તા.13

પોલીસે કરેલી ઊંડાણપૂર્વકની તપાસના અંતે મહિલા અને અન્ય એક શખ્સની સંડોવણી બહાર આવતા વધુ એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. આ હત્યા કેસમાં ઝડપાયેલા ત્રણ શખ્સ અને એક મહિલાને જેલહવાલે કરવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતાં ઘોઘારોડ પોલીસે દોડી જઈ મૃતદેહને હોસ્પિટલ ખસેડી ઓળખ અંગેની તપાસ હાથ ધરતા હર્ષદભાઈ વાઘજીભાઈ વાઘેલાનો મૃતદેહ હોવાનું અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં યુવકનું મોત માર મારવાથી ઈજા થવાના કારણે થયું હોવાનું ખુલ્યું હતું. જેના આધારે મૃતકના નાનાભાઈ સુનિલભાઈ વાઘજીભાઈ ગોહિલે ઘોઘારોડ પોલીસમાં પોતાનો ભાઈ ભંગાર વીણવા ગયો ત્યારે મુકેશ નાનુભાઈ ચુડાસમા અને શૈલેષ કાંતિભાઈ ચૌહાણ નામના શખ્સોએ મોબાઈલ ફોન બાબતે ઝઘડો કરી લાકડી-પાઈપ જેવા હથિયારોથી આડેધડ માર મારી હત્યા કરી નાંખ્યા અંગેની ઘોઘારોડ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## ભાવનગરના શિક્ષક સાઈબર ફ્રોડનો શિકાર બન્યા

# શેરબજારમાં ટ્રેડીંગના નામે સાયન્સના શિક્ષક સાથે રૂ. 53 લાખની છેતરપિંડી

(એજન્સી) ભાવનગર | તા.13

ભાવનગરની ખાનગી સ્કૂલના સાયન્સના શિક્ષકને શેરબજારમાં ટ્રેડીંગ કરવાની લાલચ અર્ધો કરોડમાં પડી હતી. સાઈબર ગઠિયાઓએ શિક્ષકને ઓછા રૂપિયે વધુ નફાની લાલચ આપી બાટલીમાં ઉતાર્યા બાદ ૫૩ લાખથી વધુની રકમ પડાવી લઈ વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. સાઈબર ફ્રોડની ઘટના અંગે મળતી વિગત અનુસાર શહેરના કાળિયાબીડ, સરદાર પટેલ સંકુલમાં આવેલા સ્ટાફ ક્વાર્ટરમાં રહેતા અને ધો.૧૧-૧૨માં કેમેસ્ટ્રી શિક્ષક તરીકે નોકરી કરતા ચેતનભાઈ વિનોદભાઈ જોષી (ઉ.વ.૩૮, રહે, મુળ ધારપીપળા, તા.બોટાદ)એ તેમના ફેસબુક પેજ પર ગત તા.૨૮-૪ના રોજ તેમના શેરબજારને લગતી આવેલી જાહેરાતમાં આપેલી લીન્ક મારફત અવેન્ડસ બિઝનેસ સ્કૂલ નામનું વોટ્સએપ ગુરપ જોઈન કર્યું હતું. જેમાં સ્ટોક માર્કેટને લગતા સમાચાર અને ટ્રેડીંગની ટીપ્સ આવતી હોય, થોડા દિવસ પછી ગુરપમાં એપ્લીકેશન ડાઉનલોડ કરવાની લીંક આવતા શિક્ષક ચેતનભાઈએ તે આફમેપ નામની એપ્લીકેશન ડાઉનલોડ કરી હતી. ત્યારબાદ ઓટીસી ટ્રેડીંગ વિશે મેસેજ તેમજ ઓછા ભાવે સ્ટોક મેળવી સારો નફો કરવા અને આઈપીઓ લાગશે-નફો થશે તેવું જણાવતા શિક્ષકે તેમાં એકાઉન્ટ બનાવ્યું હતું અને એપ્લીકેશન મારફત સ્ટોક ખરીદી તેમના અને તેમના પિતાના બેન્ક એકાઉન્ટમાંથી કુલ રૂા.૫૩,૯૦,૦૦૦ ટ્રાન્ઝેક્શન કર્યું હતું. દરમિયાનમાં ગત તા.૧૪-૬ના રોજ તેમના પિતાના બેન્ક એકાઉન્ટમાંથી ભેજાબાજ શખ્સોએ રૂા.૮૩,૦૦૦ વીડ્રો કરવા દીધા હતા અને બીજી રકમ ઉપાડવાની રિક્વેસ્ટ કરતા ટેક્સ અને બીજા ચાર્જીના વધુ પૈસા ભરવા પડશે તેમ કહીં વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. આમ, શેર બજારમાં ટ્રેડીંગના નામે સાયન્સના શિક્ષકને ગઠિયાઓએ સાઈબર ફ્રોડનો શિકાર બનાવી રૂા.૫૩,૦૭,૦૦૦ની રકમ ચાઉં કરી જતાં ચેતનભાઈ જોષીએ આજે સોમવારે ભાવનગર સાઈબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે આઈપીસી ૪૦૬, ૪૨૦, ૪૧૯ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**ફેસબુકમાં જાહેરાત જોઈ વોટ્સએપ ગુરપમાં જોડાયા હતા, એક વખત 83 હજાર ઉપાડવા દીધા પછી ચાર્જીસના નામે રૂપિયા ભરવા કહ્યું**



## બોરસદ પાલિકામાં 60 થી વધુ કચરાપેટી ભંગારમાં ફેરવાઈ

(એજન્સી) આણંદ | તા.13

બોરસદ નગરપાલિકામાં હાલ શહેરના વિવિધ વિસ્તારમાં મુકાયેલી કચરા પેટીઓ ઉઠાવીને સરકારી દવાખાના અને જીમ ખાનામાં મુકવાની ફરજ પડી છે. પાલિકા પાસે કચરાપેટી ઉઠાવવાનું ટ્રેક્ટર ભંગાર થઈ ગયું હોવાથી આવી સ્થિતિ સર્જાઈ છે. તો બીજી તરફ ફોગિંગ મશીન પણ ભંગારમાં ફેરવાઈ ગયું હોવાથી શહેરમાં ફોગિંગની કામગીરી પણ નહીં કરાતા લોકોના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા છે. બોરસદ નગરપાલિકામાં આવેલા ૯ વોર્ડ વિસ્તારમાં વિવિધ જગ્યાઓએ અગાઉ ભારે વજનની મોટી કચરાપેટીઓ મૂકવામાં આવી હતી. જેથી જે તે વિસ્તારના રહીશો દ્વારા કચરો અને અન્ય સામાન કચરાપેટીમાં નાખવામાં આવતો હતો. પાલિકા દ્વારા કચરાપેટી ઉઠાવવાના હાઇડ્રોલિક ટ્રેક્ટર દ્વારા રોજ તમામ પેટીઓ ઊંચી કરીને લઈ જઈ કચરો ડમ્પીંગ સ્ટેશનમાં ઠલવાયો હતો. છેલ્લા કેટલાય સમયથી અચાનક જ પાલિકામાં કચરો ઉઠાવવાનું હાઇડ્રોલિક ટ્રેક્ટર બગડી જતા તેના રીપેરીંગની દરકાર ન લેવાતા ભંગાર હાલતમાં ફેરવાઈ ગયું છે.



## ડાભસર આડબંધથી બાબર બોઘા પુલ વચ્ચે મહી કેનાલમાં 14 ગાબડાં પડયાં

(એજન્સી) ઠાસરા | તા.13

ગળતેશ્વર અને બાલાસિનોર તાલુકાની હદ પાસેથી નીકળતા વણાકબોરી ડેમથી ખંભાત તરફ જતી મહી કેલાનમાં ડાભસરની આડબંધથી બાબરબોઘા પુલની વચ્ચે કેનાલમાં ૧૨થી ૧૪ ગાબડાં પડી ગયા છે. રાજકોટની એજન્સી દ્વારા વર્ષ ૨૦૧૪માં રૂ. ૭૧ લાખના ખર્ચે પાળાના નવા સ્લેબ આરસીસીથી ભરવામાં આવ્યા હતા. જે છેલ્લા પાંચ વર્ષથી તૂટી ગયા છે. હાલમાં તૂટી ગયેલા પાળા અને ગાબડાંના સમારકામના બદલે સિમેન્ટની કોથળીઓ મુકી તંત્રએ કામગીરી કર્યાનો સંતોષ માન્યો છે. વણાંકબોરી ડેમથી નીકળી વનોડા, સીમ વિસ્તાર, કુણી ગામ, મેનપુરા, ટીમ્બાનામુવાડા સીમ વિસ્તાર, પડાલ, રસુલપુર (પડાલ), સોનયા, તરઘૈયા, અંઘાડી, વાડદ સીમ વિસ્તારથી નીકળી ડાભસર આડબંધ સુધીમાં મુખ્ય મહિ કેનાલની પાળોની બંને બાજુ ખુબ મોટા ગાબડા પડી ગયા છે. ડાભસર અંબાલા તળાવ પાસેની મુખ્ય પાળ ઉપર પણ ભારે ધોવાણ થવાથી અકસ્માત સર્જાવાની ભીતિ છે.



## પેવરબ્લોકનો અન્ય સ્થળે ઉપયોગ કરી દીધો હોવાનો આક્ષેપ કરાયો

(એજન્સી) ડાકોર | તા.13

પ્રાથમિક શાળામાં નખાયેલા પેવર બ્લોક ભાજપના આગેવાને શાળામાંથી ઉપાડીને ગામના અન્ય વિસ્તારમાં નાખી ૧૫માં નાણાંપંચની ગ્રાન્ટમાં કામ લખાવી દીધું હોવાના આક્ષેપ સાથે ગામના રોહિત મનુભાઈ નાથાભાઈએ તાલુકા વિકાસ અધિકારીને અરજી કરી હતી. ઠાસરા ટીડીઓને કરાયેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ, કોટલીંડોરા પ્રાથમિક શાળામાં થોડાક વર્ષો પહેલા સરકારની એટીવીટી યોજનામાં પેવર બ્લોક નાખવામાં આવ્યા હતા. શાળાના કમ્પાઉન્ડનો ભાગ નીચાણવાળો હતો જેને કારણે શાળાના કમ્પાઉન્ડમાં પાણી ભરાઈ જતા હતા. જેથી શાળાના મુખ્ય શિક્ષકે એક વર્ષ પહેલા પેવર બ્લોક ઉખાડીને શાળાની પાછળના ભાગે મુકી રાખ્યા હતા. પરંતુ શાળામાં કોઈ ગ્રાન્ટ આવી ન હતી. માટે ફરીથી એ બ્લોક નાખ્યા વગર પડી રહ્યા હતા. જે બ્લોક કોટલીંડોરાના એક ભાજપના આગેવાને શાળામાંથી ઉપાડીને ગામના અન્ય વિસ્તારમાં તાલુકા પંચાયતની ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટમાં કામ લખાવીને ઉપયોગ કરી લેવાતા ગામ કોટલીંડોરા ગામે ચર્ચાનો વિષય બન્યો હતો.



## ખંભાતના ગોલાણા ગામે 190 રખડતા પશુઓ પાંજરે પુરાયા

(એજન્સી) આણંદ | તા.13

ખંભાતના ગોલાણા ગામે રખડતા પશુઓ રાતે ખેતરમાં ઘૂસી ખેડૂતોના પાકને નુકસાન કરી રહ્યા હોવાની રજૂઆત તંત્રને ધ્યાને મૂકાઈ હતી. ત્યારે તંત્રએ ૪ દિવસમાં ૧૯૦ જેટલા રખડતા પશુઓને પાંજરે પૂરી વિરમગામ પાંજરાપોળ મોકલી આપ્યા હતા. મુખ્યમંત્રી કાર્યાલય તરફથી મળેલ સૂચનાનુસાર તાલુકા વહીવટી તંત્રના અધિકારીઓએ મહિનામાં ત્રણ ગામોની મુલાકાત કરીને ગામ લોકોના પ્રશ્નો સાંભળવાનું નક્કી થયેલું છે. જે અનુસંધાને તા. ૭મી ઓગસ્ટના રોજ પ્રાંત અધિકારી, મામલતદાર અને ટીડીઓએ ખંભાત તાલુકાના ગોલાણા ગામની આકસ્મિક મુલાકાત કરી બેઠક યોજી હતી. જેમાં ગ્રામજનોએ જણાવ્યું હતું કે, ખંભાતના ગોલાણા ગામમાં રખડતા પશુઓ રાત્રિના સમયે ખેડૂતોના પાકમાં ચરીયાણ કરીને પાકને મોટા પ્રમાણમાં નુકસાન કરે છે. જેથી ગામ લોકોને રાત્રિના સમયે પાકના સરક્ષણ માટે ઉજાગરા કરવા પડે છે.

## તિરંગા યાત્રામાં સંસ્થાઓ, શાળા-કોલેજના વિધાર્થીઓ,જોડાશે

# જિલ્લા વહીવટી તંત્ર તથા મ.પા.ના સંયુક્ત ઉપક્રમે હર ઘર તિરંગા યાત્રા

(એજન્સી) ભાવનગર | તા.13

ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર તથા ભાવનગર મહાપાલિકાના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે મંગળવારે હર ઘર તિરંગા યાત્રાનુ આયોજન કરવામાં આવેલ છે. તિરંગા યાત્રાનો એ.વી. સ્કૂલના મેદાનથી પ્રારંભ થશે અને બજાર વિસ્તારમાં યાત્રા ફરશે. તિરંગા યાત્રામાં સંસ્થાઓ, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, શહેરીજનો સહિતના જોડાશે. આ કાર્યક્રમ માટે સરકારી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

આઝાદી કા અમૃત મહોત્સવ અભિયાન અંતર્ગત ભાવનગર જિલ્લા વહીવટી તંત્ર તથા ભાવનગર મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે હર ઘર તિરંગા યાત્રાનું આવતીકાલે તા. ૧૩મી ઓગસ્ટ-૨૦૨૪ ના રોજ બપોરના ૪ કલાકે આયોજન કરવામાં આવેલ છે. હર ઘર તિરંગા યાત્રાનો પ્રારંભ મેયરના હસ્તે થશે. તિરંગા યાત્રામાં તમામ સંસ્થાઓ, એનજીઓ, શાળા-કોલેજ અને તમામ સરકારી કચેરી, શહેરના નાગરિકો, અધિકારી-પદાધિકારીઓ અને કર્મચારીઓને સાથે રાખી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

તિરંગા પદયાત્રા એ.વી. સ્કૂલના ગ્રાઉન્ડથી શરૂ થશે અને ત્યારબાદ નવાપરા ગરાસીયા બોર્ડિંગ, ભીડભંજન, મોતીબાગ ચોક, રૂપમ ચોક, ખારગેટ, મામા કોઠા રોડ, હલુરીયા ચોક થઈ પરત એવી સ્કૂલ મેદાને આવશે. આ તિરંગા યાત્રાનો સમગ્ર કાર્યક્રમ મેયરના અધ્યક્ષ સ્થાને યોજાશે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય (પૂર્વ અને પશ્ચિમ વિધાનસભા વિસ્તાર) ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં પદાધિકારીઓ અને મહાનુભાવો હાજર રહેશે.

## કેટરિંગમાં રસોઇ પિરસતા એક યુવતી સાથે બે જણાને પ્રેમ થઇ ગયો

# ત્રિકોણિય પ્રેમ સંબંધમાં બેડવાના આધેડની હત્યા, આરોપીની ધરપકડ

(એજન્સી) આણંદ | તા.13

વઘાસી ગામની સીમમાં પાર્ટીપ્લોટની બહાર થયેલી બેડવા ગામના આધેડની હત્યાનો ભેદ ઉકેલાયો છે. આધેડ અરવિંદભાઈને બોરિયાવીની ત્યક્તા સાથે લગ્નેત્તર સંબંધ હતા. તે યુવતીને રિક્ષા ચાલક સાથે પણ સંબંધ હોવાથી રિક્ષા ચાલક જાવેદ મલેકે આધેડની હત્યા કરી હોવાનું તપાસમાં ખુલ્યું છે. આણંદના ડીવાયએસપી જે.એન.પંચાલના જણાવ્યા મુજબ, ગત શનિવારે સવારે બેડવાના અરવિંદભાઈ પટેલનો મૃતદેહ વઘાસી ગામની સીમમાં આવેલા સવશાંતિ વન્ડરલેન્ડ પાર્ટીપ્લોટ બહારથી મળી આવ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ તથા મોબાઈલ કોલ ડીટેઈલ્સના આધારે તપાસ હાથ ધરી



હતી. પોલીસે તેને ઝડપી પાડી પુછપરછ કરતા તેણે જ હત્યા કરી હોવાની કબુલાત કરી હતી.બોરીયાવી ગામની યુવતીના થોડા સમય પૂર્વે પતિ સાથે છુટાછેડા થયાં હતાં અને તેણી કેટરીંગમાં રસોઈ પીરસવા જતી હતી. જેથી અરવિંદભાઈ સાથે સંબંધ બંધાયો હતો. છેલ્લા છએક માસથી કણજરીનો જાવેદ પણ રિક્ષા ડ્રાઈવીંગની સાથે સાથે કેટરીંગમાં પીરસવા માટે જતો હોય તેને પણ ત્યક્તા સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. બનાવની રાત્રે જાવેદ યુવતીના ઘરે ગયો હતો. જ્યાં તેણીના મોબાઈલમાં તપાસ કરતા અરવિંદભાઈના કોલ્સ આવેલા હોવાથી જાવેદે અરવિંદભાઈને ફોન કરી પુછપરછ કરતા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

જ્યાં બંને વચ્ચે ઉગ્ર તકરાર થતા જાવેદે છરો કાઢી અરવિંદભાઈ ઉપર હુમલો કરી હત્યા કરી નાખી ફરાર થઈ ગયો હતો. હત્યા કર્યા બાદ જાવેદ યુવતીના ઘરે ગયો હતો અને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. યુવતીએ પોલીસ મથકે હાજર થવાનું તેને કહ્યું હતું. જેથી બંને પોલીસ મથક નજીક પણ ગયા હતા પરંતુ ગભરાઈ જતા ત્યાંથી બંને ફરાર થઈ ગયા હતા અને યુવતી પોતાના ઘરે આવી ગઈ હતી, જ્યારે જાવેદ ફરાર થઈ ગયો હતો.

## સગીરાને હોટલમાં લઇ જઇ બળાત્કાર ગુજારનાર આરોપીને 20 વર્ષની સખત કેદ

(એજન્સી) ગાંધીનગર | તા.13

ગાંધીનગરના સેક્ટર ૧૩માંથી સગીરાનું અપહરણ કરીને તેને હોટલમાં લઈ જઈ બે વખત બળાત્કાર ગુજરનાર આરોપી સામે ગુનો દાખલ થયા બાદ ગાંધીનગર સ્પેશિયલ પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો હતો અને સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટ દ્વારા પોક્સોના ગુનામાં આરોપીને ત્રણ વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.આ કેસની મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સેક્ટર ૧૩ ખાતે પ્લોટ નંબર ૨૭૮/૧માં રહેતા યુવાન જયેશ મહેન્દ્રભાઈ રાઠોડ દ્વારા ગત ૩૦ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ સેક્ટર ૧૩ લીમ્બચ માતાના મંદિર પાસેથી સગીરાનુ અપહરણ કરીને તેને પેથાપુર મહુડી હાઈવે ઉપર આવેલી હોટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તેણીને જાનથી મારી નાખવાની ધમકી આપીને બે વખત દુષ્કૃત્ય આચારવામાં આવ્યું હતું. જે સંદર્ભે સેક્ટર ૭ પોલીસ મથકમાં યુવાન સામે પોક્સો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે કેસ ગાંધીનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં બીજા એડિશનલ સેશન્સ જજ શ્રી એસ.ડી મહેતાની કોર્ટમાં ચાલ્યો હતો.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
વૈવાહિક જીવન આનંદમય વિતશે. સંજોગોવસાત નાની-મોટી મુસાફરી કરવી પડી શકે છે. બિઝનેસમાં પ્રગતિથી ખુશીઓ મળશે.



**વૃષભ (બ,વ,ઉ)**
કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાંક ફેરફાર થઈ શકે છે. તમે તમારા વ્યવહારથી વાતાવરણને સામાન્ય બનાવવામાં સફળ રહેશો.



**મિથુન (ક,છ,ઘ)**
જેના કારણે સ્વાસ્થ્ય સંબંધી તમારા ખર્ચામાં વધારો થઈ શકે છે. કોઈ પણ પ્રોપર્ટીના ખરીદ વેચાણ પહેલાં તેના પાસાઓ પર ગંભીરતાથી વિચાર કરી લેજો.



**કર્ક (ડ,હ)**
પરિવારના સભ્યો સાથે તમે સારો અને મનોરંજક સમય પસાર કરી શકશો. નસીબનો આજે સંપૂર્ણ સાથ મળશે અને બપોર સુધીમાં તમને કોઈ સારા સમાચાર મળી શકે છે.




**સિંહ (મ,ટ)**
દિવસ શુભ અને ફળદાયી બનશે. માનસિક પરેશાનીઓથી આજે તમે થોડી રાહત અનુભવી શકશો.



**કન્યા (પ,ઠ,ણ)**
વેપાર ક્ષેત્રમાં ધાર્યો લાભ થવાથી આનંદિત રહેશો. . વ્યવસાયમાં પરિવર્તનની યોજના બનાવી રહ્યા હોવ તો આ મામલે આજે આગળ વધવાનો દિવસ છે.



**તુલા (ર,ત)**
આકસ્મિક રીતે મોટી સંખ્યામાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. મૂડી ભંડોળમાં વધારો થશે, સમજદારીથી સાથે કરવામાં આવેલું રોકાણ આજે સારો ફાયદો કરાવશે.




**વૃશ્ચિક (ન,ય)**
રાજકીય ક્ષેત્રમાં આજે વૃશ્ચિક રાશિના જાતકોને આશા કરતા પણ વધારે સફળતા મળશે. સંતાનો પ્રત્યેની તમારી ફરજો નિભાવી શકશો.



**ધન (ભ,ધ,ફ)**
આજે ઘર ઉપયોગી ચીજવસ્તુઓ પર ધનનો ખર્ચ થવાનો યોગ છે. સાંસારિક સુખ ભોગના સાધનોમાં વધારો થશે.



**મકર (ખ,જ)**
આજનો સમય વેડફશો નહીં. મહેનત અને અથાગ પરિશ્રમથી આજે તમને તમારા નસીબનો સંપૂર્ણ સાથ મળશે. સ્વજનો પાસેથી સુખ મળશે.



**કુંભ (ગ,શ,સ)**
આર્થિક પક્ષ આજે મજબૂત બની શકે છે. વ્યવસાયમાં તમને સારો એવો ફાયદો થશે. સન્માન, યશ, કિર્તીમાં પણ વધારો થવાનો યોગ દેખાઈ રહ્યો છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે શિક્ષણ અને પ્રતિયોગિતાના ક્ષેત્રમાં મીન રાશિના જાતકો સારી સફળતા મેળવી શકશે. આવકના નવા સ્ત્રોત ઊભા થશે. તમારી વાતચીતની શૈલી તમને ખાસ સન્માન અપાવશે.

# સામાન્ય વીમા કંપનીઓએ આરોગ્ય વીમા પર નવા નિયમોના અમલ માટે વધુ સમય માંગ્યો

(એજન્સી) મુંબઇ । તા.13

સામાન્ય વીમા કંપનીઓએ આરોગ્ય વીમા પાલિસી પરના સુધારેલા માસ્ટર પરિપત્રનું પાલન કરવા માટે નિયમનકાર પાસેથી ડિસેમ્બર ૨૦૨૪ સુધી એક્સ્ટેંશનની માંગ કરી છે.

લાઈફ ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ જૂનમાં 'સ્વાસ્થ્ય વીમા નીતિઓ પર માસ્ટર સર્ક્યુલર બહાર પાડયો હતો. આ સર્ક્યુલરમાં, સામાન્ય અને આરોગ્ય વીમા કંપનીઓને ગ્રાહકો માટે વ્યાપક નીતિઓ તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું હતું, જેમાં તમામ પ્રકારની હાલની આરોગ્ય સ્થિતિઓ અને પહેલાથી અસ્તિત્વમાં રહેલા રોગો અને ગંભીર પરિસ્થિતિઓનો સમાવેશ થશે. નિયમનકારે વીમા કંપનીઓને ગ્રાહકોને ગ્રાહક માહિતી પત્રકો




પ્રદાન કરવા પણ કહ્યું હતું. તે એક દસ્તાવેજ છે જે પોલિસીધારક માટે પોલિસીની વિગતોને સ્પષ્ટ અને સરળ બનાવશે. આ ધોરણો ૧ ઓક્ટોબર, ૨૦૨૪ થી અમલમાં મૂકવાનો પ્રસ્તાવ છે. જો કે, ઉદ્યોગે આ તારીખને ડિસેમ્બર ૨૦૨૪ સુધી લંબાવવાની માંગ કરી છે, જેથી ગ્રાહક માહિતી પત્રકો સંબંધિત ધોરણોનું પાલન કરી શકાય. વીમા કંપનીઓએ પણ ગ્રામીણ વિસ્તારોમાં તેમના વ્યવસાયને મજબૂત કરવા સંબંધિત અધિકારીઓને પત્રો જારી કરવામાં મદદ માંગી છે, જેથી આ વિસ્તારોમાં તેમના આવશ્યક વ્યવસાયિક કાર્ય પૂર્ણ થઈ શકે. ઉદ્યોગના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ઉદ્યોગે નવા પરિપત્ર મુજબ નીતિઓમાં ફેરફાર કરવા માટે વધુ સમયની વિનંતી કરી છે, કારણ કે તેને આઈટી સિસ્ટમમાં જરૂરી ફેરફારોની જરૂર પડશે.

# IT ભરતી: ટેક ટેલેન્ટની વધતી માંગ વચ્ચે સોફ્ટવેર રોલ્સ વધી રહ્યા છે - ઈન્ડીડ

બેંગ્લોર । તા.13

ઈન્ડીડ , ગ્લોબલ મેચિંગ અને હાયરિંગ પ્લેટફોર્મના ડેટા અનુસાર, આગામી વર્ષમાં IT ભરતીમાં અંદાજે 8.5% નો વધારો થવાની ધારણા છે. ગયા વર્ષના અંતમાં અને આ વર્ષની શરૂઆતમાં ધીમા સમયગાળા પછી, કુશળ IT પ્રતિભાની માંગ વધી રહી છે, જે વ્યવસાયો માટે આગામી વર્ષ માટે તેમની ભરતી વ્યૂહરચનાઓની યોજના બનાવવી મહત્વપૂર્ણ બનાવે છે.

ઈન્ડીડ પરની તમામ ટેક નોકરીઓમાંથી લગભગ 70% હાલમાં સોફ્ટવેર રોલ્સ છે. ઈન્ડીડ પર સોફ્ટવેર રોલ્સનું વર્ચસ્વ ઘણા પરસ્પર સંબંધિત પરિબળો દ્વારા સંચાલિત છે. જેમ જેમ વ્યવસાયો ઓપરેશનલ કાર્યક્ષમતા અને નવીનતા માટે સોફ્ટવેર પર વધુને વધુ નિર્ભર બનતા જાય છે, તેમ ડેવલપર્સ માટે જરૂરી સિસ્ટમો બનાવવા અને જાળવવાની માંગ વધી છે.

AI, મશીન લર્નિંગ અને બ્લોકચેન જેવી ટેક્નોલોજીમાં ઝડપી પ્રગતિએ સ્પર્ધાત્મક રહેવા માટે વિશિષ્ટ સોફ્ટવેર ડેવલપમેન્ટની જરૂરિયાતમાં વધુ વધારો કર્યો છે. સમૃદ્ધ ટેક સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ પણ મહત્વની ભૂમિકા ભજવે છે, કારણ કે નવા સાહસો તેમના પ્રોડક્ટ્સના નિર્માણ અને વિસ્તરણ માટે ડેવલપર્સને હાયર કરવાને પ્રાથમિકતા આપે છે. છેલ્લે, વર્તમાન સોફ્ટવેરમાં અપડેટ્સ, સિક્યુરિટી પેચેસ અને નવા ફીચર્સની સતત જરૂરિયાત કુશળ પ્રોફેશનલ્સની સતત માંગને સુનિશ્ચિત કરે છે જે વપરાશકર્તાઓની બદલાતી જરૂરિયાતો અને તકનીકી પ્રગતિઓ સાથે ગતિ જાળવી શકે છે. ઈન્ડીડ ભારતના સેલ્સના હેડ, શશી કુમારે કહ્યું, IT ક્ષેત્ર સતત રોજગારના મુખ્ય પાવરહાઉસ તરીકે ઊભું રહ્યું છે. જો કે, તાજેતરના ક્વાર્ટર્સમાં ભરતીમાં મંદી જોવા મળી છે અને વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને આર્થિક ફેરફારોને કારણે કંપનીઓ સાવચેતી રાખી રહી છે. હવે, પરિસ્થિતિ બદલાઈ રહી છે. કંપનીઓ સક્રિયપણે તેમની ભરતી પ્રક્રિયાને વધારી રહી છે. "આપણે વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો (GCCs) દ્વારા ભરતીમાં, ખાસ કરીને સોફ્ટવેર અને ટેક્નોલોજીકલ રોલ્સમાં આ વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાનની અપેક્ષા રાખી શકીએ છીએ.

## NEWS BRIEF

### મ્યુઝિક કોપીરાઈટ સોસાયટી IPRS એ તેના મેમ્બર આઉટરીચ અને એનરોલમેન્ટ પ્રોગ્રામના ભાગરૂપે અમદાવાદમાં ગીતકારો, સંગીતકારો અને પ્રકાશકો સાથે સંકલન કર્યું

અમદાવાદ । 1957 ના કૉપિરાઈટ એક્ટ હેઠળ રજીસ્ટર થયેલ સરકાર દ્વારા અધિકૃત, મ્યુઝિક કૉપિરાઈટ સોસાયટી ઈન્ડિયન પર્ફોર્મિંગ રાઈટ સોસાયટી લિમિટેડ (IPRS) એ ગીતકારો, સંગીતકારો, પ્રકાશકો અને સમગ્ર દેશમાં સંગીત બનાવનાર સમુદાય સાથે જોડાણ કરવા માટે એક શ્રેણીબદ્ધ પહેલ શરૂ કરી છે. આ માટે, IPRS એ પ્રાદેશિક ગીતકારો, સંગીતકારો અને સંગીત પ્રકાશકો સાથે જોડાણ વધારવા માટે 10 મી ઑગસ્ટના રોજ અમદાવાદમાં એક આઉટરીચ પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. જેમાં જાણીતા ફિલ્મ દિગ્દર્શક, લેખક અને ગીતકાર ઈર્શાદ દલાલે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી અને અહી ઉપસ્થિત રહેલા સંગીતકારોને સંબોધન કર્યું હતું. આ વર્કશોપમાં અનેક આવશ્યક વિષયો આવરી લેવામાં આવ્યા હતા જેમ કે, સંગીતમાં કોપીરાઈટ અંગે સમજણ, રોયલ્ટી બનાવવી અને તેના વિતરણને સમજવું અને IPRS એ સર્જકોને તેમની યોગ્ય કમાણી સુરક્ષિત કરવામાં કેવી રીતે મદદ કરે છે તે અંગે જાણવું. આ ચર્ચાઓમાં નિર્માતાઓ કેવા વિવિધ અધિકારો ધરાવે છે અને તેઓ તેમને કેવી રીતે સુરક્ષિત કરી શકે છે તે વિશે પણ વાત કરવામાં આવી હતી. તે ઉપરાંત, અહી ઉપસ્થિત લોકોએ IPRS સાથે કેવી રીતે સંકલન કરવું જોઈએ અને તેની સહભાગિતા સાથે મળતા લાભો વિશે પણ માર્ગદર્શન મેળવ્યું હતું.

### ખઝાંચી જ્વેલર્સે નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક કર બાદ નફામાં નોંધપાત્ર 232% વૃદ્ધિ નોંધાવી

મુંબઈ । ખઝાંચી જ્વેલર્સ લિમિટેડ (BSE: 543953), સોના, હીરા, કિંમતી પત્થરો અને બુલિયન વસ્તુઓમાં વિશેષતા ધરાવતી અગ્રણી ભારતીય જ્વેલરી કંપનીઓ પૈકીની એકે નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતા ખઝાંચી જ્વેલર્સ લિમિટેડના ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી રાજેશ કુમારે જણાવ્યું, “ખાઝાંચી જ્વેલર્સ લિમિટેડે હાંસલ કરેલા નોંધપાત્ર વૃદ્ધિના માર્ગથી અમે આનંદિત છીએ. કંપનીના એકંદર પ્રદર્શનમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે, જે અમારી સતત કાર્યક્ષમતા અને નફાકારકતાને રેખાંકિત કરે છે. સંપૂર્ણ નાણાકીય વર્ષ 24માં, અમે 27.32 કરોડનો કર બાદ નફો હાંસલ કર્યો હતો, જ્યારે નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક માટેનો અમારો કર બાદ નફો 9.21 કરોડે પહોંચી ગયો છે. આ નોંધપાત્ર વૃદ્ધિ અમારી સફળ વ્યૂહરચના અને જ્વેલરી ઉદ્યોગમાં શ્રેષ્ઠતા માટેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. નાણાકીય વર્ષ 24માં વ્યૂહાત્મક ક્ષમતાના વિસ્તરણ અને પહેલો દ્વારા પ્રેરિત થઈને અમે વધેલી માંગને સફળતાપૂર્વક પૂર્ણ કરી અને અમારી બજાર ઉપસ્થિતિને વધારી છે.

### ઇકો રિસાયક્લિંગના સ્ટેન્ડઅલોન નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક નફામાં 98%નો વધારો નોંધાયો

મુંબઇ | ઈકો રિસાયક્લિંગ લિમિટેડ (BSE: ECORECO), ભારતની પ્રથમ અને અગ્રણી પ્રોફેશનલ ઈ-વેસ્ટ મેનેજમેન્ટ કંપનીએ આજે 31 જૂન 2024 (નાણાકીય વર્ષ 25 પ્રથમ ત્રિમાસિક)ના રોજ પૂરા થયેલા ત્રિમાસિકના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતાં, ઈકો રિસાયક્લિંગ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી કે સોનીએ જણાવ્યું, “આ ત્રિમાસિકમાં અમારૂં પ્રદર્શન જવાબદાર રિસાયક્લિંગની સ્વીકૃતિ અને નિયમોના કડક અમલીકરણનું પરિણામ છે. ઉપરોક્ત પરિબળોને ધ્યાનમાં રાખીને, અમે અદ્યતન ટેકનોલોજીમાં સતત રોકાણ કર્યું છે અને નવીનતા અને આંતરરાષ્ટ્રીય ધોરણોનું પાલન કરવાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપ્યું છે. આનાથી અમને અમારી સેવા રજૂઆતોનો વિસ્તાર કરવામાં, કાર્યક્ષમતા વધારવા અને વધુ નફાકારકતા મેળવવામાં મદદ કરી છે. જેમ કે, ભારત મહત્વપૂર્ણ ખનિજોના રિસાયક્લિંગ પર વધુ ભાર મૂકે છે, તેથી ઈકોરેકો આ બાબતે અગ્રણી રહી છે, તેમજ તે સુનિશ્ચિત કરી રહી છે કે મૂલ્યવાન સંસાધનો પુનઃપ્રાપ્તિ થઈ રહી છે અને તેનો કાર્યક્ષમ રીતે પુનઃઉપયોગ થઈ રહ્યો છે.

# શ્રાવણ માસમાં સોના-ચાંદીની ચમક વધી

(એજન્સી) મુંબઈ | તા 13

સ્થાનિક બજારોમાં તહેવાર ટાણે ખરીદી વધવાના અહેવાલો વચ્ચે સોના-ચાંદીની ચમકમાં વધારો થયો છે. શ્રાવણ માસના બીજા સપ્તાહની શરુઆતમાં બે દિવસમાં સોનું રૂ. 750 મોંઘુ થયું છે. ચાંદીનો ભાવ પણ વધ્યો છે. અમદાવાદમાં ગઈકાલે સોનું રૂ. 500 મોંઘું થયા બાદ આજે વધુ રૂ. 250-300 વધવાનો સંકેત છે. અમદાવાદમાં સોનાની કિંમત રૂ. 72750 પ્રતિ 10 ગ્રામ (24 કેરેટ) આસપાસ ક્વોટ થઈ રહી છે. જ્યારે ચાંદી રૂ. 82000-82500ની રેન્જમાં રહેવાની સંભાવના છે. ઉપરોક્ત દર્શાવેલા ભાવમાં જીએસટી કે મેકિંગ ચાર્જની ગણતરી કરવામાં આવી નથી. સોના પર 3 ટકા જીએસટી અને મેકિંગ ચાર્જ પર 5 ટકા જીએસટી લાગુ છે. વૈશ્વિક સ્તરે કિંમતી ધાતુ બજારમાં



ગઈકાલે ઘટાડો નોંધાતા આજે દેશના ટોચના બુલિયન એક્સચેન્જ એમસીએક્સ પર પણ સોના-ચાંદીના ભાવ ઘટ્યા હતા. એમસીએક્સ સોનું રૂ. 137 ઘટી રૂ. 70601 પ્રતિ 10 ગ્રામ (4 ઑક્ટોબર વાયદો) અને એમસીએક્સ ચાંદીનો ભાવ રૂ. 573 ઘટી રૂ. 81051 પ્રતિ 10 ગ્રામ (5 સપ્ટેમ્બર) નોંધાયો હતો. અમેરિકામાં જારી થનારા ફુગાવાના આંકડાઓ પર નજર રાખતાં બુલિયન રોકાણકારો હાલ પ્રોફિટ બુક કરી રહ્યા છે. વૈશ્વિક સ્તરે સ્પોટ ગોલ્ડ 4.50 ડોલર ઘટી 2499.50 ડોલર પ્રતિ ઔંશ અને ચાંદી -1.05 ટકા ઘટી 27.71 ડોલર પ્રતિ ઔંશ પર ટ્રેડ થઈ રહી હતી. જો કે, પેલેડિયમ 3.60 ડોલર વધી 903 ડોલર પ્રતિ ઔંશ પર ક્વોટ થઈ રહ્યું હતું.

# હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે સુશ્રી અનન્યા બિરલા, શ્રી આર્યમન વિક્રમ બિરલાને ડિરેક્ટર તરીકે સામેલ કર્યાં

(એજન્સી) મુંબઈ | તા 13

હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના બોર્ડે, આજે મળેલી તેની બેઠકમાં સુશ્રી અનન્યા બિરલા અને શ્રી આર્યમન વિક્રમ બિરલાને ડિરેક્ટર તરીકે સામેલ કર્યા છે. સુશ્રી અનન્યા બિરલા અને શ્રી આર્યમન વિક્રમ બિરલા ઉદ્યોગસાહસિકતા અને વ્યવસાયના નિર્માણ માટે સમૃદ્ધ અને વૈવિધ્યસભર અનુભવ ધરાવે છે. બોર્ડ માને છે કે હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને તેમની નવા યુગની સમજ અને વેપાર-ધંધા માટેની કોઢાસુઝનો લાભ મળશે. તેમની નિમણૂંક અંગે ટિપ્પણી કરતાં, આદિત્ય બિરલા ગૃપના ચેરમેન શ્રી કુમાર મંગલમ્ બિરલાએ જણાવ્યું હતું કે, “આદિત્ય બિરલા ગૃપની ધાતુ ક્ષેત્રની અગ્રણી કંપની તરીકે હિન્દાલ્કો પર્યાવરણ સંરક્ષણની પ્રથાઓ, સામગ્રીમાં નવીનતા, રિસાયક્લિંગ અને સંશાધનોના જવાબદારીપૂર્વકના વપરાશ દ્વારા પર્યાવરણલક્ષી, સશક્ત અને સ્માર્ટ વિશ્વના નિર્માણ તરફ આગળ વધી રહી છે. વર્ષોથી, હિન્દાલ્કોએ વિશ્વની સૌથી મોટી એલ્યુમિનિયમ રિસાયક્લિંગ અને રોલિંગ કંપની તરીકે પર્યાવરણલક્ષી અને ઉદ્યોગની અગ્રણી કંપની તરીકે નવા ધારા-ધોરણો સ્થાપિત કર્યા છે. એલ્યુમિનિયમ અને તાંબા વડે ઊર્જાની વૈશ્વિક સંક્રાંતિ અને પ્રદુષણ ઓછું કરવાની તક જોતી હિન્દાલ્કો અત્યારે વૃદ્ધિના નવા પરિવર્તનશીલ તબક્કામાંથી પસાર થઈ રહી છે.

# પ્રવેગ લિમિટેડની નાણાકીય વર્ષ 25ની પ્રથમ ત્રિમાસિક સંકલિત કુલ આવક 98% વધી

અમદાવાદ । તા.13

પ્રવેગ લિમિટેડ (BSE - 531637), ભારતની અગ્રણી પર્યાવરણીય-જવાબદાર લક્ઝરી રિસોર્ટ કંપનીએ નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાણ કરી છે. મુખ્ય કામગીરી વિશેષતાઓ હોસ્પિટાલિટી સેગમેન્ટની આવકે નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિકમાં 21.42 કરોડ ( 6.41 કરોડ)નું યોગદાન આપ્યું ઈવેન્ટ અને એક્ઝિબિશનના રેવન્યુ સેગમેન્ટે નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિકમાં 1.98 કરોડ ( 5.56 કરોડ)નું યોગદાન આપ્યું કંપની 12 ઓપરેશનલ રિસોર્ટ અને એક હોટલમાં કુલ 619 રૂમ ધરાવે છે પરિણામો પર ટિપ્પણી કરતા પ્રવેગ લિમિટેડના ચેરમેન શ્રી વિષ્ણુ પટેલે જણાવ્યું, “નાણાકીય વર્ષ 25ના પ્રથમ ત્રિમાસિક દરમિયાન, અમારા હોસ્પિટાલિટી વ્યવસાયે નોંધપાત્ર પ્રગતિ કરી અને નાણાકીય વર્ષ 24ના પ્રથમ ત્રિમાસિકમાં 4 ઓપરેટિંગ સાઈટ્સથી વધીને 13 ઓપરેટિંગ સાઈટ્સ સુધી વિસ્તરણ કર્યું છે. આ નોંધપાત્ર વધારાને કારણે વધુ અવમૂલ્યન, માનવશક્તિ અને સંચાલન ખર્ચ થયો, તેમ છતાં અમે ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળાની સરખામણીમાં લગભગ 100%ની પ્રભાવશાળી ટોચની રેખા વૃદ્ધિ હાંસલ કરી છે. આ પ્રગતિ હોવા છતાં, અમે નાણાકીય ખર્ચમાં વધારાનો સામનો કર્યો, જે કુલ 1.58 કરોડ હતો. જેમાં લીઝ પર IND AS 116ના અનુપાલનને કારણે નફા અને નુકસાન ખાતામાં ડેબિટ કરાયેલ 1.53 કરોડના કાલ્પનિક વ્યાજ ખર્ચનો સમાવેશ થાય છે. આ અનિવાર્ય એકાઉન્ટિંગ સમાયોજન વિના, અમારો નફો આશરે 1.20 કરોડ વધારે હોત.

# મેડિકલ ટુરીઝમ અને સીઆરએમ સોફ્ટવેર સાથે હેલ્થકેર - બ્રોચ લાઇફકેર હોસ્પિટલ લિમિટેડ એસએમઅ આઇપીઓ માટે યોજના ધરાવે છે

ભરૂચ । તા.13

ગુજરાત - ભરૂચ સ્થિત બ્રોચ લાઈફકેર હોસ્પિટલ લિમિટેડ મેડિકલ ટુરિઝમ અને ડેટા સંગ્રહ માટે કેથ લેબના સાધનો અને સીઆરએમ સોફ્ટવેર ધરાવીને બિઝનેસ વિસ્તરણ માટે કાર્ડિયાક ટ્રીટમેન્ટમાં વિશેષતા સાથે હેલ્થકેરમાં રોકાયેલી છે. અમારા પ્રમોટર્સ - ડૉ. જયકુમાર વ્યાસ અને ડૉ. શચી વ્યાસ હેલ્થકેર ઉદ્યોગમાં લગભગ 10 વર્ષનો અનુભવ ધરાવે છે. કંપની "મેપલ હોસ્પિટલ્સ" બ્રાન્ડ હેઠળ ભરૂચ અને અંકલેશ્વર ખાતે બુટિક હોસ્પિટલો ચલાવે છે અને હૃદયની બિમારીઓ ધરાવતા દર્દીઓને ચોવીસ કલાક સમર્પિત સેવાઓ પૂરી પાડે છે જેમાં કાર્ડિયોલોજી સેવાઓનો સમાવેશ થાય છે. ભરૂચ અને અંકલેશ્વરમાં હોસ્પિટલ દર્દીઓની સારવાર માટે 40 પથારી ધરાવતી એક અતિ આધુનિક હોસ્પિટલ છે અને ટુડી ઈકોકાર્ડિયોગ્રાફી, ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રાફી, ટ્રેડ મિલ ટેસ્ટ, હોલ્ટર મોનિટરિંગ, એમ્બ્યુલેટરી બ્લડ પ્રેશર માપન, સ્ટ્રેસ ટેસ્ટ, જેવા ટેસ્ટ કરવા માટે ડાયગ્નોસ્ટિક ઉપકરણોથી પણ સજ્જ છે. ડોબ્યુટામાઈન સ્ટ્રેસ ઈકોકાર્ડિયોગ્રાફી અને ઈન્ટ્રા-એઓર્ટિક બલોન પંપ મશીન, બિફાસિક ડિફિબ્રિલેટર, વેન્ટિલેટર, બાયપેપ મશીનો, સિરીંજ પંપ, વોલ્યુમેટ્રિક ઈન્ફ્યુઝન પમ્પ્સ અને મલ્ટિપારા મોનિટરિંગ મશીનો જેવા જીવનરક્ષક સાધનો સાથે ઉચ્ચ કોરોનરી સંભાળ કરે છે. હોસ્પિટલ વ્યૂહાત્મક રીતે ભરૂચ અને અંકલેશ્વરના ઔદ્યોગિક પટ્ટાની નજીક સ્થિત છે જે અમને જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને ખાનગી કંપનીઓ સાથે તેમના કર્મચારીઓની સારવાર માટે અને નિયમિત તબીબી તપાસ કરાવવા માટે જોડાવા, સાંકળવા અને પેનલમાં જોડવાનો લાભ આપે છે. હોસ્પિટલો ચાર પીએસયુ વીમા કંપનીઓ, 15 ખાનગી વીમા કંપનીઓ અને 8 થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (ટીપીએ) સાથે સૂચિબદ્ધ છે. વધુમાં, અમે



ભારત સરકારની ફ્લેગશિપ સ્કીમ એટલે કે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તરીકે જાણીતી આયુષ્માન ભારત યોજના હેઠળ અમારી હોસ્પિટલોના ક્રમાંક માટે પણ અરજી કરી છે. વ્યવસાયના વિસ્તરણના ભાગરૂપે, કેથ લેબના સાધનો ઉમેરવા અને તબીબી સારવાર અને મૂળભૂત રોગ માટે ઓનલાઈન પરામર્શ માટે વેબ- આધારિત સોફ્ટવેર ડિઝાઈન કરવાનો પ્રસ્તાવ મૂકે છે. મૂળભૂત રોગ માટે તબીબી સારવાર અને ઓનલાઈન પરામર્શ માટે વેબ-આધારિત સોફ્ટવેર ડિઝાઈન કરવાની યોજના પણ છે. નાણાકીય વર્ષ 2024 માટે વ્યવસાયમાંથી આવક રૂ. 260.58 લાખની થઈ છે અને એબિટા રૂ. 102.61 લાખ નોંધાયો છે. કર પછીનો નફો રૂ. 69.76 લાખ થયો છે. ઈપીએસ રૂ. 1.92 અને બુક વેલ્યૂ રૂ. 12.26 પ્રતિ શેર છે. ઈશ્યૂ કિંમતને ધ્યાનમાં લેતા રૂ. 25 પ્રતિ શેર નક્કી કરવામાં આ છે. મલ્ટિપલ 13.02 ગણો હશે. એબિટા રૂ. 102.61 લાખ સાથે આઈપીઓની સાઈઝ રૂ. 402 લાખ થઈ છે.

# ઈન્વેન્ટ્યુરસ નોલેજ સોલ્યુશન્સ લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યું


(એજન્સી) મુંબઈ | તા. 13

ટેક્નોલોજી સક્ષમ હેલ્થકેર સોલ્યુશન્સ પ્રોવાઈડર અને યુએસ માર્કેટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરતા અને યુએસ, કેનેડા તથા ઓસ્ટ્રેલિયામાં ફિઝિશિયન એન્ટરપ્રાઈઝીસને મદદ કરતા કેર એનેબલમેન્ટ પ્લેટફોર્મ ઈન્વેન્ટ્યુરસ નોલેજ સોલ્યુશન્સ લિમિટેડે બજાર નિયામક સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)માં તેનું ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (“DRHP”) ફાઈલ કર્યું છે. કંપનીના આઈપીઓમાં રૂ. 1ની ફેસ વેલ્યુના 2,81,84,060 ઈક્વિટી શેર સુધીના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. કુલ ઓફર સાઈઝમાં પ્રત્યેક રૂ. 1ની ફેસ વેલ્યુના 2,81,84,060 ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. વેચાણ માટેની ઓફરમાં આશ્રા ફેમિલી ટ્રસ્ટ દ્વારા 53,47,924 સુધીના ઈક્વિટી શેર્સ, આર્યમન ઝુનઝુનવાલા ડિસ્ક્રિશનરી ટ્રસ્ટ દ્વારા 17,08,846 સુધીના ઈક્વિટી શેર્સ, આર્યવીર ઝુનઝુનવાલા દ્વારા 17,08,846 સુધીના ઈક્વિટી શેર્સ, નિષ્ઠા ઝુનઝુનવાલા ડિસ્ક્રિશનરી ટ્રસ્ટ દ્વારા 17,08,846 સુધીના ઈક્વિટી શેર્સ (પ્રમોટર ગ્રૂપ સેલિંગ શેરહોલ્ડર્સ), જોસેફ બેનાર્ડેલો દ્વારા 43,75,387 સુધીના ઈક્વિટી શેર્સ, ગૌતમ ચાર દ્વારા 18,00,000 સુધીના ઈક્વિટી શેર્સ, પરમિંદર બોલિના દ્વારા 18,00,000 સુધીના ઈક્વિટી શેર્સ, જેફ્રી ફિલિપ ફ્રેઈમાર્ક દ્વારા 16,41,232 સુધીના ઈક્વિટી શેર્સ, બર્જિસ મિનૂ દેસાઈ દ્વારા 10,32,894 સુધીના ઈક્વિટી શેર્સ અને સ્કોટ ડી હેવર્થ દ્વારા 9,37,858 સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે (ઈન્ડિવિડ્યુઅલ સેલિંગ શેરહોલ્ડર્સ). ઈન્વેન્ટ્યુરસ નોલેજ સોલ્યુશન્સ લિમિટેડ એ આઉટપેશન્ટ અને ઈનપેશન્ટ કેર સંસ્થાઓ માટે અગ્રણી ભાગીદાર છે.

# સુપ્રિયા લાઇફસાયંસએ 21.7% આવક વૃદ્ધિ અને વિસ્તરિત નફા માર્જિન સાથે Q1 FY25ના મજબૂત પરિણામો હાંસલ કર્યા

મુંબઇ । તા. 13

સુપ્રિયા લાઈફસાયંસ લિમિટેડ દ્વારા Q1 FY25ના નાણાંકીય અહેવાલો રજૂ કરવામાં આવ્યા છે, જેમાં API ઉત્પાદનમાં મજબૂત ટ્રેક રેકોર્ડ સાથે cGMP-કોમ્પ્લાયન્ટ બિઝનેસ અને એન્ટી-હિસ્ટામાઈન, એન્ટી-એર્જીક, વિટામીન, એનેસ્થેટિક અને એન્ટી-એસ્થેમેટીક સહિતની વિવિધ પ્રકારના થેરાપ્યુટિક સેગમેન્ટની પ્રોડક્ટનો સમાવેશ થાય છે.



FY25ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં સુપ્રિયા લાઈફસાયંસ લિમટેડએ આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ અનુભવી છે, જે અંતર્ગત વાર્ષિક સ્તરે 21.7%નો વધારો થયતા આવક રૂ. 160.63 કરોડના મથાળે સ્પર્શી છે, જે Q1FY24માં 132.02 કરોડના સ્તરે હતી. Q1 FY25 માટે EBITDA રૂ. 62.54 કરોડ પર છે, જ્યારે EBITDA માર્જિન 38.9% છે, જે Q1 FY24માં EBITDA રૂ. 44.49 કરોડના સ્તરે હતો તેમજ EBITDA માર્જિન 33.7%ના સ્તરે હતો. તે વાર્ષિક ધોરણે 40.6%ની વૃદ્ધિ દર્શાવે છે. કર બાદનો નફો (PAT) Q1 FY25માં રૂ. 44.64 કરોડ થયો છે, જે Q1 FY24માં રૂ. 28.51 કરોડના સ્તરે હતો. PAT માર્જિન Q1 FY25માં 27.8% રહ્યો છે, જે Q1 FY24માં 21.6%ના સ્તરે હતો. કંપનીએ Q1 FY25માં વિવિધ થેરાપ્યુટિક વિસ્તારોમાં સારી વૃદ્ધિ જોઇ છે. યુરોપિયન માર્કેટ્સ અમારા બિઝનેસની આવકમાં 51%નું યોગદાન આપે છે, જે હિસ્સો Q4FY24માં 43% અને Q1FY24માં 34% હતો.

સુપ્રિયા લાઈફસાયંસ લિમીટેડના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. સુપ્રિયા વાઘએ પરિણામો પર ટિપ્પણી કરતા જણાવ્યું હતુ કે, “અમે ફાર્માસ્યુટિકલ કંપનીઓથી લઈને નવીન સાહસો એમ વિવિધ પ્રકારની કંપનીઓ સાથે જરૂરિયાત અનુસાર (ટેઈલર્ડ) ની પ્રોડક્ટ્સ પૂરી પાડવા માટે ભાગીદારી સ્થાપિત કરવા માટે વાટાઘાટ કરી રહ્યા છીએ. કંપનીએ છેલ્લા નાણાંકીય વર્ષમાં રૂ. 146 કરોડનું વિક્રમી મૂડી ખર્ચ હાંસલ કર્યુ છે, ત્યારે ઈક્વીટી પરના રિટર્નમાં 210 બેઝિઝ પોઈન્ટનો વધારો કર્યો છે.

# પીયૂષ ગોયલે જીજેઇપીસીની લાંબા સમયથી આપવામાં આવેલી ભલામણને સ્વીકારીને ડાયમંડ ઇમ્પ્રેસ્ટ લાઇસન્સ રજૂ કરવાની જાહેરાત કરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

ભારત સરકારના માનનીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે બોમ્બે એક્ઝિબિશન સેન્ટર (બીઈસી), નેસ્કો, ગોરેગાંવ ખાતે યોજાયેલ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી) ના મુખ્ય શો, ઈન્ડિયા ઈન્ટરનેશનલ જ્વેલરી શો 2024 ની 40મી આવૃત્તિમાં તેમના ઈન્ટરેક્ટિવ સત્ર દરમિયાન ડાયમંડ ઈમ્પ્રેસ્ટ લાઈસન્સ રજૂ કરવાની જાહેરાત કરી. ડાયમંડ ઈમ્પ્રેસ્ટ લાયસન્સ એમએસએમઈ એક્સપોર્ટર્સને લાભ કરશે, જેમાં ભારતના જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટર્સના મોટા હિસ્સાનો સમાવેશ થાય છે.

જીજેઈપીસી લાંબા સમયથી આ નીતિ પહેલની ભલામણ કરી રહી છે. ડાયમંડ ઈમ્પ્રેસ્ટ લાઈસન્સથી ચોક્કસ એક્સપોર્ટ ટર્નઓવર થ્રેશોલ્ડથી ઉપરના ભારતીય હીરાના એક્સપોર્ટર્સને અગાઉના ત્રણ વર્ષના સરેરાશ એક્સપોર્ટ ટર્નઓવરના ઓછામાં ઓછા 5%, (જો તે અગાઉના 10% ન હોય તો) ઈમ્પોર્ટ કરવાની મંજૂરી આપવામાં આવશે. આ ભારતીય MSME હીરાના નિકાસકારોને તેમના મોટા સાથીદારો સાથે સમાન રમતનું ક્ષેત્ર પ્રદાન કરશે. આનાથી ભારતીય હીરાના વેપારીઓના હીરાની ખાણ જેવા સુરક્ષિત સ્થળોએ રોકાણ કરશે. તે હીરાનું વર્ગીકરણ કરનાર અને કારખાનાઓમાં





અર્ધ-તૈયાર હીરાનું પ્રોસેસિંગ કરનાર લોકોને વધુ રોજગાર આપશે. શ્રી ગોયલે જીજેઈપીસીના અધ્યક્ષ શ્રી વિપુલ શાહ, જીજેઈપીસીના ઉપાધ્યક્ષ શ્રી કિરીટ ભણસાલી; શ્રી. સિદ્ધાર્થ મહાજન, સંયુક્ત સચિવ, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, ભારત સરકાર; શ્રી જ્ઞાનેશ્વર બી. પાટીલ - આઈએએસ, ઝોનલ ડેવલપમેન્ટ કમિશનર, SEEPZ-SEZ, મુંબઈ; શ્રી આર કે મિશ્રા, અધિક ડીજીએફટી; શ્રી નીરવ ભણસાલી, કન્વીનર, રાષ્ટ્રીય પ્રદર્શનો, જીજેઈપીસી; શ્રી સબ્યસાચી રે, ઈડી, જીજેઈપીસી, વેપારના સભ્યો, મીડિયા, મહિલાઓ અને પુરુષોની હાજરીમાં સંખ્યાબંધ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટર્સને સંબોધિત કર્યા હતા. મનીષા ગુપ્તા, કોમોડિટીઝ એડિટર, સીએનબીસી TV18 ગ્રુપે મંત્રી સાથે આ સત્રનું સંચાલન કર્યું હતું. શ્રી ગોયલે જેમ એન્ડ જ્વેલરી ટ્રેડને એ પણ વચન આપ્યું હતું કે જીજેઈપીસીના IIJS પ્રીમિયરમાં પ્રદર્શકો માટે જગ્યાની અછત હોવાથી તેઓ ભવિષ્યમાં IIJS માટે, પ્રદર્શન આયોજિત કરવા માટે 2 મિલિયન ચોરસ ફૂટની જગ્યા બનાવવાની રીત પર વિચાર કરશે. શ્રી ગોયલે જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટમાં સોના, ચાંદી અને પ્લેટિનમના ડ્યુટી દરોમાં ઘટાડો કરવામાં આવ્યો હતો, જેનાથી જેમ એન્ડ જ્વેલરીના ગતિશીલ ઉદ્યોગ અને રોજગાર સર્જનને નુકસાન પહોંચી રહ્યો હતો. તેમણે કહ્યું, “સોનુ અને દાગીનાઓ વધુને વધુ અધિકૃત માધ્યમો દ્વારા આવશે અને આપડા કર્મચારીઓને જોબ ઓર્ડર મળતા રહેશે. વૈશ્વિક મંદીને કારણે એક્સપોર્ટમાં થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે ભારતનું સ્થાનિક બજાર સ્થિતિસ્થાપક છે અને ઝડપથી વધી રહ્યું છે. હું જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટર્સને આશા બનાવી રાખવા વિનંતી કરું છું.



# એડવેન્ચરનો છે શોખ?
## તો 30 પહેલા ફરી લો આ જગ્યાઓ

**દેશ-વિદેશમાં ફરવા માટેના અનેક સ્થળો છે. કેટલીક એવી જગ્યાઓ છે જ્યાં ફરવાનું દરેક વ્યક્તિનું સપનું હોય છે. પરંતુ લોકો તેમની ઈચ્છાઓને દબાવી દે છે કારણ કે તેઓ તેમના કામમાં વ્યસ્ત છે. દરેક વ્યક્તિ વિદેશ જવાનું સપનું જુએ છે, પરંતુ વિદેશી સ્થળોની શોધખોળ કરતા પહેલા તમારે ભારતમાં કેટલીક જગ્યાઓ એક્સપ્લોર કરવી જોઈએ. કેટલીક એવી જગ્યાઓ છે જેની તમારે નાની ઉંમરે મુલાકાત લેવી જોઈએ કારણ કે જેમ જેમ તમે મોટા થાવ તેમ એડવેન્ચર સ્થળોએ જવું મુશ્કેલ બનશે. તો અહીં જાણો ભારતની કઈ 5 સુંદર જગ્યાઓ તમારે 30 વર્ષની ઉંમર પહેલા જોવી જોઈએ.**



**લદ્દાખ |** તમારા મિત્ર સાથે બાઈક દ્વારા લદ્દાખ જવું એ એક સરસ અનુભવ છે. તમારે 30 વર્ષની ઉંમર પહેલા તમારા મિત્ર અથવા જીવનસાથી સાથે આ સ્થાનની શોધખોળ કરવી જોઈએ. લદ્દાખ તેના ઘણા સુંદર વિસ્તારો અને મંત્રમુગ્ધ નજારો માટે પ્રખ્યાત છે.



**જમ્મુ કાશ્મીર |** જમ્મુ અને કાશ્મીર ભારતમાં ફરવા માટેના શ્રેષ્ઠ સ્થળોમાંનું એક છે. અહીં દાલ લેકમાં બોટ પર એક રાત વિતાવો અને સવારે ઈન્દિરા ગાંધી ટ્યૂલિપ ગાર્ડનની મુલાકાત લો. આ જગ્યાને ધરતીનું કાશ્મીર કહેવામાં આવે છે. આ સ્થળની પણ અવશ્ય મુલાકાત લેવા જેવી.

### ગોવા



ગોવાનું નામ સાંભળતા જ દરેકના ચહેરા પર સ્મિત આવી જાય છે. પાર્ટી માટે તે શ્રેષ્ઠ સ્થળ માનવામાં આવે છે. ગોવામાં આખું વર્ષ પાર્ટી વાતાવરણ સિવાય, તમે પાલોલેમમાં કાયાકિંગ કરી શકો છો અથવા વાગેટરમાં બનાના રાઈડ કરી શકો છો. ગોવામાં તમે પેરાગ્લાઈડ પણ કરી શકો છો. ભારતમાં ફરવા માટે આ એક સારું સ્થળ છે.





**બીર બિલિંગ |** જો તમે બીર બિલિંગ જવાનું વિચારી રહ્યા છો તો પઠાણકોટથી બૈજનાથ સુધીની ટોય ટ્રેનની સવારી ચોક્કસ કરો. આ જગ્યા પેરાગ્લાઈડિંગ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. ફરવા માટે પણ આ એક સારું સ્થળ છે.



**ધર્મશાળા |** હિમાચલ પ્રદેશમાં તિબેટનો એક નાનો ટુકડો ધર્મશાલા છે જે દલાઈ લામાનું ઘર પણ છે. ધર્મશાળામાં પ્રવાસ પ્રેમીઓ માટે ઘણું બધું છે. તમે અહીં ટ્રેકિંગ કરી શકો છો. કેમ્પિંગ કરી શકો છો અને ભાડાની મોટરસાઈકલ પર સ્થળને એક્સપ્લોર કરી શકો છો. તે ભારતમાં ફરવા માટેના શ્રેષ્ઠ સ્થળોમાંનું એક છે.

# ભારત દેશની સંસ્કૃતિમાં દુશ્મનને પણ દોસ્ત બનાવવાની કળા છે

### સપ્તરંગી ઇન્દ્ર ધનુષ્ય ના નવ રંગો કરતા પણ વધારે આકર્ષક રંગ ભારતીય સંસ્કૃતિનો એકદમ પાક્કો છે





ભારતીય સંસ્કૃતિ

- રુપાલી દવે

**વસુદેવ કુટુમ્બકમ**

અતિથિ દેવો ભવ: એ ભારતની મૂળ સંસ્કૃતિ છે,તીર્થ ધામ કે પ્રવાસન સ્થળ પર વિદેશી લોકોને ભાંગ્યું તૂટ્યું હિન્દી ભાષા માં બોલતાં નિહાળો ત્યારે થાય છે કે મન થી ભારત ની મહેમાન ગતિ સ્વીકારી છે. ભારતીય હોવાનું અભિમાન પણ ફીલ થાય છે વિદેશી લોકા ના મુખે હિન્દી ભાષા સાંભળતા એવું પણ લાગે છે એની સાથે રહેતા ગાઈડ લોકોની મહેમાન ગતિ અને સારા વ્યવહારના લીધે જ વિદેશી મહેમાન એ હિન્દી ભાષા બોલાવી ગમતી હશે. સપ્તરંગી ઈન્દ્ર ધનુષ્ય ના નવ રંગો કરતા પણ વધારે આકર્ષક રંગ ભારતીય સંસ્કૃતિનો એકદમ પાક્કો છે. ભાષા,ફૂડ,સંસ્કૃતિ,વ્રત ત્યોહાર અલગ અલગ હોવા છતાંય ગુજરાતીનો સબંધ પડોશી બિહારી સાથે, બંગાળી નો હરીયાણી સાથે,મરાઠી નો યુ.પી વાળા સાથે,સાઉથ નો ગુજરાતી સાથે વગેરે સ્ટેટ નો એકબીજા સાથે બોલચાલ નો થઈ ગયા બાદ સબંધો લાંબા સમય સુધી ચાલ્યા કરતા હોય છે.સબંધ નિભાવવો ને એમાં મીઠાશ મૂકવી એ માત્ર ને માત્ર ભારતીય ના લોકોને જ આવડે છે. આપણા ત્યાં મહેમાન દેશ કે પરદેશના બપોરે કે અડધી રાત્રે પધારશે તો પણ ગૃહિણીઓ જમાડ્યા વગર મોકલશે જ નહીં.આ મહેમાન ગતિ ની પરંપરા આજની નથી વંશ પરંપરા થી ચાલી આવતી રીતભાત છે.વર્તમાન સમયમાં યુવક યુવતીઓ ભલે વિદેશી વિચારસરણી અને રીતભાત નું અનુસરણ વધારે કરતા હોવા છતાંય "વસુદેવમ કુટુમ્બકમ" ના સંસ્કાર તો અકબંધ છે. આને જ ભારતીય સંસ્કૃતિ માનવામાં આવે છે. એન.સી.સી નું સોંગ મને ખૂબજ પસંદ છે જ્યારે હું એન.સી.સી કેડેટ હતી ત્યારે નિયમિત પરેડ બાદ ગવાતું આ સોંગ મને આજ પણ યાદ છે:

**હમ સબ ભારતીય હૈ અપની મઝીલ એક હે**
**હા હા એક હૈ હો હો એક હૈ**
**હમ સબ ભારતીય હૈ,**

સાચું તો એ છે કે અનુભવ એ માણસ નો બેસ્ટ ફ્રેન્ડ હોય છે ભારત માં વાસ્કો ડી ગામા પધાર્યો ત્યારે એ માત્ર વેપાર કરવાની ઈચ્છા થી આવ્યો હતો. મહિનાઓ સુધી નો દરિયો ખેડ્યાં બાદ પૂર્વ દિશામાં વસેલ ભારત ના દર્શન થતાં જ એણે એના ઈશ્વરની બંદગી કરીને ધન્યવાદ કર્યા હતા. કોચીના કલિકાટ બંદરે એ ઉતર્યા ત્યારે ત્યાંના રાજાની મહેમાન ગતિથી ખુશ થયા હતા.કોચી માં વેપાર કરતાં કરતાં એ ભારતીય સંસ્કૃતિના રંગમાં રંગાઈ ગયા હતા. ફ્રેન્ચ લોકો આવ્યા હતા વેપાર ધંધો કરીને સમૃદ્ધ થવા ભારતીય લોકોના વર્તન વ્યવહાર ને લીધે શાસક બનવાનું સ્વપ્નું જોયું હતું.

ગોવા,દીવ,દમણ વગેરેમાં ફ્રેન્ચ સ્થાપત્ય અને ફ્રેન્ચ લોકો ની વસ્તી પણ વસે છે. પોર્ટુગલ અને ફ્રેન્ચના લીધે એ અંગ્રેજો ને ભારત નો રસ્તો સરળતા થી મળિયો ને વરસો ના વરસો ભારત ની પ્રજાને ગુલામ બનાવી દીધી હતી.ભારતીય સંસ્કૃતિ "વાસુદેવમ કુટુમ્બકમ" એકતાની તાકાત અને સભ્યતા ના સંસ્કાર આગળ પૂછે હઠ કરીને ભારત છોડવું પડ્યું હતું.ભારત ને ગુલામીની ઝંઝીરો માંથી "વસૂદેવમ કુટુમ્બકમ" વિચાર ધારા એ મુક્ત કરાવ્યું હતું.

**હે માલિક તેરે બંદે હમ..**

ભારતમાં પૃથ્વીરાજ ચૌહાણ બાદ ૧૨૦૦વર્ષ સુધી મુઘલ સમ્રાટો એ ભારત ને ગુલામ બનાવ્યું હતું. મુસ્લિમ શાસકો એ જોરબળ થી લોકોને મુસ્લિમ ધર્મ અંગીકાર કરાવ્યો હતો ને હિન્દુ ધર્મ માંથી મુસ્લિમ ધર્મ અંગીકાર કરનારા વસ્તી એ તનમનથી અપનાવી લીધો છે. મુસ્લિમ શાસક બહદુર શાહ જફફર ને ૧૨૦૦વર્ષ બાદ અંગ્રેજી શાસન એ પરાસ્ત કર્યા બાદ ૧૯ મી સદી સુધી ભારતમાં અંગ્રેજોનું શાસન હતું. ભારત માં ૧૨૦૦ વર્ષ સુધી વસી ગયેલ મુસ્લિમ શાસકો ના લીધે ભારતીય સંસ્કૃતિમાં મુસ્લિમ પ્રજા,ઉર્દૂ ભાષા, વાનગીઓ, મસાલા વગેરે મૂળ ભારતીયો સાથે ભળી ગયા છે.સ્વતંત્ય સંગ્રામમાં ભારત ને આઝાદ કરવા હિન્દુઓ સાથે મુસ્લિમ પ્રજાએ પણ ભાગ લીધો હતો. મૂળ ભારતીય સંસ્કૃતિ સાથે રીત રીવાજ અપનાવી ને મુસ્લિમ સમાજ ખુદ ને ભારતીય સમાજ નો અંગ માની ચૂક્યા છે.વિશાળ મુસ્લિમ કોમ્યુનિટીની ધરાવતા સમાજ ને ભારતીય સમાજ એ પોતાનો માની લીધો છે. મૂળ માઈનોરિટી માં આવતા સમાજ નું પ્રભુત્વ પણ વધારે છે.આ ભારતીય સંસ્કૃતિ ની ઉદારતા અને હિન્દુ સંસ્કૃતિ ની વસુદેવ

### ભારતમાં પૃથ્વીરાજ ચૌહાણ બાદ 1200 વર્ષ સુધી મુઘલ સમ્રાટો એ ભારત ને ગુલામ બનાવ્યું હતું

કુટુમ્બકમ ની ભાવના સમજો. બાકી ફોરેન માં વસતા અન્ય દેશમાં લોકો માટે "બ્લેક બર્ડ"મતલબ નોન સિટીઝન શબ્દ વાપરવામાં આવે છે.


પ્રાચીન ઈરાનમાં મુસ્લિમ આક્રમણ પહેલા જરથુસ્ટ ધર્મ નું પાલન થતું હતું. પ્રાચીન ઈરાન એ પારસી સમુદાયનો હતો પરંતુ પરાણે ધર્માંતરણ ના લીધે ધર્મ ને બચાવવા ગુજરાત ના સંજાણ બંદરે ઉતર્યા બાદ એક પારસી પ્રતિનિધિ મંડળે આશ્રય માટે એ વખત ના રાજા જદી રાણા પાસે મોકલ્યું.રાજા જદી રાણા ખૂબ ચાલક અને હોશિયાર હતા એણે પારસી પ્રતિનિધિ મંડળ સાથે મુલાકાત કરીને એક દૂધનો ગ્લાસ મોકલ્યો.આ પ્રતિનિધિ મંડળ દૂધનો ગ્લાસ લઈને અગ્રણી પાસે આવ્યું. પારસી સમુદાય ના અગ્રણી એ પ્રતિનિધિ મંડળ એ લાવેલ દૂધ ના ગ્લાસ માં સાકર ભેળવી ને રાજા પાસે પુનઃ મોકલ્યું. રાજા એ દૂધ ચાખ્યું તો મીઠું હતું એટલે રાજા જદુ રાણા સમજી ગયા ને પારસી સમુદાય ને ગુજરાત માં આશ્રય આપ્યો.પારસીઓ જે અગ્નિ એની સાથે લાવ્યા હતા એની વલસાડ જિલ્લા ના પારડી તાલુકા ના ઉદેવાડા ગામ માં સ્થાપના કરી હતી.આ અગ્નિ ને આતશ બહેરામ ના નામે ઓળખાય છે જે ગુજરાત માં ઉદેવાડા, નવસારી સુરત અને મુંબઇ માં આ પવિત્ર સ્થાન ને પારસી ની અગિયારી કહેવામાં આવે છે.ભારતીય સંસ્કૃતિ ની વિશેષતા જેમ અગ્નિ માં લીલા સૂકા બધાને સમાવવાની તાકાત હોય છે એવી સમજો. આઝાદી બાદ અસંખ્ય પાકિસ્તાની શીખ શરણાર્થી ને વસાવી ને ભારતીય નાગરિકત્વ આપી ને ભારત માં વસવાટ નો કાયદેસર નો અધિકાર આપ્યો હતો.

**"ના હિન્દુ બનેગાં ના મુસલમાન બનેગા**
**ઇન્સાન હૈ ઇન્સાન કી ઓલાદ બનેગા."**

ભારત દેશની સંસ્કૃતિમાં માનવતા અને નૈતિકતાના ધોરણે દુશ્મન ને પણ દોસ્ત બનાવવાની કાળા સરસ છે.ભારતીય સંસ્કૃતિની મૂળભૂત ઓળખ એ ભારતીય સ્થાપત્ય માં નિહાળી શકાશે. ખજુરાહોના મંદિર કે અજંતા ઈલોરાની ગુફાઓના સ્થાપત્યમાં બધેય આપણા ને પારિવારિક સ્થાપત્યની અનુભૂતિ ર્થા છે. ખજુરાહોના મંદિર માં શિવ મંદિર માં ભગવાન શિવજી ના પરિવાર અને અનુયાયીઓના સ્થાપત્ય,ગણપતિ અને કાર્તિકેય ના વાહનો સાથે પરિવાર,વિષ્ણુ મંદિરમાં વૈકુંઠના સ્થાપત્ય માં અદભૂત દર્શન થાય છે. ભારતીય સંસ્કૃતિ માં "વસુદેવમ્ કુટુમ્બકમ" ના દર્શન જેમ સમાજિક જીવન માં, તહેવારોમાં,પ્રસંગો માં થાય છે એજ રીતે સ્થાપત્ય,મંદિરો,પ્રવાસન સ્થળો વગેરે મા જોઈ શકાય છે. આટ આટલા વિદેશી આક્રમણ બાદ પણ "વસુદેવમ્ કુટુમ્બકમ" ની ભાવના ભારતીય હિન્દુ સંસ્કૃતિમાં નસ નસ માં વહે છે.હિન્દુ ધર્મ ના લોકો ભલે એનેક ધર્મો માં વિખરાઈ ગયા પરંતુ મૂળ સંસ્કૃતિ ભુલાઈ નથી.

**"મેરી દેશ કી ધરતી સોના ઉગલે ઉગ્લે**
**હિરે મોતી, મેરી દેશ કી ધરતી**

# 15 ઓગસ્ટના એડવાન્સ બૂકિંગમાં શ્રદ્ધા, જ્હોન પછી અક્ષય ત્રીજા નંબરે



(એજન્સી) મુંબઇ | તા. 13

આગામી ૧૫મી ઓગસ્ટે શરુ થતા લોંગ વીક એન્ડમાં બોક્સ ઓફિસ પર શ્રદ્ધા કપૂરની 'સ્ત્રી ટૂ', જ્હોન અબ્રાહમની 'વેદા' અને અક્ષય કુમારની 'ખેલ ખેલ મેં' એમ ત્રણ ફિલ્મોનો મુકાબલો છે. તેમાં હાલ એડવાન્સ બૂકિંગમાં શ્રદ્ધા મોખરે અને અક્ષય કુમાર છેક ત્રીજા નંબરે ધકેલાયો હોવાનું ચિત્ર ઉપસ્યું છે. સોમવારની સવાર સુધીમાં જ 'સ્ત્રી ટૂ'ની ૧.૨૭ લાખ ટિકિટસ વેચાઈ ગઈ હતી અને તેમે ૪.૨૦ કરોડનું એડવાન્સ બૂકિંગ કલેક્શન કરી લીધું છે. જ્હોન અબ્રાહમની 'વેદા' ૬૦૬૫ ટિકિટ સાથે તેનાથી ક્યાંય પાછળ છે અને તેનું આજ સુધીનું કલેક્શન ૧૮.૩૪ લાખ રુપિયા થયું છે. જ્યારે અક્ષય કુમારની 'ખેલ ખેલ મેં'ની તો સોમવાર સવાર સુધીમાં ૨૨૧૫ જ ટિકિટ વેચાઈ છે અને તેનું કલેક્શન માંડ ૯.૩૦ લાખ પર પહોંચ્યું છે. અક્ષય હાલ ત્રીજા નંબરે છે. જોકે, બોક્સ ઓફિસના જાણકારોનું માનવું છે કે રીલિઝ સુધીમાં અક્ષય કુમાર જ્હોન અબ્રાહમને વટાવી શકે છે. અલબત્ત તે 'સ્ત્રી ટૂ ' કરતાં મોખરે નીકળી શકે તેવી શક્યતા ઘટી ગઈ છે. ટ્રેડ વર્તુળોના મતે ેશભરના ૫૦ ટકા સ્ક્રીન પર ફિલ્મ 'સ્ત્રી ટૂ 'નો કબજો રહેવાનો છે. જ્યારે 'ખેલ ખેલ મેં' અને 'વેદા' વચ્ચે બાકીનાં ૫૦ ટકા સ્ક્રીન વહેંચાઈ જશે. દેખીતી રીતે જ 'સ્ત્રી ટૂ'ને તેના પહેલા ભાગની ગુડવિલનો લાભ મળી રહ્યો છે. અક્ષય કુમારે તેના વફાદાર ચાહકો ઉપરાંત માઉથ પબ્લિસિટી પર આધાર રાખવો પડશે.

**લોંગ વીક એન્ડમાં કમાણી માટે અક્ષયનો બધો આધાર હવે માઉથ પબ્લિસિટી પર**

**ખેલ ખેલ મેંનો ખેલ શરૂ થતાં પહેલાં ખતમ**

# ઠગ સુકેશે એક્ટ્રેસ જેકલીનને જેલમાંથી યાટ ગિફ્ટ કરવાનું પ્રોમિસ કર્યું



**જબરો પ્રેમ!**


(એજન્સી) મુંબઇ | તા. 13

જેકલીન ફર્નાન્ડિસે 11મી ઓગસ્ટે તેનો 39મો જન્મદિવસ ઊજવ્યો હતો. એવા અહેવાલો છે કે 200 કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીની મંડોલી જેલમાં બંધ છેતરપિંડી કરનાર સુકેશ ચંદ્રશેખરે અભિનેત્રીને તેના જન્મદિવસ પર પર્સનલ યાટ ભેટમાં આપી છે. આ સાથે સુકેશે અભિનેત્રીને જેલમાંથી પ્રેમ પત્ર પણ મોકલ્યો છે, જેમાં તેના 100 ચાહકોને Iphone -15 Proનું વિતરણ કરવાની જાહેરાત કરી છે. ઠગ સુકેશ ચંદ્રશેખરે જેકલીનને તેના જન્મદિવસ પર જેલમાંથી પ્રેમ પત્ર મોકલ્યો હતો. અહેવાલ અનુસાર પત્રમાં જેકલીનને તેના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવતા સુકેશે તેને યાટ આપવાની વાત કરી છે. તેણે કહ્યું છે કે તે જેકલીનને એ જ યાટ ગિફ્ટ કરશે જે તેને વર્ષ 2021માં પસંદ આવી હતી. તે યાટ પર લેડી જેકલીન લખવામાં આવશે. સુકેશે વચન આપ્યું છે કે ટેક્સની તમામ ઔપચારિકતાઓ પછી જ તેને આ મહિને યાટ પહોંચાડવામાં આવશે, જેથી કોઈ તેને છીનવી ન શકે.સુકેશે પત્રમાં વચન આપ્યું છે કે તે જેકલીનનો આગામી જન્મદિવસ તેની સાથે ઊજવશે. થોડા સમય પહેલા, સુકેશે એક પ્રેમ પત્રમાં જાહેરાત કરી હતી કે જેકલીનના જન્મદિવસ પર, તે 100 ચાહકોને આઈફોન-15 પ્રો ગિફ્ટ કરશે જેઓ તેના ગીત યમ્મી યમ્મીને સપોર્ટ કરે છે. આ વચનને પૂર્ણ કરતાં તેમણે જાહેરાત કરી છે કે તેમની ટીમ ટૂંક સમયમાં નસીબદાર વિજેતાઓની જાહેરાત કરશે. વાયનાડ ભૂસ્ખલન દુર્ઘટનામાં 15 કરોડ રૂપિયાનું દાન આપશે, 300 ઘર બનાવશે. જેકલીનને લખેલા પ્રેમપત્રમાં સુકેશે વાયનાડમાં ભૂસ્ખલનથી પ્રભાવિત લોકો માટે 15 કરોડ રૂપિયાનું દાન આપવાની જાહેરાત કરી છે. તેમણે એમ પણ કહ્યું છે કે જે લોકો ભૂસ્ખલન બાદ બેઘર થઈ ગયા છે તેમના માટે તેઓ 300 મકાનો બનાવશે.

# હીરા મંડીના તાજદાર તાહા શાહને એકસાથે ત્રણ ફિલ્મ મળી

(એજન્સી) મુંબઇ | તા. 13

સંજય લીલા ભણશાળીની 'હીરામંડી' વેબ સીરિઝમાં તાજદારના રોલમાં સૌનું ધ્યાન ખેંચનારા કલાકાર તાહા શાહ બદુશાને એકસાથે ત્રણ ફિલ્મનો કોન્ટ્રાક્ટ મળ્યો છે. રમેશ સિપ્પી પ્રોડક્શને તેને ત્રણ ફિલ્મો માટે સાઈન કર્યો છે. આ ફિલ્મોનું દિગ્દર્શન રોહન સિપ્પી કરે તેવી સંભાવના છે. રોહન સિપ્પીએ અગાઉ 'બ્લફ માસ્ટર', 'દમ મારો દમ' તથા 'નૌટંકી સાલા' સહિતની ફિલ્મો બનાવી છે. આ ફિલ્મોન સ્ટોરી લાઈન કે બાકી કલાકારો વિશે હજુ કોઈ જાહેરાત થઈ નથી. 'હીરામંડી'માં તાહા શાહને રોમાન્ટિક ભૂમિકા મળી હતી પરંતુ તે તેવી જ ભૂમિકા આ ફિલ્મોમાં કરવાનો છે કે પછી કોઈ અન્ય ભૂમિકા મળે છે તે અંગે જાહેરાતની રાહ જોવાય છે.



રમેશ સિપ્પી પ્રોડક્શન દ્વારા કરારબદ્ધ, ફિલ્મનું દિગ્દર્શન રોહન સિપ્પી કરશે, અન્ય કલાકારો કે સ્ટોરી વિશે કોઈ જાહેરાત નહીં

# ઇન્સ્પાયર ફિલ્મ્સે 'ઓકત સે ઝયાદા'ના રોમાંચક પ્રીમિયર સાથે ફ્રેશ મિન્ટ યુટ્યુબ ચેનલ લોન્ચ કરી

(એજન્સી) મુંબઇ | તા. 13

અગ્રણી કંટેન્ટ ક્રિએશન અને પ્રોડક્શન કંપની પૈકીની એક ઇનસ્પાયર ફિલ્મ્સ લિમિટેડે (NSE - INSPIRE) યુવા વયસ્કોની ગતિશીલ ભાવનાને અનુરૂપ તેના નવીનતમ સાહસ ફ્રેશ મિન્ટ યુટ્યુબ ચેનલને લોન્ચ કરવાની જાહેરાત કરી છે. ફ્રેશ મિન્ટ લાંબા-સ્વરૂપ અને ટૂંકા-સ્વરૂપની વેબ સિરીઝના મિશ્રણની સાથેસાથે "મિન્ટ શોટ્સ" નામક ક્વિક-હિટ કંટેન્ટ પણ રજૂ કરશે, જે તમામ ભારતના ગતિશીલ અને વૈવિધ્યસભર યુવાનો સાથે પડઘો પાડવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. 35 વર્ષથી ઓછી ઉંમરના 700 મિલિયનથી વધુ વ્યક્તિઓ સાથે, ભારતના યુવાનો વિશાળ અને વૈવિધ્યસભર પ્રેક્ષક વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. ફ્રેશ મિન્ટનું લક્ષ્ય શહેરી અને ગ્રામીણ બંને પૃષ્ઠભૂમિના કિશોરો અને યુવા વયસ્કો માટે પ્રાસંગિક સમકાલીન વિષયો અને પડકારોની શોધ કરતી મૌલિક કથાઓની રજૂઆત કરીને આ લોકોને જોડવાનો છે. આ પ્રસંગે, ઈન્સ્પાયર ફિલ્મ્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી યશ પટનાયકે જણાવ્યું, "ફ્રેશ મિન્ટનું લોન્ચિંગ અમારા માટે એક નવો રોમાંચક અધ્યાય છે, કારણ કે અમે ભારતના ધબકતા યુવાનોને એવા પ્રકારનું કંટેન્ટ પૂરૂં પાડીએ છીએ, જે ચેનલના નામ પ્રમાણે ગતિશીલ અને તાજગીદાયક છે.

# મુફાસા ધી લાયન કિંગમાં વોઈસ ઓવર માટે અબરામની પણ એન્ટ્રી

(એજન્સી) મુંબઇ | તા. 13

'મુફાસા, ધી લાયન કિંગ'ની પ્રિકવલ આવી રહી છે. મતલબ કે આ ફિલ્મમાં ૨૦૧૯માં રજૂ થયેલી ફિલ્મની વાર્તાની પહેલાંની ઘટનાઓ દર્શાવાશે. આ વખતે ફિલ્મમાં શાહરુખ ખાન અને આર્યન ઉપરાંત અબરામનો પણ અવાજ સાંભળવા મળશે. ડિઝની મીડિયા ફ્રેન્ચાઈઝીની ફિલ્મ સીરીઝની પ્રથમ ક્લાસિક એનિમેશન મૂવી 'ધ લાયન કિંગ' ૧૯૯૪માં રજૂ થયી હતી. પછી ૨૦૧૯માં આ ફિલ્મની આ જ શીર્ષકથી રીમેક બનાવામાં આવી હતી. હવે પાંચ વર્ષે તેની પ્રિકવલ આવી રહી છે. આ ફિલ્મની રીમેકમાં સિંબા લાયનની વાર્તા હતી. જેને શાહરૂખના પુત્ર આર્યને પોતાનો અવાજ આપ્યો હતો. હવે સિંબાના પિતા મુફાસા ના રોલ માટે શાહરુખ પોતાનો અવાજ



આપશે જ્યારે મુફાસાના બાળપણના રોલ માટે અબરામનો અવા જ હશે. આ ફિલ્મમાં શાહરૂખ ખાને મુફાસા, આર્યન ખાને સિંબા, અબરામ ખાને યંગ મુફાસા, સંજય મિશ્રાએ પુમ્બા અને શ્રેયસ તલપડેએ ટિમનના પાત્રો માટે હિંદીમાં ડબિંગ કર્યું છે.

# 'માતા-પિતા પોતાના બાળકો માટે...' સોનાક્ષી સિંહ અને ઝહીર ઇકબાલના લગ્ન બાદ શત્રુઘ્ન સિંહાએ કહી પોતાના દિલની વાત

(એજન્સી) મુંબઇ | તા. 13

સોનાક્ષી સિંહા અને ઝહીર ઈકબાલ હવે પતિ-પત્ની છે. 7 વર્ષ સુધી રિલેશનશિપમાં રહ્યા બાદ 23 જૂને બંનેએ પોતાના સંબંધોને આગળ વધારવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ બંને અલગ-અલગ ધર્મોના હોવાથી આ સબંધને આગળ લઈ જવા માટે ઘણો સંઘર્ષ કરવા પડ્યો હતો.સોનાક્ષી હિન્દુ પરિવાર સાથે સંબંધ ધરાવે છે જ્યારે, ઝહીર ઈકબાલ મુસ્લિમ પરિવારમાંથી છે. એટલા માટે આ આંતરધર્મી લગ્ને ઘણી હેડલાઈન્સ બનાવી હતી. બીજું કારણ એ હતું કે સોનાક્ષીનો ભાઈ લવ સેલિબ્રેશનમાં ભાગ લેતો ન હતો અને તેને ગુપ્ત પોસ્ટ દ્વારા સતત ટોણો મારતો હતો. હવે તેમની પુત્રીના લગ્નના 50 દિવસ પૂર્ણ થયા બાદ શત્રુઘ્ન સિંહાની ધીરજ ખૂટી ગઈ હતી તેથી તેમણે આ બાબતે મૌન તોડ્યું અને પોતાની દિલની લાગણી વ્યક્ત કરી હતી. સોનાક્ષી અને ઝહીરના લગ્ન પહેલા અને પછી અનેક પ્રકારની અફવાઓ ફેલાઈ હતી. કોઈએ કહ્યું હતું કે અભિનેત્રીના બંને ભાઈઓ પણ આ લગ્નથી ખુશ નથી તો કોઈએ કહ્યું હતું કે અભિનેત્રીના પિતા શત્રુઘ્ન સિંહા પુત્રીથી નારાજ છે. કેટલાક લોકોએ તો લગ્નને 'ગેરકાયદેસર' અને 'બિનબંધારણીય' પણ જાહેર કર્યા હતા. હવે આ મામલે પોતાનું મૌન તોડ્યું છે અને આ અંગે ખુલીને વાત કરી છે.

શત્રુઘ્ન સિંહાએ સોનાક્ષી અને ઝહીરના સંબંધો વિશે બેફામપણે કહ્યું હતું કે, 'આ લગ્નની વાત છે બીજું જો બાળકોના લગ્ન થયા હોય તો તે ગેરકાયદે અને ગેરબંધારણીય નથી. તેણે પોતાની મરજીથી અને અમારા આશીર્વાદથી આ કર્યું. તેથી હું તેની પ્રશંસા કરું છું.તેમની પુત્રીની પસંદગી પર ગર્વ અને ખુશી વ્યક્ત કરતા પીઢ અભિનેતાએ તેમના વલણને વધુ વિગતવાર સમજાવ્યું હતું. તેમણે કહ્યું હતુંકે, 'જો હું મારી દીકરી સાથે નહીં ઊભો રહીશ તો કોણ ઊભું રહેશે, મારી પત્ની પૂનમ સિંહા અને હું તેના લગ્નની ઉજવણી કરવા સાથે ઊભા હતા. તે ખૂબ જ આનંદની ક્ષણ હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમનું પ્રાથમિક ધ્યાન તેમના બાળકોના સંતોષ પર છે.

સોનાક્ષી અને ઝહીરને 'મેડ ફોર ઈચ અધર' ગણાવતા શત્રુઘ્ને કહ્યું કે, 'માતા-પિતા હંમેશા તેમના બાળકોની ખુશી માટે ઉભા રહે છે અને મને લાગે છે કે અમારા બાળકો ખુશ છે. હું તેમને 'મેડ ફોર ઈચ અધર' કહું છું અને અમે તેમના માટે ખૂબ જ ખુશ છીએ.તમને જણાવી દઈએ કે 7 વર્ષ સુધી



એકબીજાને ડેટ કર્યા બાદ સોનાક્ષી અને ઝહીરે 23 જૂને મુંબઈમાં તેમના એપાર્ટમેન્ટમાં સિવિલ વેડિંગ કર્યા હતા. આ પછી તેણે શિલ્પા શેટ્ટીની લક્ઝુરિયસ રેસ્ટોરન્ટ બાસ્ટિયનમાં ભવ્ય વેડિંગ રિસેપ્શનનું આયોજન કર્યું હતું જેમાં બોલીવુડની હસ્તીઓએ હાજરી આપી હતી.

# હેપ્પી બર્થડે માય જાન...',બોની કપૂરે બતાવી શ્રીદેવીની સુંદર તસવીર



(એજન્સી) મુંબઇ | તા. 13

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની પ્રથમ મહિલા સુપરસ્ટાર શ્રીદેવીની આજે 61મી જન્મજયંતિ છે. તેમનો જન્મ 13 ઓગસ્ટ 1963ના રોજ તમિલનાડુમાં થયો હતો. આજે તેમના જન્મદિવસ નિમિત્તે તેમનો પરિવાર તેમને યાદ કરીને ભાવુક થઈ રહ્યો છે. બોની કપૂરે ઈન્સ્ટાગ્રામ પર તેની સ્વર્ગસ્થ પત્નીની એક સુંદર તસવીર શેર કરી છે.શ્રીદેવીની તસવીર શેર કરતી વખતે બોની કપૂરે કેપ્શનમાં લખ્યું હતું કે, હેપ્પી બર્થડે માય જાન. બોની કપૂરની આ પોસ્ટ પર ઘણા લોકો તરફથી કોમેન્ટ આવી છે,તેઓ શ્રીદેવીને યાદ કરીને ભાવુક થઈ રહ્યા છે.

**1990ના દાયકાની યાદો તાજી કરી**

# એમેઝોન મિનીટીવીએ 'યે મેરી ફેમિલી સિઝન 4' માટે ટ્રેલર લોંચ કર્યું




(એજન્સી) મુંબઇ | તા. 13

એમેઝોન ફ્રી વીડિયો સ્ટ્રીમિંગ સર્વિસ એમેઝોન મિનીટીવીએ જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી એ યે મેરી ફેમિલી, પાવર્ડ બાય મામાઅર્થની ચોથી સિઝનનું અધિકૃત ટ્રેલર પ્રસ્તુત કર્યું છે. આ સંપૂર્ણપણે નવી સિઝન 16 ઑગસ્ટથી પ્રસારિત થશે, જે આપણને 1990ના દાયકાની યાદો તાજી કરાવશે. એ સમયગાળો નિર્દોષ આનંદ, હૃદયપૂર્વકના સંબંધો અને પરિવારના સભ્યો વચ્ચે અતૂટ બંધનનો હતો. 1995ના ચોમાસામાં શરૂ થતી સિઝન 4 અવસ્થી પરિવારના રોજિંદા સાહસોને આગળ વધારે છે, તો સાથે સાથે ઋષિ અને રિતિકા એ ભાઈબહેનના નટખટ અને હૃદયસ્પર્શી સંબંધને રજૂ કરે છે. ટીવીએફ દ્વારા નિર્મિત નવી સિઝનનું લોકપ્રિય કલાકારો સાથે પુનરાગમન થયું છે, જેમાં હેતલ ગડા, અંગદ રાજ, રાજેશ કુમાર અને જુહી પરમાર સામેલ છે.

ટ્રેલર નવી સિઝનની આનંદદાયક ઝલક પ્રસ્તુત કરે છે. તેમાં ઋષિના નટખટ તોફાનોથી લઈને રિતિકાની કિશોરાવસ્થાના સંઘર્ષ સુધી વિવિધ પડકારો ઉપરાંત પરિવારની એકતાનો આનંદ સુંદર રીતે રજૂ થયો છે. તેમાં વરસાદમાં નૃત્ય અને કાગળની હોડીઓ બનાવવાની યાદો તાજી થાય છે, જે બાળપણના સરળ આનંદને જીવંત કરે છે. સિઝન 4 ઋષિ અને રિતિકાનાં રમતિયાળ તોફાનો અને બંને વચ્ચે ઊંડો સંબંધ ભાઈબહેનનો પ્રેમ વ્યક્ત કરે છે, જે ચડાવઉતારમાં પણ તેમનું જોડાણ કેટલું મજબૂત છે એ દર્શાવે છે. પ્રેમ, આનંદ અને પારિવારિક ક્ષણોના ચમત્કાર સાથે નવી સિઝન 1990ના દાયકાને પુનર્જીવિત કરે છે, જે દર્શકોને તેમના બાળપણની યાદો સાથે ફરી જોડી દે છે.


ચોથી સિઝનના પુનરાગમન પર પોતાનો આનંદ વ્યક્ત કરીને જુહી પરમારે કહ્યું હતું કે, "નીરજાને બહુ પ્રેમ મળ્યો છે અને હું એ બદલ દર્શકોની આભારી છું. આ પાત્ર મને ઓટીટી પર મારા શરૂઆત છે અને તેમાં મને પણ મારો 1990ના દાયકાનો ગાળો યાદ આવે છે. લોકોને નીરજાની સાદગી અને બહારથી કડક પરંતુ અંદરથી કોમળ હૃદય પસંદ છે. આ આપણાં દેશમાં દરેક માતા અને મહિલા સાથે પ્રસ્તુત છે. મને ખુશી છે કે, યે મેરી ફેમિલી સાથે અમે જીવનની સરળ ખુશીઓ પર અમારા દર્શકો સાથે ફરી જોડાયા છીએ. એક સમયે આપણાં જીવનમાં નાની ખુશીઓ પણ મોટું મહત્વ ધરાવતી હતી. હું ઉતારચઢાવ, હસીખુશી, લાગણીઓ વગેરે સાથે વધુ એક સિઝન સાથે અમારા દર્શકોને મનોરંજન પૂરું પાડવા આતુર છું."

એમેઝોન મિનીટીવીના કન્ટેન્ટ હેડ અમોઘ દુસાદે કહ્યું હતું કે, "યે મેરી ફેમિલી અમારી કન્ટેન્ટ ઓફરનું અભિન્ન અંગ બની ગઈ છે અને અમને એમેઝોન મિનીટીવી પર એની ચોથી સિઝન પ્રસ્તુત કરવા પર ગર્વ છે. 1990ના દાયકાના પારિવારિક જીવનની અધિકૃત રજૂઆત સમગ્ર ભારતમાં દર્શકો માટે પ્રસ્તુત છે અને તેમને ગમશે.

# સલીમ-જાવેદના પ્રખ્યાત સિનેમેટિક વારસાને દર્શાવતી ડોક્યુઝરીઝ "એન્ગ્રી યંગ મેન" નું ટ્રેલર, પ્રાઇમ વિડિયો પર રિલીઝ

(એજન્સી) મુંબઇ | તા. 13

ભારતના મનપસંદ મનોરંજન પ્લેટફોર્મ પ્રાઇમ વિડિયોએ તેની નવી ઓરિજિનલ ડોક્યુઝરીઝ, 'એન્ગ્રી યંગ મેન' નું જડબેસલાક ટ્રેલર રિલીઝ કર્યું છે. ત્રણ ભાગની શ્રેણી પ્રખ્યાત લેખન જોડી સલીમ ખાન અને જાવેદ અખ્તરના જીવન અને કારકિર્દી પર આધારિત છે, જેઓ સલીમ-જાવેદ તરીકે જાણીતા છે. 1970ના દાયકામાં સલીમ-જાવેદે 'એન્ગ્રી યંગ મેન' હીરોને બોલિવૂડમાં લાવીને ભારતીય સિનેમાને સંપૂર્ણપણે બદલી નાખ્યું હતું. તેણે રોમાન્સથી દૂર જઈને એક્શન-ડ્રામા પર ધ્યાન કેન્દ્રિત કર્યું, જે ખૂબ જ લોકપ્રિય બન્યું. સલમાન ખાન ફિલ્મ્સ, એક્સેલ મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટ અને ટાઈગર બેબી દ્વારા નિર્મિત, એંગ્રી યંગ મેન સલમા ખાન, સલમાન ખાન, રિતેશ સિધવાની, ફરહાન અખ્તર, ઝોયા અખ્તર અને રીમા કાગતી દ્વારા નિર્મિત એક્ઝિક્યુટિવ છે. ડિરેક્ટર નમ્રતા રાવ આ સાથે ડેબ્યૂ કરી રહી છે. એંગ્રી યંગ મેનનું પ્રીમિયર 20 ઓગસ્ટે ભારતમાં અને 240થી વધુ દેશોમાં પ્રાઇમ વીડિયો પર થશે. આ પ્રાઇમ સભ્યો માટે ઉપલબ્ધ નવીનતમ શો છે.




દસ્તાવેજી શ્રેણીના ટ્રેલરમાં સલીમ-જાવેદની હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયી વાર્તા બતાવવામાં આવી છે. તે પ્રેક્ષકોને તેમના દ્વારા બનાવેલ બોલિવૂડની દુનિયામાં લઈ જાય છે અને દિવાર, ડોન, શોલે, ત્રિશુલ અને દોસ્તાના જેવી તેમની પ્રખ્યાત ફિલ્મોનું પ્રદર્શન કરે છે, જેણે ભારતીય સિનેમાને ખૂબ પ્રભાવિત કર્યો છે. આ દસ્તાવેજી શ્રેણી નમ્ર શરૂઆતથી પ્રખ્યાત પટકથા લેખક બનવા સુધીની તેમની સફર દર્શાવે છે. તેમાં દુર્લભ વિન્ટેજ ફૂટેજનો સમાવેશ થાય છે જે તેઓએ એકસાથે બનાવેલી 24 ફિલ્મોમાં તેમના અંગત જીવન, મિત્રતા અને સર્જનાત્મકતાની શોધ કરે છે. આ દસ્તાવેજોમાં અમિતાભ બચ્ચન, જયા બચ્ચન, હેમા માલિની, હેલન, સલમાન ખાન, હૃતિક રોશન, આમિર ખાન અને કરીના કપૂર ખાન જેવા સ્ટાર્સની ખૂબ જ પ્રેમાળ ટિપ્પણીઓ શામેલ છે. તે કહે છે કે કેવી રીતે સલીમ-જાવેદે તેની કારકિર્દીને પ્રભાવિત કરી છે.

સલીમ ખાન કહે છે, "મેં એક અભિનેતા તરીકે મારી કારકિર્દીની શરૂઆત કરી હતી, પરંતુ મને જાણવા મળ્યું કે મારી વાસ્તવિક તાકાત વાર્તા કહેવામાં છે. તેથી, મેં લેખન પર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યું, જે મારા માટે વધુ સ્વાભાવિક હતું. હું જાવેદને મળ્યો, જેઓ લખવાનો શોખ ધરાવતા હતા, અને અમે સાથે મળીને કેટલીક મહાન કૃતિ બનાવી છે જેનો મને ખૂબ ગર્વ છે. અમે સફળ પ્રવાસ કર્યો અને ઉદ્યોગના ધોરણોને પડકાર્યા. તે મહાન છે કે અમારી વાર્તા ભવિષ્યની પેઢીઓ માટે રેકોર્ડ કરવામાં આવી રહી છે. હું આશા રાખું છું કે તે લોકોને તેમનું શ્રેષ્ઠ કરવા અને સમાજની મર્યાદાઓથી પાછળ ન રહેવા માટે પ્રેરણા આપશે. પ્રાઇમ વિડિયો પર અમારી વાર્તા જોવા માટે હું દરેક જગ્યાએ લોકો માટે ઉત્સાહિત છું.'

જાવેદ અખ્તર કહે છે, "જ્યારે હું એક યુવાન તરીકે આ શહેરમાં આવ્યો ત્યારે મારી પાસે નોકરી, કોઈ સંપર્ક અને પૈસા નહોતા અને હું ઘણીવાર ભૂખ્યો સૂઈ જતો. આ હોવા છતાં, મેં ક્યારેય હાર માની નહીં. હું હંમેશા જાણતો હતો કે હું મારા જીવનની વાર્તા વિશ્વ સાથે શેર કરવા માંગુ છું. અમે અમારી સફર શેર કરી હોવાથી અમારા પરિવાર, મિત્રો અને ઉદ્યોગ તરફથી અમને મળેલા સમર્થનથી અમે ખરેખર નમ્ર છીએ. હું દરેકને તેમના પ્રેમ માટે આભાર માનવા માંગુ છું. 'અમે પ્રાઇમ વિડિયો પર વિશ્વભરના લોકો સાથે અમારી વાર્તા શેર કરવા માટે ઉત્સાહિત છીએ, જે દર્શાવે છે કે અમે અમારા સપનાને હાંસલ કરવા માટે સંઘર્ષમાંથી કેવી રીતે આગળ વધ્યા.'

એંગ્રી યંગ મેન ડિરેક્ટર નમ્રતા રાવે તેના ડેબ્યૂ પ્રોજેક્ટ માટે તેની ઉત્તેજના શેર કરતાં કહ્યું, "સલીમ-જાવેદ વિશેની આ ડોક્યુઝરીનું નિર્દેશન કરવાનો અનુભવ ઘણો સારો રહ્યો છે. તેની વાર્તા પ્રેરણાદાયી અને રસપ્રદ ક્ષણોથી ભરેલી છે. ડિરેક્ટર તરીકે મારા માટે આ એક શાનદાર શરૂઆત રહી છે. સલીમ અને જાવેદ સાથે કામ કરવાથી મને લેખન, જીવન અને કલાકારોએ પડકારોનો સામનો કરવાની રીત વિશે ઘણું શીખવ્યું છે.

તેઓ કુદરતી વાર્તાકારો છે - પ્રામાણિક, રમુજી અને જીવનથી ભરપૂર. તેમની વાર્તાઓમાં ગહન વિચારોની સાથે રમુજી યાદો પણ છે. આ દસ્તાવેજી શ્રેણી 70ના દાયકાની મોટી ફિલ્મો પર પણ એક નજર નાખે છે. હું 20 ઓગસ્ટે ભારત અને 240 દેશોમાં પ્રાઇમ વિડિયો પર આ બે દંતકથાઓની સાચી વાર્તા જોવા માટે દરેક માટે ઉત્સાહિત છું.

## સંક્ષિપ્ત સમાચાર

### ભારતીયોને ફરવા માટે આ દેશના વિઝા મેળવવાની સરળ છે પ્રોસેસ

દક્ષિણ પેસિફિકની મધ્યમાં સ્થિત ફિજીમાં ઘણાં ટાપુઓ છે. ફિજી તેની સંસ્કૃતિ માટે જાણીતું છે અને તેઓ પ્રવાસીઓને અનોખી રીતે આવકારે છે. પ્રવાસીઓ માટે બે મુખ્ય ટાપુ આકર્ષણો વિટી લેવુ અને વાનુઆ લેવુ છે. ફિજીમાં અદભૂત ખાનગી ટાપુઓ અને આઉટડોર એડવેન્ચરનો સમાવેશ થાય છે. ફિજીમાં વ્હાઈટ રેતીના દરિયાકિનારા અને અનેક ફરવાલાયક જગ્યાઓ છે. શા માટે ફિજી વિઝાની જરૂર છે? ભારતીય નાગરિકોને ફિજીની મુલાકાત લેવા માટે માન્ય વિઝાની જરૂર પડે છે. તમારે કયા પ્રકારના વિઝા માટે અરજી કરવાની જરૂર છે તે તમારી મુલાકાતના કારણો પર આધારિત છે. ફિજી વિઝા પાત્રતા ભારતીયોને ફિજીની મુસાફરી કરવા માટે વિઝાની જરૂર નથી, પરંતુ તેઓને તેમની મુલાકાતની કેટેગરીના આધારે સંબંધિત પરમિટની જરૂર છે. જો વ્યક્તિ 12 દિવસ માટે મુસાફરી કરી રહી હોય તો જ વિઝા લાગુ થશે નહીં. ફિજી અને ભારત વચ્ચેના રાજદ્વારી સંબંધો અને ફિજીની ઈમિગ્રેશન નીતિઓને કારણે, જો મુલાકાતનો સમયગાળો 12 દિવસનો હોય તો ભારતીય નાગરિકોએ વિઝા માટે અરજી કરવાની જરૂર નથી. પરંતુ અન્ય કિસ્સાઓમાં, મુલાકાતીએ પરમિટ માટે અરજી કરવી આવશ્યક છે. પરમિટ એ વિઝાનો વિકલ્પ નથી, પરંતુ વિઝાની જેમ, તેના પણ અલગ અલગ પ્રકારો છે જેના માટે અરજી કરવાની જરૂર છે.

### કેનેડા અને ઓસ્ટ્રેલિયાની આંખોમાં ખૂંચી રહ્યા છે ભારતના ત્રણ રાજ્યોના વિદ્યાર્થીઓ

ગત જૂન માસમાં, કેનેડાની સરકારે લગભગ 700 ભારતીય વિદ્યાર્થીઓને દેશનિકાલ કર્યો હતો, જેમાંથી મોટાભાગના પંજાબના હતા અને નકલી પાસપોર્ટ સાથે દેશમાં પ્રવેશ્યા હતા. આ મામલો ખૂબ જ વધી ગયો અને ભારત તરફથી હસ્તક્ષેપ કરવામાં આવ્યો. આવા બીજા ઘણા કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. કેનેડા અને ઓસ્ટ્રેલિયા ભારતીય વિદ્યાર્થીઓને વિઝા આપવામાં કંજૂસાઈ કરી રહ્યા છે. પબ્લિક ડોમેઈનમાં રહેલી માહિતી અનુસાર કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા પંજાબ, ગુજરાત અને હરિયાણાના વિઝા અરજદારો મોટી સંખ્યામાં અસ્વીકારનો સામનો કરી રહ્યા છે. તેનું કારણ એ છે કે આ દેશોએ નિયમો કડક કર્યા છે. આમાં, ખાસ કરીને ભારતના કેટલાક રાજ્યોના વિદ્યાર્થીઓને કડક તપાસનો સામનો કરવો પડી રહ્યો છે.રિપોર્ટમાં નિષ્ણાતોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે જે દેશોને લાગે છે કે ભારતીય ઈમિગ્રેશન ઈચ્છુક છે તેઓ સિસ્ટમ સાથે રમી રહ્યા છે અને વિદ્યાર્થી વિઝાનો સરળ માર્ગ પસંદ કરી રહ્યા છે. કેનેડા આનું સૌથી મોટું ઉદાહરણ છે. કેનેડામાં કાનૂની પ્રવેશ પછી, વ્યક્તિ પાસે પાસપોર્ટ ન હોવાનો દાવો કરીને આશ્રય માટે અરજી કરી શકાય છે. રિપોર્ટમાં નિષ્ણાતોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે જે દેશોને લાગે છે કે ભારતીય ઈમિગ્રેશન ઈચ્છુક છે તેઓ સિસ્ટમ સાથે રમી રહ્યા છે.

### પોલીસકર્મીઓ સાથે લડાઈ...સ્ટેશનોને આગ લગાડી

બ્રિટનમાં એક સપ્તાહ પહેલા એક સગીર છોકરાએ ઘણા લોકો પર ચાકુ વડે હુમલો કર્યો હતો. જેમાં 3 બાળકોના મોત થયા હતા. આ ઘટના બાદ બ્રિટનના લોકોમાં હિંસા ફાટી નીકળી હતી અને લોકોએ ઘણી જગ્યાએ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને હવે આ વિરોધ એટલો વધી ગયો છે કે પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. બ્રિટનમાં તાજેતરમાં બાળકો પર થયેલા હુમલા બાદ 3 ઓગસ્ટ શનિવારના રોજ હિંસા ફાટી નીકળી હતી. લોકો પોલીસ વિરુદ્ધ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને તેમનો વિરોધ કરવા લાગ્યા હતા. આ તોફાનો એટલો ભડકી ગયો કે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો. આ પ્રદર્શનમાં ત્રણ પોલીસકર્મીઓ ઈજા થયાના સમાચાર છે. વધુ હિંસા બ્રિટનના સાઉથપોર્ટમાં જોવા મળી રહી છે બ્રિટનના 15 શહેરોમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે, જેમાંથી સૌથી વધુ હિંસા બ્રિટનના સાઉથપોર્ટમાં જોવા મળી રહી છે. થોડા દિવસો પહેલા એક 17 વર્ષના છોકરાએ ત્રણ બાળકોને છરીના ઘા મારીને મારી નાખ્યા હતા.

### ઓકલેન્ડમાં ખૂલશે ભારતનું મહાવાણિજ્ય દૂતાવાસ: રાષ્ટ્રપતિ મૂર્મુ

રાષ્ટ્રપતિ મૂર્મુ ન્યૂઝીલેન્ડની મુલાકાતે, ભારતીય સમુદાયને સંબોધન ભારત-ન્યૂઝીલેન્ડના સંબંધોના વિકાસમાં ભારતીય સમુદાયનું મોટું પ્રદાન

રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત તે વિશ્વમાં લોકશાહીનું પ્રતીક છે ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં ટૂંકમાં ભારતનું મહાવાણિજ્ય દૂતાવાસ ખૂલશે. રાષ્ટ્રપતિ મૂર્મુએ આ જાણકારી આપતાં જણાવ્યું હતું કે અહીં મહાવાણિજ્ય દૂતાવાસ ખૂલતાં ભારત-ન્યૂઝીલેન્ડના સંબંધો વધુ મજબૂત થશે અને ન્યૂઝીલેન્ડમાં વસી રહેલા ભારતીય સમુદાયને પણ લાભ થશે. રાષ્ટ્રપતિ મૂર્મુ હાલમાં ન્યૂઝીલેન્ડના પ્રવાસે છે. ઓકલેન્ડમાં ભારતીય સમુદાયને સંબોધન કરતાં રાષ્ટ્રપતિએ આ જાણકારી આપી હતી. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ ભારતીય મૂળના લોકોની ઉપલબ્ધિને બિરદાવી હતી. રાષ્ટ્રપતિ મૂર્મુ પહેલી જ વાર ન્યૂઝીલેન્ડની મુલાકાતે છે. તેમણે કહ્યું કે,'ભારત અને ન્યૂઝીલેન્ડ બહુ આયામી સંબંધો ધરાવે છે. આ સંબંધોના વિસ્તારમાં ભારતીય સમુદાયનું મહત્ત્વનું યોગદાન છે. મને તે કહેતાં ખુશી થાય છે.

### શેખ હસીનાએ પહેલીવાર કર્યો ખુલાસો

# ચીન કે પાકિસ્તાન નહીં, આ દેશ હતો તખ્તાપલટનું કારણ...



(એજન્સી) ઢાકા | તા 13

બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓ માટે વિવાદાસ્પદ ક્વોટા સિસ્ટમને લઈને વિદ્યાર્થીઓમાં ભારે રોષ હતો અને તેઓ તેને નાબૂદ કરવા માટે દેશભરમાં વિરોધ કરી રહ્યા હતા. વિદ્યાર્થીઓના ભારે વિરોધ અને મોટા પાયે હિંસાના ડરને કારણે, શેખ હસીનાએ 5 ઓગસ્ટે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું અને દેશ છોડી દીધો. ચીન કે પાકિસ્તાન નહીં, આ દેશ હતો તખ્તાપલટનું કારણ...શેખ હસીનાએ પહેલીવાર કર્યો ખુલાસોબાંગ્લાદેશમાં ભારે વિરોધ બાદ વડાપ્રધાન શેખ હસીનાએ ગયા અઠવાડિયે પોતાના પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું અને તેમને દેશ છોડવાની ફરજ પડી હતી. શેખ હસીનાએ તેમના નાટકીય રાજીનામા પછી અને દેશ છોડીને ભારતમાં ભાગી ગયા પછી પ્રથમ વખત ખુલ્લેઆમ વાત કરી છે, તેમની અણધારી હકાલપટ્ટીમાં અમેરિકાની ભૂમિકા તરફ ઈશારો કર્યો છે. મીડિયા અહેવાલ મુજબ, પૂર્વ પીએમ શેખ હસીનાએ કહ્યું છે કે, દેશમાં વધુ હિંસા ન થાય તે માટે મેં રાજીનામું આપ્યું. તેમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓના મૃતદેહો પર રાજકારણ કરી સત્તા મેળવવાનો હતો.

#### સત્તા પરથી હટાવવામાં અમેરિકાનો હાથ

શેખ હસીનાએ એવો પણ દાવો કર્યો હતો કે, જો મેં સેન્ટ માર્ટિન આઈલેન્ડની સર્વોપરિતા છોડી દીધી હોત અને અમેરિકાને બંગાળની ખાડી પર નિયંત્રણ મેળવવાની મંજૂરી આપી હોત, તો હું હજુ પણ સત્તામાં હોત. વધુમાં તેમણે કહ્યું કે, હું મારા લોકોને વિનંતી કરું છું, કૃપા કરીને કટ્ટરપંથીઓ દ્વારા ગેરમાર્ગે દોરાશો નહીં. અગાઉ મે મહિનામાં શેખ હસીનાએ બાંગ્લાદેશ અને મ્યાનમારના ભાગોને વિભાજિત કરીને પૂર્વ તિમોર જેવું ખ્રિસ્તી રાજ્ય બનાવવાનું ષડયંત્ર હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો.

#### મારા ભાષણ સાથે છેડછાડ કરવામાં આવી : હસીના

વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને સંબોધતા શેખ હસીનાએ સ્પષ્ટતા કરી હતી કે તેમણે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને ક્યારેય 'રઝાકર' કહ્યા નથી. અવામી કરવામાં આવી હતી. તમે લોકો તે દિવસનો મારો આખો વીડિયો જુઓ અને સમજો કે કેવી રીતે કાવતરાખોરોએ દેશને અસ્થિર કરવા માટે તમારી નિર્દોષતાનો ફાયદો ઉઠાવ્યો છે.

**ક્વોટા સિસ્ટમને કારણે હિંસા શરૂ થઈ** સરકારી નોકરીઓ માટે વિવાદાસ્પદ ક્વોટા સિસ્ટમને લઈને વિદ્યાર્થીઓમાં ભારે રોષ હતો અને તેઓ તેને નાબૂદ કરવા માટે દેશભરમાં વિરોધ કરી રહ્યા હતા. વિદ્યાર્થીઓના ભારે વિરોધ અને મોટા પાયે હિંસાના ડરને કારણે, શેખ હસીનાએ 5 ઓગસ્ટે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું અને દેશ છોડી દીધો.હસીનાએ દેશમાં થઈ રહેલી વ્યાપક હિંસા, પાર્ટીના નેતાઓની હત્યા, કાર્યકર્તાઓની ઉત્પીડન અને તોડફોડ અંગે ઊંડું દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે, જ્યારે મને સમાચાર મળ્યા કે હિંસામાં ઘણા નેતાઓ માર્યા ગયા છે, કાર્યકરોને હેરાન કરવામાં આવી રહ્યા છે અને તેમના ઘરોમાં ભારે તોડફોડ અને આગચંપી કરવામાં આવી રહી છે, ત્યારે મારું દિલ રડી રહ્યું છે. ભગવાનની કૃપાથી હું જલ્દી પાછી આવીશ. અવામી લીગ વારંવાર ઉભી થઈ છે. હું હંમેશા બાંગ્લાદેશના ભવિષ્ય માટે પ્રાર્થના કરીશ, મારા પિતાએ આ દેશ માટે ખૂબ મહેનત કરી છે.

## છોકરીઓ માટે લગ્નની ઉંમર ઘટાડીને 9 વર્ષ કરવાની તૈયારી, ઈરાકના આ કાનુન પ્રસ્તાવ પર દૂનિયાભરમાં ચકચાર

(એજન્સી) બગદાદ | તા 13

ઈરાકમાં શિયા ઈસ્લામી પક્ષો અંગત કાયદામાં સુધારો કરવા માટે એકત્ર થઈ રહ્યા છે. આ અંતર્ગત દેશમાં 9 વર્ષની છોકરીઓના લગ્નને કાયદાકીય મંજૂરી મળશે. હાલમાં તેની લગ્નની ઉંમર 18 વર્ષ છે. જો કે, બહુ ઓછા લોકો આ નિયમનું પાલન કરે છે. જો કે, 80% અમેરિકામાં પણ 'ખાસ સંજોગો'માં બાળ લગ્નની પરવાનગી આપવામાં આવી છે. ઈરાકમાં ક્રૂરતા : છોકરીઓ માટે લગ્નની ઉંમર ઘટાડીને 9 વર્ષ કરવાની તૈયારી, ઈરાકના આ કાનુન પ્રસ્તાવ પર દૂનિયાભરમાં ચકચાર ઈરાકમાં એક નવો કાયદો લાવવાની તૈયારીમાં છે, જેમાં છોકરીઓના લગ્નની લઘુત્તમ વય નવ વર્ષ નક્કી કરવામાં આવી છે. આ કાયદાનો ડ્રાફ્ટ ઈરાકી સંસદમાં રજૂ કરવામાં આવ્યો છે.

ઈરાકના રૂઢિચુસ્ત શિયા પક્ષો સંસદમાં વ્યક્તિગત કાયદામાં સુધારા માટે દબાણ કરી રહ્યા છે, જે નવ વર્ષની ઉંમરની બાળકીઓ લગ્ન કરવાની મંજૂરી આપશે. મહિલા અધિકાર સંગઠનો આ બિલને લઈને ચિંતિત છે. મહિલાઓ અને માનવાધિકાર સંગઠનોએ તેને પિતૃસત્તાને પ્રોત્સાહન આપતું ગણાવ્યું છે. કેવો છે અત્યાર સુધીનો કાયદો મિડલ ઈસ્ટ આઈ અનુસાર, પર્સનલ સ્ટેટસ એક્ટ 1959ના નિયમ 188ને બદલવાની વાત થઈ રહી છે. જૂનો નિયમ અબ્દુલ કરીમ કાસિમ સરકારે બનાવ્યો હતો. કાસિમ એક પ્રગતિશીલ ડાબેરી તરીકે જાણીતા હતા, જેમના સમય દરમિયાન ઘણા મોટા ફેરફારો લાવવામાં આવ્યા હતા.



આમાંથી એક હતી છોકરીઓના લગ્ન 18 વર્ષની થાય પછી જ. તે પચાસના દાયકાના અંતમાં સમગ્ર મધ્ય પૂર્વમાં શ્રેષ્ઠ કાયદાઓમાંનો એક માનવામાં આવતો હતો. માત્ર લગ્ન જ નહીં, આ નિયમમાં બીજી ઘણી બાબતો પણ કહેવામાં આવી છે,

જેમ કે પુરુષો તેમની ઈચ્છા મુજબ બીજી વાર લગ્ન કરી શકતા નથી. કાયદા મુજબ જો કોઈ મુસ્લિમ પુરુષ અને બિન-મુસ્લિમ મહિલા લગ્ન કરવા ઈચ્છે છે તો તેના પર કોઈ શરત કે પૂર્વશરત રહેશે નહીં.પ્રસ્તાવિત બિલમાં કહેવામાં આવ્યું છે કે પતિ-પત્નીએ અંગત બાબતોના સમાધાન માટે સુન્ની અથવા શિયા ધર્મમાંથી કોઈ એકની પસંદગી કરવી પડશે.

લગ્ન કરારમાં કયા ધર્મનું પાલન કરવું તે અંગે કોઈ વિવાદ હશે તો પતિના ધર્મ અનુસાર કરાર ગણવામાં આવશે. તેમાં કહેવામાં આવ્યું છે કે શિયા કાયદો જાફરી કાયદા પર આધારિત હશે, જે લગ્ન, છૂટાછેડા, બાળક દત્તક અને વારસા જેવી બાબતો સાથે સંબંધિત છે. આ અંતર્ગત 9 વર્ષની છોકરીઓ અને 15 વર્ષના છોકરાઓના લગ્ન કાયદેસર છે.

## વિશ્વની આ દિગ્ગજ આઈટી કંપનીએ ઈરાન અંગે ભયંકર દાવો કર્યો

(એજન્સી) ન્યૂયોર્ક | તા 13

વિશ્વની દિગ્ગજ આઈટી કંપની માઈક્રોસોફ્ટ આઈટી કંપની ઓનલાઈન ગતિવિધિઓમાં તેજી લાવ્યું છે ઈરાનનો હેતુ અમેરિકી ચૂંટણીને અસર કરવાનો હોવાનો દાવો થઈ રહ્યો છે અમેરિકામાં આગામી પાંચમી નવેમ્બરે રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાશે વિશ્વની દિગ્ગજ આઈટી કંપની માઈક્રોસોફ્ટે દાવો કર્યો છે કે ઈરાન ઓનલાઈન ગતિવિધિઓમાં ઝડપ લાવી રહ્યું છે. જેનો હેતુ અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીને અસર કરવાનો હોવાનું લાગી રહ્યું છે.

કંપનીએ કહ્યું કે આ મામલે ઈ-મેઈલ ફિશિંગ હુમલાથી રાષ્ટ્રપતિ ચૂંટણી પ્રચાર અભિયાનને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યો છે. ખાનગી અથવા ઓનલાઈન ખાતાઓની જાણકારી ચોરવાનો પ્રયાસને ફિશિંગ કહેવામાં આવે છે. આ માટે છેતરપિંડી ધરાવચા ઈ-મેઈલ, સંદેશ, જાહેરાત અથવા આવી સાઈટનો ઉપયોગ કરવામાં આવે છે જે આ સાઈટની જેવી જ દેખાય છે. જેને પહેલાથી તમે ઉપયોગ કરી રહ્યા છો.આ દરમ્યાન યુનોના મિશને આ વાતથી ઈનકાર કર્યો છે તે તે અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં દખલગીરી કરવાનો અથવા સાયબર હુમલો કરવાની કોઈ યોજના છે. વિશ્વની દિગ્ગજ આઈટી કંપનીએ ઈરાનને લઈ કરેલા વિસ્ફોટક દાવામાં અમેરિકામાં અરાજકતા ફેલાવા સિવાય ઈરાનના ઈરાદા અંગે કશું નથી જણાવ્યું. અમેરિકી તંત્રએ જો કે અગાઉ જ સંકેત આપ્યા હતા કે ઈરાન વિશેષ રૂપથી અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો વિરોધ કરે છે. રિપોર્ટમાં એવો પણ ખુલાસો કરાયો છે કે કઈ રીતે રશિયા અને ચીન ભવિષ્યમાં પોતાના ભાગલાવાદી સંદેશને આગળ ધપાવવા માટે અમેરિકી રાજકીય ધ્રુવીકરણનો ફાયદો ઉઠાવી રહ્યા છે.માઈક્રોસોફ્ટના રિપોર્ટમાં ઈરાનમાં તાજેતરની ગતિવિધિઓના ચાર ઉદાહરણોની ઓળખ કરવામાં આવી છે.

## બાંગ્લાદેશમાં હિંદુઓ પર હુમલાને લઈ અમેરિકામાં વ્હાઈટ હાઉસ બહાર પ્રદર્શન

(એજન્સી) ઢાકા | તા 13

બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચારોને લઈ અમેરિકામાં અવાજ ઉઠાવાયો અમેરિકામાં વ્હાઈટ હાઉસ બહાર મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ વિરોધ પ્રદર્શન કર્યું અમેરિકી સાંસદે વિદેશ મંત્રી એન્ટની બ્લિંકનને પત્ર લખી બાંગ્લાદેશમાં કાર્યવાહી કરવા ઉલ્લેખ કર્યો ભારતના પાડોશી દેશ એવા બાંગ્લાદેશમાં છેલ્લા ઘણા સમયથી હિંસા વકરી છે અને હિંદુઓ પર થઈ રહેલા સતત હુમલાને લઈ અમેરિકામાં પણ અવાજ ઉઠયો છે. બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલી હિંસાને લઈ વોશિંગ્ટન ડીસીમાં વ્હાઈટ હાઉસ બહાર મોટી સંખ્યામાં લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ભારતીય મૂળના બે મુખ્ય અમેરિકી સાંસદોએ બાંગ્લાદેશમાં લઘુમતી હિંદુઓ વિરુદ્ધ થઈ રહેલા હુમલા રોકવા અમેરિકાના સીધા હસ્તક્ષેપની માંગ કરી છે. તેઓએ આ વાતનો ઉલ્લેખ કર્યો છે આ વિસ્તારમાં ધાર્મિક અસહિષ્ણુતા અને હિંસા પ્રેરિત અસ્થિરતા અમેરિકા અથવા તેના સહયોગીઓના હિતમાં નથી. બાંગ્લાદેશમાં હિંદુ સમુદાય પર હુમલા રોકવાની માંગ

નોબલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસે ગુરુવારે બાંગ્લાદેશમાં વચગાળા સરકારના પ્રમુખના રૂપે શપથ લીધા હતા. શેખ હસીના સરકારના પતન બાદ બાંગ્લાદેશમાં હિંસામાં ઘણા મંદિરો, દુકાનો, વ્યવસાયોમાં તોડફોડ., આગચંપી કરાઈ, મહિલાઓ પર હુમલા કરાયા અને અવામી લીગ સાથે સંકળાયેલા બે હિંદુ નેતાઓની હત્યા કરવામાં આવી હતી.અમેરિકી સાંસદ થાનેદારે બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ હુમલાઓને લઈ વિદેશ મંત્રી એન્ટની બ્લિન્કનને પત્ર લખી હુમલા રોકવા અને અમેરિકાએ દખલગીરી કરવાની માંગ કરી હતી. આ સિવાય બાઈડન સરકારને વિનંતી કરી હતી કે બાંગ્લાદેશી હિંદુઓ અને બીજા ધાર્મિક લઘુમતીઓને શરણાર્થીઓના રૂપમાં હંગામી સુરક્ષાનો દરજ્જો આપે તેવી પણ માંગ કરી હતી.

## ઈઝરાયલને પડયો કંઈક આવો ફટકો, હિઝબુલ્લાએ આ સિસ્ટમ નાશ કરી

(એજન્સી) જેરુસલેમ | તા 13

ઈઝરાયલની ઘણી આયરન ડોમ મિસાઈલ સિસ્ટમ હિઝબુલ્લાએ નષ્ટ કરી હમાસ અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા 10 મહિનાથી ભીષણ યુદ્ધ યથાવત્ હવે ઈઝરાયલ, હિઝબુલ્લા, હમાસ અને ઈરાન વચ્ચે સ્થિતિ તંગ મિડલ ઈસ્ટમાં હમાસના વડા ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ સ્થિતિ તંગ છે. જેથી ઈરાન, હમાસ અને હિઝબુલ્લા વચ્ચે ગમે તે સમયે યુદ્ધ ફાટી નીકળે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આ દરમિયાન ઈઝરાયલ સાથે બદલો લેવા હિઝબુલ્લાએ પણ નવી રીત શોધી કાઢી છે. શનિવારે હિઝબુલ્લાના લડવૈયાઓએ દક્ષિણી લેબેનોનના ટાઉન અને ગામડાઓ પર હુમલાનો બદલો લીધો છે. હુમલા બાદ હિઝબુલ્લાનું નિવેદન આવ્યું જુદાજુદા સૈન્ય ઠેકાણાઓને ટાર્ગેટ બનાવતા ઈઝરાલના કબ્જો ધરાવતા વિસ્તાર એવા ઉત્તરમાં ઘણા ઓપરેશન પાર પાડયા. મળતી માહિતી પ્રમાણે હિઝબુલ્લાએ આ હુમલામાં ઈઝરાયલના ઘણા આયરન ડોમ મિસાઈલ સિસ્ટમ નષ્ટ કરી નાખી છે. હિઝબુલ્લાહે કહ્યું કે તેણે લેબનીઝ હસ્તકના કાફ્ર શુબા ટેકરીઓમાં અલ-સમાકા, રામિમ બેરેક્સ અને અલ-મલિકિયા સહિત અન્ય કેટલીક ઈઝરાયેલી સાઈટ્સને પણ નિશાન બનાવી છે.આયરન ડોમ એક ટૂંકી રેન્જની સપાટીથી હવાઈ સંરક્ષણ સિસ્ટમ છે. આ સિસ્ટમમાં રડાર અને તામિર ઈન્ટરસેપ્ટર મિસાઈલનો સમાવેશ થાય છે જે ઈઝરાયેલ પર રોકેટ, તોપ અને મોર્ટાર તેમજ એરક્રાફ્ટ, હેલિકોપ્ટર અને યુએવીનો પ્રતિકાર કરવા માટે થાય છે.

## બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર હિંસા અંગે મોહમ્મદ યુનુસનું મોટું નિવેદન

(એજન્સી) ઢાકા | તા 13

નોબલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસે લઘુમતી સમુદાય પર હુમલાની ઘટનાને વખોડી કાઢી હતી યુવાનોને લઘુમતીઓના રક્ષણ કરવાની અને દેશને બેઠો કરવા આહવાન કર્યું હતું ઢાકામાં દેખાવોને જોતા સુપ્રીમ કોર્ટના પાંચ જજના રાજીનામા પડયા

પાડોશી દેશ એવા બાંગ્લાદેશમાં અરાજકતા, હિંસા અને ઉપદ્રવ વચ્ચે પૂર્વ પીએમ શેખ હસીનાએ ગત સોમવારે બપોર બાદ પીએમ પદથી રાજીનામું આપી ફરાર થઈ ગયા હતા. હવે બાંગ્લાદેશમાં વચગાળાની સરકાર બની ગઈ છે અને તેના નેતા નોબલ પુરસ્કાર વિજેતા મોહમ્દ યુનુસ બન્યા છે. શનિવારે હિંસા પ્રભાવિત દેશમાં લઘુમતી સમુદાયો પર હુમલાની ઘટનાને મોહમ્મદ યુનુસે વખોડી કાઢીને આને જઘન્ય ગુનો ગણાવ્યો હતો. આ સિવાય તેમને યુવાનોને તમામ હિંદુ, ખ્રિસ્તી અને બૌદ્ધ પરિવારને હિંસા વિરોધી પ્રદર્શનથી નુકસાનથી બચાવવાનો



આગ્રહ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશમાં પાંચમી ઓગસ્ટે શેખ હસીનાની આગેવાની ધરાવચી સરકારના પતન પછી બાંગ્લાદેશમાં લઘુમતી સમુદાયોના 52 જિલ્લામાં હુમલામાં 205 ઘટનાઓ થઈ હતી. હિંસાથી બચવા હજારો બાંગ્લાદેશી હિંદુ પાડોશી દેશ ભારતમાં આવવાનો પ્રયાસ કરી રહ્યા છે. મોહમ્મદ યુનુસે યુવાનોને કરી અપીલ મળતી માહિતી અનુસાર, વિરોધ પ્રદર્શનમાં સૌથી આગળ રહેનારા વિદ્યાર્થીઓને નોબલ પુરસ્કાર વિજેતા યુનુસે આગ્રહ કર્યો હતો કે તેઓ પોતાની પ્રગતિને નબળી કરવાનો પ્રયાસ કરનારા પોતાના પ્રયાસો બરબાદ ન થવા દે. રંગપુર શહેરમાં આવેલી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરતા કહ્યું કે, તમારા પ્રયાસોને વ્યર્થ કરવા માટે ઘણા લોકો ઊભા છે. પરંતુ આ વખતે તેઓને અસફળ ન થાય. યુનુસે દેશમાં લઘુમતીઓ સમુદાયો પર હુમલાઓની ઘટનાને સ્પષ્ટ રીતે વખોડી કાઢી છે. અને આવા કૃત્યોને જઘન્ય જણાવ્યા હતા. યુનુસે કહ્યું કે શું તેઓ આ દેશના લોકો નથી. તમે દેશને બચાવવામાં સક્ષમ છો. શું તમે થોડા પરિવારોને નથી બચાવી શકતા. ? તમારે કહેવું જોઈએ કે કોઈ તેઓને નુકસાન નહીં પહોંચાડી શકતા. તેઓ મારા ભાઈ છે. અમે એકસાથે લડીશું અને અમે એક સાથે રહીશું. બાંગ્લાદેશ તમારા હાથમાં છે.

### ટ્રમ્પની કેમ્પેઈન ટીમે આના કોઈ પુરાવા નથી આપ્યા જે ડોક્યુમેન્ટ લીક થયા છે તેને ઈરાની હેકરોએ લીક કર્યા

# ટ્રમ્પનો ઈન્ટરનેશનલ મેસેજ હેક થતા ઈરાન પર લાગ્યો આરોપ



(એજન્સી) ન્યૂયોર્ક | તા 13

અમેરિકામાં નવેમ્બરમાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાશે ડોનાલ્ડ ટ્રમ્પના સંશોધન અને બીજા ડોક્યુમેન્ટ ધરાવતો ઈ-મેઈલ ઈરાને હેક કર્યાનો આરોપ

અમેરિકાની ચૂંટણીમાં ટ્રમ્પ અને કમલા હેરિસ ચૂંટણીની રેસમાં જગત જમાદાર એવા અમેરિકામાં આ વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી યોજાવાની છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અત્યારે ચૂંટણી પ્રચારમાં ભારે વ્યસ્ત છે. આ દરમિયાન તેઓના ઈન્ટરનેશનલ મેસેજને હેક કરવામાં આવ્યો છે. આ આરોપ ઈરાન પર લાગ્યો છે. ટ્રમ્પના કેમ્પેન ટીમનો દાવો છે કે કેટલાક ઈન્ટરનેશનલ કમ્યુનિકેશનને હેક કરી લેવામાં આવ્યા છે અને ઈરાનના હેકર્સે આ કૃત્ય આચર્યું છે. જો કે, આ અંગે કોઈ પુરાવા નથી આપ્યા. અમેરિકાના ઓહિયોના સેનેટર જેડી વેંસ પર કરેલા ઈન્ટરનેશનલ રિસર્ચ સહિત કેમ્પેન ડોક્યુમેન્ટ ઈ-મેઈલ કર્યા હતા. આમાં વેંસના ગત રેકોર્ડ અને તેના નિવેદન અંગે બધુ ઈ-મેઈલમાં હતું. વેંસની ફાઈલ 271 પેજની હતી. વેંસને ટ્રમ્પે પોતાના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર કર્યા છે. કેમ્પેન ટીમના અધિકારીએ જણાવ્યું કે, આ દસ્તાવેજનો હેતુ વર્ષ-2024ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં દખલગીરી કરવાનો હતો. રાજકીય દસ્તાવેજોની પ્રમાણિકતાની પુષ્ટિ કરી છે. મળતી માહિતી અનુસાર, જુલાઈના અંતમાં તેને ઈ-મેઈલ મળવો શરૂ થયો. તેને એવું પણ કહ્યું કે, તેની પાસે ફ્લોરિડીના સેનેટર માર્કો રૂબિયો પર જે સંશોધન કર્યું હતું, તેના દસ્તાવેજ મેઈલ પર આવ્યા હતા. માર્કો પણ ડેપ્યુટી પ્રેસિડેન્ટ પદના દાવેદાર હતા, જો કે, ટ્રમ્પની કેમ્પેઈન ટીમે આના કોઈ પુરાવા નથી આપ્યા જે ડોક્યુમેન્ટ લીક થયા છે તેને ઈરાની હેકરોએ લીક કર્યા છે પછી આનો કોઈ સંબંધ ઈરાન સરકારથી છે. ટ્રમ્પની ઝુંબેશને નિશાન બનાવી છે

ડોનાલ્ડ ટ્રમ્પની કેમ્પેન ટીમનું નિવેદન માઈક્રોસોફ્ટે એક અહેવાલ બહાર પાડ્યાના એક દિવસ પછી આવ્યું છે જેમાં જણાવાયું હતું કે ઈરાની હેકર્સે જૂનમાં યુએસ પ્રમુખપદના અનામી ઉમેદવારના અભિયાનને નિશાન બનાવ્યું હતું. માઈક્રોસોફ્ટ થ્રેટ એનાલિસિસ સેન્ટર દ્વારા ટ્રમ્પની ઝુંબેશ ટીમને એક ભાલા ફિશિંગ ઈ-મેલ મોકલવામાં આવ્યો હતો. તેમાં એક સંદેશ હતો, જે એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યો હતો કે તેમાં આપેલી લિંક પર ક્લિક કરવા માટે પ્રેરિત કરી શકાય. એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, છેલ્લા કેટલાક મહિનાઓથી ઈરાની ગતિવિધિઓ જોવા મળી રહી છે. ટ્રમ્પ ઝુંબેશના અધિકારીએ કહ્યું કે હેકિંગ અને વેન્સની આટલા ઓછા સમયમાં પસંદગી એમટીએસી રિપોર્ટમાં વર્ણવેલ ઈ-મેલ સાથે સુસંગત છે.

## ડૉક્ટરોના આ વિરોધને કારણે દિલ્હી, યુપી, એમપી અને મહારાષ્ટ્રમાં સારવાર સંબંધિત સુવિધાઓ પ્રભાવિત થઈ છે

# મહિલા ડૉક્ટરના રેપ-હત્યા કેસનો મામલો, દેશભરમાં OPD સેવાઓ બંધ રાખવાનું એલાન

(એજન્સી) નવી દિલ્હી | તા 13

કોલકાતામાં ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના મામલે આજે પણ દેશવ્યાપી હડતાળ ચાલુ છે. ડૉક્ટરોએ સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડા પાસેથી આ મામલાની નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન્સ (FAIMA)એ આજ (13 ઓગસ્ટ)થી દેશવ્યાપી વિરોધ અને OPD અને વૈકલ્પિક સેવાઓ બંધ રાખવાનું એલાન કરવામાં આવ્યું છે.

બીજી તરફ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યું કે 'જો પોલીસ રવિવાર સુધીમાં કેસનો ઉકેલ નહીં લાવે તો કેસ સીબીઆઈને ટ્રાન્સફર કરવામાં આવશે. આ ઘટનાથી દેશભરના તબીબોમાં રોષ જોવા મળી રહ્યો છે. ડોક્ટરોના આ વિરોધને કારણે દિલ્હી, યુપી, એમપી અને મહારાષ્ટ્રમાં સારવાર સંબંધિત સુવિધાઓ પ્રભાવિત થઈ છે.

આ દરમિયાન શહેરના પોલીસ કમિશ્નર વિનીત ગોયલે જણાવ્યું હતું કે તપાસ હજી પણ ચાલુ છે. તેમણે જણાવ્યું હતું કે પોલીસને આ કેસમાં મહત્ત્વની



કડીઓ મળી છે. આ કડીઓ બતાવે છે કે આ ગુનામાં સંજય એકલો ન હતો. કોલકાતાના પોલીસ કમિશ્નર વિનીત ગોયલે જણાવ્યું હતું કે મહિલા ડોક્ટરના રેપ અને મર્ડરના કેસમાં એક આરોપી સંજય રોયની ધરપકડ કરવામાં આવી છે અને તેઓ અન્ય લોકોની તલાશ કરી રહ્યા છે જેનો આ ઘટના સાથે સંબંધ છે. તેમણે જણાવ્યું હતું કે અમે એક હેલ્પલાઈન નંબર પણ શરૂ કર્યો છે, જો ડોક્ટરોને કોઈના પર પણ શંકા હોય તો તે ખાનગી રાહે જાણકારી આપી શકે છે. અમે બધા તેના કુટુંબના સંપર્કમાં છીએ.

કોલકાતા પોલીસે જણાવ્યું હતું કે અમને વિશ્વાસ છે કે જે લોકો આમાં સામેલ છે અમે તેમને આગામી ચારથી પાંચ દિવસમાં પકડી લઈશું. આમ છતાં તેના કુટુંબને સંતોષ નહીં થાય તો સીએમ મમતા બેનરજીએ કહ્યું તેમ સીબીઆઈને તપાસ સોંપી દેવાશે. પોલીસે જણાવ્યું હતું કે હત્યાંકાંડનો મુખ્ય આરોપી સંજય રોય હોસ્પિટલનો કર્મચારી ન હતા, પણ તે ઘણી વખત હોસ્પિટલના સંકુલમાં આવતો હતો. તે કોલકાતા પોલીસ સાથે વોલન્ટિયરના સ્વરૂપમાં કામ કરતો હતો. આ એક પ્રકારનો કોન્ટ્રાક્ટ હોય છે, તેમા તે ટ્રાફિક વ્યવસ્થા અને કુદરતી હોનારતો સહિત જુદા-જુદા પ્રકારના કાર્યોમાં પોલીસની મદદ કરતો હતો અને આ બદલ તેને મહિને રૂ. 12,000નું વેતન મળતું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### હર ઘર તિરંગા યાત્રા અભિયાન અંતર્ગત પાલનપુર શહેરના માર્ગો રાષ્ટ્ર પ્રેમ નાં રંગે રંગાયા



આજ રોજ પાલનપુર શહેરમાં હર ધર તિરંગા યાત્રા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નાં રાષ્ટ્ર પ્રેમ ઉજાગર કરવા ધરે ધરે તિરંગો ઝંડો લહેરાય એ અભિયાન સાથે આજે ત્રિરંગા યાત્રા પાલનપુર શહેર પોલીસ હેડ કવાર્ટર ખાતે થી યાત્રા નીકળી શહેરના અનેક વિસ્તારોમાં ફરી જીલ્લા કલેકટર કચેરીએ પહોંચી હતી યાત્રા માં વિશાળ સંખ્યામાં પોલીસ કર્મચારીઓ શહેરના નાગરિકો અને વિધાર્થીઓ જોડાયા હતા યાત્રા માં રાજ્ય સભાના સાંસદ શ્રી બાબુભાઈ દેસાઈ મુખ્ય મહેમાન પાલનપુર નાં ધારાસભ્ય શ્રી અનિકેત ભાઈ ઠાકર જીલ્લા કલેકટર વરુણકુમાર બરનવાલ જીલ્લા પોલીસ વડા શ્રી અક્ષયરાજ મકવાણા વેપારીઓ રાજકીય પક્ષો નાં આગેવાનો જોડાયા હતા યાત્રા માં સૌ કોઈ એ રાષ્ટ્ર પ્રેમ નાં નારા લગાવ્યા હતા.

### ભારતીય સેનાને મળી મોટી સફળતા, આતંકીઓના ખાસ મોડ્યૂલનો ખાત્મો, 8ની ધરપકડ

(એજન્સી) જમ્મુ | તા 13

જમ્મુ-કાશ્મીરમાં ભારતીય સેનાને મોટી સફળતા મળી છે. કેન્દ્રીય એજન્સીઓ દ્વારા ગુપ્ત માહિતી મળ્યા બાદ પોલીસે તપાસ કરી અને તેના આધારે આતંકવાદીઓના મુખ્ય મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. આ આતંકી મોડ્યુલ તાજેતરની ઘૂસણખોરીમાં પણ સામેલ હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ સામે ભારતીય સેનાને મોટી સફળતા મળી છે. 26 જૂને સેનાએ ગંડોહમાં સફળતાપૂર્વક ઓપરેશન પાર પાડ્યું હતું અને ત્રણ વિદેશી આતંકવાદીઓને ઠાર કર્યા હતા. આ પછી, પોલીસે કેન્દ્રીય એજન્સીઓ દ્વારા ગુપ્ત માહિતી મેળવીને તપાસ કરી અને તેના આધારે આતંકવાદીઓના મુખ્ય મોડ્યુલનો પર્દાફાશ થયો. આ આતંકી મોડ્યુલ તાજેતરની ઘૂસણખોરીમાં પણ સામેલ હતો. આ મોડ્યુલના કારણે ડોડા, ઉધમપુર અને કઠુઆના ઉપરના વિસ્તારોમાં આતંકવાદી ગતિવિધિઓ વધી છે. જમ્મુ-કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર, આ મોડ્યુલના નેતાઓએ સરહદ પારથી આતંકવાદી ઓપરેટરો સાથે મળીને સાંબા-કઠુઆ સેક્ટરમાં મોટા પાયે આતંકવાદીઓની ઘૂસણખોરી કરી હતી. આ મોડ્યુલ દ્વારા આતંકવાદીઓને આશ્રય, ખોરાક અને અન્ય નાની વસ્તુઓ પૂરી પાડવામાં આવતી હતી.

### એરપોર્ટ પરથી નકલી ભારતીય પાસપોર્ટ સાથે બાંગ્લાદેશી નાગરિકની ધરપકડ

મુંબઈ : પોલીસે મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી 25 વર્ષીય બાંગ્લાદેશી યુવકની ધરપકડ કરી છે. આરોપી ભારતીય પાસપોર્ટ પર સાઉદી અરેબિયા ભાગી જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મળતી માહિતી મુજબ, મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી સાઉદી અરેબિયા જવાનો પ્રયાસ કરી રહેલા 25 વર્ષીય બાંગ્લાદેશી નાગરિકની મુંબઈ પોલીસે સોમવારે ધરપકડ કરી હતી. એક અધિકારીએ જણાવ્યું કે આરોપીનું નામ મોહમ્મદ ઉસ્માન કરમત અલી બિશ્વાસ છે, જે 2012થી ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતો હતો.બિસ્વાસ 11 ઓગસ્ટે મુંબઈ એરપોર્ટથી સાઉદી અરેબિયાની ફ્લાઈટમાં ચઢવાનો પ્રયાસ કરી રહ્યો હતો, જેના માટે તેણે ઉસ્માન કિરામત સિદીકના નામના નકલી ઓળખ કાર્ડનો ઉપયોગ કર્યો હતો. આ દરમિયાન પોલીસે તેને પકડી લીધો હતો. પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું હતું કે તે 2012માં ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ્યો હતો. ભારતમાં પ્રવેશ્યા બાદ તેને મતદાર આઈડી કાર્ડ, આધાર કાર્ડ અને પાન કાર્ડ જેવા મહત્વના દસ્તાવેજો મળ્યા હતા. પોલીસે જણાવ્યું કે આ પહેલા પણ તેણે વર્ષ 2016 અને વર્ષ 2023માં પ્રવાસ કર્યો હતો.

# 'મક્કા' જેવો છે મેઘાલય યુનિવર્સિટીનો ગેટ, CM હિમંત સરમાએ સ્ટ્રકચરને લઈને ઉઠાવ્યા સવાલ

■ ગોગોઈના નિવેદનો વચ્ચે સમાનતાઓ હોવાની વાત કહી. ગોગોઈએ પહેલા ગુવાહાટીમાં વારંવાર આવતાં પૂર માટે જોરાબાટને જવાબદાર ઠેરવ્યું હતું.

(એજન્સી) મેઘાલય | તા 13

આસામના મુખ્યમંત્રી હિંમત બિસ્વા સરમાએ એક વાર ફરીથી મેઘાલયની 'સાયન્સ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી' ને નિશાને લીધી છે. સીએમ સરમાએ કહ્યું છે કે યુનિવર્સિટી બિલ્ડિંગનું સ્ટ્રક્ચર 'મક્કા' જેવું દેખાય છે. મક્કા ઈસ્લામના સૌથી પવિત્ર સ્થળો પૈકીનું એક છે. આસામ સીએમે કહ્યું કે મેઘાલયની આ શિક્ષણ સંસ્થા શિક્ષણને બરબાદ કરી રહી છે અને તેના ગુંબજવાળા દરવાજા 'જેહાદ'ના પ્રતિક છે. સીએમ યુનિવર્સિટી પર ફ્લડ જેહાદનો આરોપ પણ લગાવી ચૂક્યા છે.

હિમંત બિસ્વા સરમાએ આ મહિનાની શરૂઆતમાં ગુવાહાટીમાં અચાનક આવેલા પૂર માટે યુનિવર્સિટીના કન્સ્ટ્રક્શનને જવાબદાર ઠેરવ્યું હતું. મેઘાલયના રી-ભોઈ જિલ્લામાં સ્થિત યુનિવર્સિટીએ જંગલ તરફ પહાડોને કાપ્યા, જેના કારણે અચાનક પૂર આવી ગયુ. મેઘાલયમાં હાજર આ યુનિવર્સિટીને એક ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે, જેને મહબુબુલ હક નામના એક બંગાળી મુસ્લિમે



શરૂ કર્યું હતું. મહબુબુલ હક 'સાયન્સ એન્ડ ટેકનોલોજી યુનિવર્સિટી'ના ચાન્સેલર છે. યુનિવર્સિટીના મેઈન દરવાજાની ઉપર ત્રણ ગુંબજોનો ઉલ્લેખ કરતાં સરમાએ દાવો કર્યો કે આ મક્કા અને મદીના જેવું દેખાય છે. 'ત્યાં જવું શરમજનક છે. તમારે 'મક્કા'ની નીચે જવું પડશે. ત્યાં એક સામુદાયિક પ્રાર્થના ખંડ પણ હોવો જોઈએ. 'મક્કા-મદીના', ચર્ચ, ત્રણેય બનાવો. ત્યાં માત્ર 'મક્કા' છે. તેને સામુદાયિક પ્રાર્થના ખંડ બનાવવા દો. ચર્ચ બનાવવા દો. અમે ત્રણેયની નીચે ચાલીશું, એકની નીચે કેમ ચાલીએ.''હિમંત સરમાએ કહ્યું કે યુનિવર્સિટી તંત્ર 'જેહાદના જનક' માં સ્થપાયેલી છે. 'મે જ્યારે મેઘાલય યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિશે વાત કરી તો તમામે મારી ટીકા કરી, પરંતુ આ પહેલા તરુણ ગોગોઈએ કહ્યું હતું કે ગુવાહાટીમાં પૂરનું મુખ્ય કારણ જોરાબાટ છે.' સરમાએ પોતાના નિવેદનો અને આસામના પૂર્વ મુખ્યમંત્રી તરુણ ગોગોઈના નિવેદનો વચ્ચે સમાનતાઓ હોવાની વાત કહી. ગોગોઈએ પહેલા ગુવાહાટીમાં વારંવાર આવતાં પૂર માટે જોરાબાટને જવાબદાર ઠેરવ્યું હતું. આસામ સીએમે દાવો કર્યો કે પહાડોને મેઘાલય તરફ નહીં, પરંતુ ગુવાહાટી તરફ કાપવામાં આવ્યા છે. 'પહાડો ગુવાહાટી તરફ કેમ કપાયા, મેઘાલયની તરફ કેમ નહીં? શું આ ફ્લડ જેહાદ નથી?' તે મેઘાલયના જોરાબાટ પહાડોની વાત કરી રહ્યાં હતાં.

# સ્વતંત્રતા દિવસે આતિષી તિરંગો ફરકાવી શકશે નહીં, શું છે કારણ..!

(એજન્સી) નવી દિલ્હી | તા 13

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે AAP મંત્રી આતિષીને સ્વતંત્રતા દિવસના અવસરે તેમના સ્થાને તિરંગો ફરકાવવાની માંગ કરી હતી , જેને સામાન્ય વહીવટ વિભાગે ફગાવી દીધી છે. વિભાગના આ જવાબથી સ્પષ્ટ થાય છે કે ગોપાલ રાયે ધ્વજ ફરકાવવા અંગે લખેલા પત્રનું કોઈ મહત્વ નથી. વિભાગે સ્પષ્ટ કર્યું છે કે 15 ઓગસ્ટ અને 26 જાન્યુઆરીના કાર્યક્રમો માટે નિયમો પહેલેથી જ છે અને તેમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. છત્રશાલ સ્ટેડિયમમાં 15 ઓગસ્ટની તૈયારીઓ ચાલી રહી છે. હવે એલજી ઓફિસ નક્કી કરશે કે ધ્વજ કોણ લઈ જશે.

ગોપાલ રાયે પત્ર લખ્યો હતો

તમને જણાવી દઈએ કે ગોપાલ રાયે પોતાના પત્રમાં લખ્યું હતું કે તેઓ સીએમ કેજરીવાલને મળ્યા છે અને સીએમ ઈચ્છે છે કે તેઓ આ વખતે સ્વતંત્રતા દિવસના અવસર પર તિરંગો ફરકાવવાને લઈ સામાન્ય વહીવટ વિભાગે કહ્યું કે, સીએમ કેજરીવાલ જેલમાંથી કોઈ લેખિત કે મૌખિક આદેશ આપી શકે નહીં. તેથી આ માન્ય રહેશે નહીં. 15 ઓગસ્ટના કાર્યક્રમ અંગે સીએમ ઓફિસને જાણ કરવામાં આવી, જવાબ મળ્યો કે સીએમ હજુ જેલમાં છે. વિભાગે આ જવાબ આપ્યો છે. સામાન્ય વહીવટ વિભાગે તેના જવાબમાં લખ્યું છે કે અમે આ બાબત ઉચ્ચ અધિકારીના ધ્યાન પર લાવી છે કે દિલ્હીમાં કોણ ધ્વજ ફરકાવશે. તેમના જવાબની રાહ જોઈ રહ્યા છીએ.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**
**આરઓબીનું મધ્ય ગાળાનું પુનર્વસન**
**ઇ-ટેન્ડર સૂચના નંબર 12 વર્ષ 2024-25 તારીખ : 08.08.2024. ઇ-ટેન્ડર નંબર :** DYCE-BR-ADI-04-2024-25-R2 **કામનું નામ :** અમદાવાદ જંકશન, સાબરમતી બીજી, સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ), અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ શરતના આધારે વિવિધ આરઓબીનું મધ્ય ગાળાનું પુનર્વસન. **અંદાજિત કિંમત :** ₹2,31,32,427.37 /- **બિડ સુરક્ષા કિંમત / EMD :** ₹2,65,700.00/- **ઇ-ટેન્ડરની અંતિમ તારીખ :** 30.08.2024 15:00 કલાકે **ઓફિસનું સરનામું :** ઉપર. મુખ્ય ઈજનેર (બ્રિજ) અમદાવાદ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ કોમ્પ્લેક્સ, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ સામે, અસારવા, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ, ગુજરાત 380016. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટ :** www.ireps.gov.in 144
અમને લાઇક કરો: facebook.com/WesternRly

## રાજસ્થાનમાં ડેમ તૂટ્યો ને હિમાચલમાં 197 રસ્તા બંધ, 22 રાજ્યોમાં 7 દિવસ વરસાદનું ઍલર્ટ



(એજન્સી) નવી દિલ્હી | તા 13

હવામાન વિભાગે દેશના 22 રાજ્યોમાં આગામી સાત દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. ગુજરાત, હિમાચલ પ્રદેશ, હરિયાણા, પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, સિક્કિમ, નાગાલેન્ડ, પશ્ચિમ બંગાળ અને કર્ણાટકમાં ભારે વરસાદનું યલો ઍલર્ટ છે. જ્યારે પૂર્વ રાજસ્થાન, ઉત્તરાખંડ, કેરળ અને તમિલનાડુ માટે ઑરેન્જ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગ અનુસાર, રાજસ્થાનમાં છેલ્લા 24 કલાકમાં 4.64 ઈંચથી વરસાદ નોંધાયો છે. ધોલપુર, કરૌલી, ભરતપુર, દૌસા, ટોંક, સવાઈ માધોપુર અને જયપુરમાં સતત વરસાદને કારણે ઘણાં વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. સવાઈ માધોપુર જિલ્લામાં ડેમ તૂટવાને કારણે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. ભારે વરસાદને કારણે રણથંભોરમાં 100થી વધુ લોકો ફસાયા છે, તેમને બચાવવા માટે બચાવ અભિયાન ચાલી રહ્યું છે.

## 15 ઓગસ્ટે ગુજરાતમાં 8897 પોસ્ટ ઓફિસોમાં ડાક ચોપાલ યોજાશે, રાષ્ટ્રીય ધ્વજ 25 રૂપિયામાં વેચાણ માટે ઉપલબ્ધ

અમદાવાદ | તા 13

આ સ્વતંત્રતા દિવસે સમગ્ર ગુજરાતમાં 8897 પોસ્ટ ઓફિસની રેકોર્ડ સંખ્યામાં ડાક ચોપાલ યોજાશે. તે અત્યાર સુધીની સૌથી મોટી સિંગલ-ડે ઈવેન્ટ હશે, જેમાં મુખ્ય સ્થળોએ વિવિધ પોસ્ટલ સેવાઓ પર આધાર સેવાઓ (મોબાઈલ અપડેટ, આધાર સીડિંગ અને ચાઈલ્ડ એનરોલમેન્ટ) અને પીએમ કિસાન યોજના, પીએમ જીવન જ્યોતિ વીમા યોજના જેવી સરકારી યોજનાઓની માહિતી આપવામાં આવશે. રાષ્ટ્રવ્યાપી હર ઘર તિરંગા 2024 અભિયાનના ભાગ રૂપે, ગુજરાત પોસ્ટલ સર્કલ દ્વારા ગુજરાત, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની તમામ મુખ્ય પોસ્ટ ઓફિસોમાં 14 ઓગસ્ટ સુધી 25 રૂપિયાની કિંમતે રાષ્ટ્રીય ધ્વજના વેચાણની વ્યવસ્થા પણ કરી છે. ગુજરાત સર્કલના ચીફ પોસ્ટ માસ્ટર જનરલ શ્રી ગણેશ સાવલેશ્વરકરે ગુજરાત, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના લોકોને તેમની નજીકની પોસ્ટ ઓફિસમાં ધ્વજવંદન સમારોહમાં જોડાવા અને ડાક ચૌપાલોમાં ભાગ લેવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે પોસ્ટ ઓફિસો માત્ર સરકારી કચેરીઓ નથી, પરંતુ વાઈબ્રન્ટ કોમ્યુનિટી સેન્ટર્સ છે જે દરેક માટે સુલભ હબ તરીકે સેવા આપે છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**
**વિદ્યુત (ટીઆરડી) વિભાગને સુવિધાઓ પૂરી પાડવી**
**ઇ-ટેન્ડર સૂચના નં. : .ડેપ્યુટી.સીઇ(સી)III/ એડીઆઇ / એડીઆઇ - એચએમટી / ટીઆરડી /01:** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) III, પશ્ચિમ રેલવે, અમદાવાદ, યુનિયન ઓફ ઈન્ડિયાના પ્રમુખ વતી, નીચેના માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નંબર :** સીઇ (સી) III/એડીઆઇ /એડીઆઇ-એચએમટી /ટીઆરડી /01 **(1) કામનું નામ અને સ્થળ :** અમદાવાદ - હિંમતનગર - ઉદયપુર ગેજ રૂપાંતર કાર્ય ના સંબંધમાં નામાંકિત સ્થાનો ખાતે વિદ્યુત (ટીઆરડી) વિભાગને સુવિધાઓ પૂરી પાડવા માટે ટાવર વેગન શેડ, ટીઆરડી ડેપો, વિવિધ પ્રકારના સ્ટાફ ક્વાર્ટર્સ, સમ્પ, સર્ક્યુલેટિંગ રોડ અને અન્ય આનુષંગિક કામો નું નિર્માણ અને અમદાવાદ ખાતે વિશ્રામ ગૃહનું બાંધકામ. **(2) કાર્યની અંદાજિત કિંમત :** ₹7,68,66,273.00 **(3) જમા કરાવવાની અર્નેસ્ટ મની :** ₹5,34,400.00 **(4) પૂર્ણતાનો સમયગાળો :** 06 (છ) મહિના **(5) બિડ જમા કરવાની તારીખ અને સમય તકનીકી બિડ ખોલવાનો સમય :** સબમિશન : 03-09-2024 ના 15.00 કલાક સુધી ટેન્ડર ખોલવામાં આવશે : 03-09-2024 ના 15.30 કલાકે. **(6) ટેન્ડર સિસ્ટમ :** સિંગલ પેકેટ સિસ્ટમ (7) બધા ટેન્ડરર્સે પરિશિષ્ટ - V માં જણાવ્યા મુજબ પ્રમાણપત્રો જમા કરવાના રહશે, જેના આધારે ટેન્ડરર્સની યોગ્યતાનું મૂલ્યાંકન કરવામાં આવશે **(8) વેબસાઈટ ની વિગતો વિગતો સૂચના બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડર ની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસ સરનામું.** વેબસાઇટ: www.ireps.gov.in ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ) III ની ઓફિસ, પશ્ચિમ રેલવે, બીજો માળ, 'એ' વિંગ, નિર્માણ ભવન, જીસીએસ હોસ્પિટલ સામે, અસારવા, અમદાવાદ. 33
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**ઉત્તર મધ્ય રેલવે**
ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ નંબર:- 10/2024 તારીખ:- 09-08-2024
**ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટીસ**
ભારતના રાષ્ટ્રપતિ વતી, વરિષ્ઠ વિભાગીય સામગ્રી પ્રબંધક, ઉત્તર મધ્ય રેલવે, પ્રયાગરાજ નીચેની વસ્તુઓ માટે ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડરો આમંત્રિત કરે છે.

| ટેન્ડર નંબર :- 19246595 | જથ્થો :- 693 નંગ |
|---|---|
| વર્ણન:- 05 વોટ VHF ડિજિટલ વોકી ટોકી સેટ. | |
| ટેન્ડર ખુલવાની તારીખ :- 02-09-2024 | ઈએમડી :- રૂ: 356530/- |

નોંધ :- (1) ઉપરોક્ત ઈ-પ્રોક્યુરમેન્ટની સંપૂર્ણ માહિતી વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. (2)ઉપરોક્ત ટેન્ડરો સામે ઈ-બીડના સ્વરૂપ સિવાયની બિડ સ્વીકારવામાં આવશે નહીં. આ હેતુ માટે વિક્રેતાઓએ IT એક્ટ-2000 હેઠળ CCA દ્વારા જારી કરાયેલ ડિજિટલ હસ્તાક્ષર પ્રમાણપત્ર સાથે IREPS વેબસાઈટ પર પોતાને નોંધણી કરાવવાની જરૂર છે. (3)નાણાકીય દર પેજમાં દાખલ કરેલ અને યોગ્ય રીતે ડિજિટલી સહી કરેલ દરો ધ્યાનમાં લેવામાં આવશે. દરો અને અન્ય કોઈપણ નાણાકીય એન્ટિટી કોઈપણ અન્ય સ્વરૂપમાં/લેટર હેડમાં જો વિક્રેતાઓ દ્વારા જોડવામાં આવે તો તેને તરત જ અવગણવામાં આવશે અને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (4)જોડવાના તમામ ફોર્મ ટેન્ડરર દ્વારા સહી થયેલ હોવા જોઈએ. આ ટેન્ડર સૂચના https://www.ncr.indianrailways.gov.in પર પણ અપલોડ કરવામાં આવી છે . કોઈપણ પ્રકારની ટેકનિકલ સમસ્યાના ઉકેલ માટે IREPS વેબસાઈટની હેલ્પલાઈનનો સંપર્ક કરી શકાય છે. 1426/24(A)
North central railways | www.ncr.indianrailways.gov.in | @CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**
**ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ**
ભારતના રાષ્ટ્રપતિ વતી, ચીફ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર/પ્રોજેક્ટ/કોઓર્ડિનેશન/નોર્થ સેન્ટ્રલ રેલવે/પ્રયાગરાજ દ્વારા નીચેની વિગતો મુજબ ઓનલાઈન ઓપન ટેન્ડર (ઈ-ટેન્ડર) મંગાવવામાં આવે છે.
ટેન્ડર પ્રકાર :- ઈપીસી -મોડ (સિંગલ સ્ટેજ -બે પૈકેટ સિસ્ટમ )
ટેન્ડર નોટિસ નંબર :- ટેન્ડર સંખ્યા :- એનસીઆર-સિગ્ન અને દૂર.- ઈપીસી-કવચ-ધૌલપુર-બીના, તારીખ:- 09-08-2024
કામનું નામ:- ઉત્તર મધ્ય રેલવેના ઝાંસી ડિવિઝનના ધૌલપુર (રહિત ) -બીના (રહિત ) વિભાગ પર ટાવર સાથે કવચ (ટ્રેન અથડામણ ટાળવાની સિસ્ટમ) અને 4×48 ફાઈબર OFCની જોગવાઈ માટે બાંધકામ (EPC) કરાર.
અંદાજીત કિંમત :- રૂ : 207.49 કરોડ | કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :- 700 દિવસ
બાના રકમ (ઈએમડી ):- રૂ: 10374700/- (એક કરોડ ત્રણ લાખ ચુમોતેર હજાર સાતસો રૂપિયા માત્ર )
રેલવે વેબસાઈટ પર ટેન્ડરર ફોર્મની ઉપલબ્ધતા:- ટેન્ડર ફોર્મ IREPS ની વેબસાઈટ www.ireps.gov.in પર તારીખ 09-08-2024 થી તારીખ 30-09-2024 સુધી (IST સમયાનુસાર સવારે 11:00 વાગ્યે સુધી )
ભૌતિક રૂપે બધા દસ્તાવેજો જમા કરાવવાની તારીખ અને સમય :- તારીખ :- 07-10-2024 (IST સમયાનુસાર સવારે 11:00 વાગ્યે સુધી ), ટેન્ડર બંધ થવાની તારીખ :- તારીખ 30-09-2024 સમય 16:00 કલાક.
ટેન્ડર ખુલવાની તારીખ અને સમય :- તારીખ :- 09-10-2024 , સમય : 11:00 વાગ્યે 1439/24(ADM)
North central railways www.ncr.indianrailways.gov.in @ CPRONCR

# એક મહાશક્તિ તરીકે ઉભરવાની ભારતની સંભાવનાઓ: લક્ષ્મી પુરી

જ્યારથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2047 સુધી ભારત માટે વિકસિત દેશ બનવાનું લક્ષ્ય રાખ્યું છે અને તેના મહાશક્તિ બનવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે ત્યારથી તેની ગતિ અને ક્ષમતા વિશે આંતરરાષ્ટ્રીય વિશેષજ્ઞો એ વાત પર ચર્ચા કરી રહ્યા છે કે ભારત એક અગ્રણી દેશ બનવા કે મહાશક્તિનો દરજ્જો હાંસલ કરવાના કઠિન લક્ષ્યને પ્રાપ્ત કરી શકે એમ છે કે નહીં. આ અંગેની તાજેતરની ચર્ચા વિખ્યાત પત્રકાર માર્ટિન વુલ્ફ તરફથી આવી છે, જેને હું જિનીવામાં યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD)ના દિવસોથી અનુસરી રહ્યો છું. તેમણે 9 જુલાઈ 2024ના રોજ ફાઈનાન્સિયલ ટાઈમ્સમાં પ્રકાશિત 'ભારત શા માટે સુપરપાવર બનશે' નામનો લેખ લખ્યો છે. 'અલંકારિક ભાષામાં, તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે ભારતની સ્વતંત્રતાના 100 વર્ષ પૂર્ણ થતાં વિકસિત રાષ્ટ્ર બનવાની આકાંક્ષા વ્યવહારુ લાગે છે પરંતુ સંભવિત નથી.' વ્યવહારિતા વિ. સંભાવના વુલ્ફની વિચારસરણીને શ્રેષ્ઠ રીતે વ્યક્ત કરતી પંક્તિ એ છે કે 'ભારત એક મહાસત્તા બનશે, પરંતુ તે ચીન અને યુનાઈટેડ સ્ટેટ્સ જેવા સ્તરે નહીં, પરંતુ નિ:શંકપણે એક મજબૂત રાષ્ટ્ર બનશે' અને 'જોડાતું વિશ્વ' તરીકે બાકી રહેશે. ભારત વૈશ્વિક આર્થિક પરિણામોને આકાર આપી શકે છે અને જોઈએ. જ્યારે યુ.એસ. હજુ પણ 'ટેક્નોલોજીની દ્રષ્ટિએ વધુ અદ્યતન દેશ રહેશે અને તેની ઉત્પાદકતા ઘણી વધારે હશે', 'ભારતની ઉત્પાદન ક્ષમતા ક્યારેય ચીનના સ્તરે પહોંચી શકશે નહીં.' જ્યાં સુધી ભારત વૈશ્વિક વેપાર, રોકાણ અને ઝડપી તકનીકી વિકાસમાં પાછળ રહેવાને કારણે થયેલા નુકસાનમાંથી પુનઃપ્રાપ્ત કરીને વિકાસમાં ક્વોન્ટમ લીપ લેવાનો ચમત્કાર ન કરે ત્યાં સુધી કોઈ આ મૂલ્યાંકન સાથે અસંમત થઈ શકે નહીં. ભારતની 'મહાસત્તા' બનવાની શક્યતાઓ સામે પ્રશ્નાર્થનું એક મુખ્ય પરિબળ એ છે કે સૌથી ઝડપી વિકાસ દર અને સર્વોચ્ચ પ્રયાસો છતાં, ભારતની માથાદીઠ આવક (પીસીઆઈ) 2047 સુધીમાં ગ્રીસના માથાદીઠ ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (પીપીપી)ના માત્ર 60 ટકા સુધી જ પહોંચી શકી હતી, જે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ) દ્વારા 'વિકસિત દેશ' છે. તેને સૌથી ગરીબ રાષ્ટ્ર તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે અને તે ફક્ત ચીનની વર્તમાન પીસીઆઈની આસપાસ છે. ચીન કોઈ 'ઊંચી આવક ધરાવતો' દેશ (વિશ્વ બેંક) નથી, પરંતુ તે 'વિકસિત' અર્થતંત્ર (આઈએમએફ) કરતાં ઘણો નીચો છે. તેમ છતાં, તે મહાસત્તા હોવા વિશે માત્ર સાચું જ નથી, પરંતુ શું કોઈને પણ તે એક મોટી આર્થિક શક્તિ હોવા વિશે કોઈ શંકા હોઈ શકે છે? વિકાસ માપદંડ

ભારતે ઓળખી કાઢેલી કેટલીક ચાવીરૂપ અપેક્ષાઓ પૂરી કરવા માટેના માર્ગ પર છે. નાણાકીય વર્ષ 2023-2024માં વૈશ્વિક ઉત્પાદનમાં મજબૂત 8.2 ટકા વૃદ્ધિ નોંધાવતા તે સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે, જે વૈશ્વિક ઉત્પાદન વૃદ્ધિ કરતાં લગભગ બમણી છે અને જે નજીકના ભવિષ્યમાં આશરે 7 ટકા વૃદ્ધિનો અંદાજ છે (IMF) એક અંદાજ છે. ભારત જરૂરી આર્થિક લાભો અને ઈચ્છાશક્તિ મેળવી રહ્યું છે અને મોદી સરકારના છેલ્લા દસ વર્ષમાં, ખાસ કરીને, પ્રગતિ અને પરિવર્તનનો નોંધપાત્ર રેકોર્ડ રહ્યો છે. વૈવિધ્યસભર ઉત્પાદન આધાર અને ઉત્પાદકતા વૈશ્વિક સરેરાશ કરતાં બમણી દરે વધી રહી છે. વુલ્ફ યોગ્ય રીતે નોંધે છે કે વૃદ્ધિની ગતિ તેની સર્વસમાવેશકતા પર આધારિત છે, જેમાં બેરોજગારી અને ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે (લગભગ 250 મિલિયન ભારતીયો છેલ્લા દસ વર્ષમાં MDPમાંથી બહાર નીકળી ગયા છે) અને શ્રમ દળની ભાગીદારીમાં વધારો થતો હતો . આશ્ચર્યજનક રીતે, આ વ્યાપક-આધારિત ઉચ્ચ વૃદ્ધિ અભૂતપૂર્વ ભૌગોલિક રાજકીય અને વૈશ્વિક આર્થિક કટોકટી અથવા માનવતાવાદી આપત્તિઓ હોવા છતાં શક્ય બની છે. નિકાસમાં વધારો એ સાચું છે કે જો વેપાર ગુણોત્તર (50 ટકા) ઘટવાનો નથી, તો ભારતીય નિકાસ ઓછામાં ઓછી બમણી ગતિએ વધવી જોઈએ.

**ઉત્તર મધ્ય રેલવે**
ટેન્ડર નોટિસ નંબર અને તારીખ: DY-CE-C-II-JHS-2024-03 તારીખ : 10.08.2024
**ઈ-ટેન્ડર નોટિસ**
ડેપ્યુટી ચીફ એન્જિનિયર/બાંધકામ-II/ઝાંસી, ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી, ટેન્ડર 06.09.2024 ની છેલ્લી તારીખે 15:00 કલાક સુધી નીચેના કામ માટે ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે.
ટેન્ડર નંબર - DY-CE-C-II-JHS-2024-03 | અંદાજિત ખર્ચ: રૂ.38,15,09,233.65
કામનું નામ: ઝાંસી - ખૈરાર અને માણિકપુર - ભીમસેન સૂચિત ડબલ લાઈન અને ગેટ લોજ, IBH, SP - બરુસાગર વિભાગમાં પાટા સાથે બિછાવેલી પાણીની પાઈપલાઈનનું સ્થળાંતર. એસએસપી વગેરે જેવી વિવિધ ઈમારતોનું બાંધકામ.
જમા રકમ: રૂ. 2057600.00, કામ પૂર્ણ કરવાનો સમયગાળો: લણણી અને ચોમાસા સહિત 12 મહિના, માન્યતા અવધિ: 90 દિવસ, ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય: 06.09.2024 15:00 કલાકે. • સંપૂર્ણ વિગતો અને ટેન્ડર સબમિટ કરવા માટે, ભારતીય રેલ્વેની વેબસાઈટ http://www.ireps.gov.in ની મુલાકાત લો. 1437/24 (D)
North central railways www.ncr.indianrailways.gov.in @ CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**
ઈ-ટેન્ડર સૂચના નંબર :- DyCE-C-I-JHS-2024-06 તારીખ :- 09-08-2024
**ઈ-ટેન્ડર સૂચના**
ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બાંધકામ)-1, ઉત્તર મધ્ય રેલવે, ઝાંસી, ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી, નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) (બે-પેકેટ સિસ્ટમ) દ્વારા મર્યાદિત ઓપન ટેન્ડરને આમંત્રિત કરે છે. વેબસાઈટ https://www.ireps.gov.in પર 27-08-2024 ના રોજ 15:00 કલાક સુધી ટેન્ડરો ઑનલાઈન સબમિટ કરી શકાય છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે:-
કામનું નામ:- એન્જિનિયરિંગ પ્રોક્યોરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન (EPC) કોન્ટ્રાક્ટ દ્વારા ઉત્તર મધ્ય રેલવે ઝાંસી ડિવિઝનના વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી રેલ્વે સ્ટેશનના મોટા અપગ્રેડેશન માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ સર્વિસ (PMS) પ્રદાન કરવી.
અંદાજીત ખર્ચ (રૂ):- 63866846.64 (અંદાજે ) | અનામત રકમ :- રૂ: 469300.00
કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :- 42 મહિના ચોમાસાના સમયગાળા સાથે, ટેન્ડર બંધ થવાની તારીખ :- 27-08-2024, માન્ય અવધિ :- 120 દિવસ. પૂર્ણ માહિતી તેમજ ટેન્ડર પ્રસ્તુત કરવા માટે ભારતીય રેલ્વેના વેબસાઈટ https://www.ireps.gov.in પર જુઓ. 1433/24(DG)
North central railways @CPRONCR www.ncr.indianrailways.gov.in

**कार्यपालक अभियंता का कार्यालय**
**पथ निर्माण विभाग, पथ प्रमण्डल, देवघर**
**ई–प्रोक्योरमेंट सूचना (1st Call)**
**ई निविदा प्रसंग संख्या - RCD/DEOGHAR/1522/2024-25(1st Call)**
दिनांक – 13.08.2024

| | | |
|---|---|---|
| 1. | कार्य का नाम | बाराटांड़ मोड़– कुरुवा–रांगामटिया–पालाजोरी (SH-15 पर) पथ का चौड़ीकरण एवं मजबूतीकरण / पुनर्निर्माण का अवशेष कार्य (कुल लंबाई 25.594 कि0मी0) (पुल निर्माण सहित) |
| 2. | प्राक्कलित राशि (रुपये में) | रुपये 38,47,04,301/- (अड़तीस करोड़ सैतालीस लाख चार हजार तीन सौ एक रुपये मात्र)। |
| 3. | कार्य समाप्ति की अवधि | 14 (चौदह) माह। |
| 4. | निविदा प्राप्ति की अंतिम तिथि एवं समय | 12.09.2024 (12:00 बजे दिन तक) |
| 5. | वेबसाईट पर निविदा प्रकाशित होने की तिथि एवं समय | 16.08.2024 (10:30 बजे पूर्वाह्न) |
| 6. | प्री–बीड मिटिंग की तिथि एवं समय | 22.08.2024 (03:00 बजे अपराह्न) |
| 7 | निविदा आमंत्रित करने वाले का नाम एवं पता | कार्यपालक अभियंता का कार्यालय, पथ निर्माण विभाग, पथ प्रमण्डल, देवघर। |
| 8. | प्रोक्युरमेंट अधिकारी का सम्पर्क नम्बर | 06432-299919 |
| 9. | ई–प्रोक्युरमेंट सेल का हेल्पलाईन नम्बर | 0651–2401010 |

अतिरिक्त जानकारी के लिए वेबसाईट http://jharkhandtenders.gov.in पर देखें।
कार्यपालक अभियंता,
पथ निर्माण विभाग, पथ प्रमण्डल, देवघर
PR 332644 Road(24-25).D

## કાયમી કોમ્પ્યુટર શિક્ષકોની ભરતી કરવા માંગ

ઈન્ફોરમેશન ટેકનોલોજીના યુગમાં શાળાના બાળકોને કોમ્પ્યુટરનું જ્ઞાન મળી રહે તે માટે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણમાં કોમ્પ્યુટર વિષય દાખલ કરાયો છે. પરંતુ શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષકોની લાંબાં સમયથી ભરતી કરવામાં આવી નથી. જેનાં પગલે આજે ફરીવાર ગાંધીનગર સચિવાલય બહાર ટેટ ટાટ પરીક્ષા પાસ કોમ્પ્યુટર વિષયના ઉમેદવારોએ સૂત્રોચારો કરી ભરતીની માંગ કરાઈ હતી.ગુજરાત રાજ્યમાં ટાટ વન અને ટુ પાસ ઉમેદવારો આજે ગાંધીનગર ખાતે એકઠા થયા હતા.

સિટી
# એક્સપ્રેસ
WEDNESDAY 14 AUGUST-2024
AHMEDABAD

## પોલીસ ભવનના ડ્રાઈવરોના ત્રાસથી એસિડ ગટગટાવ્યું

ગાંધીનગર પોલીસ ભવનમાં સફાઈ કામદાર તરીકે નોકરી કરતી શ્રમજીવી મહિલાએ 10 હજારની અવેજીમાં વ્યાજખોરએ અસહ્ય ત્રાસ આપતા આખરે કંટાળીને એસિડ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતા સેક્ટર - 21 પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરના બોરીજ ગામમાં રહેતા જીતેન્દ્રભાઈ શંકરભાઈ અને તેની પત્ની મંજુલાબેન સેક્ટર - 18 પોલીસ ભવન ખાતે સફાઈ કામદાર તરીકે આઉટ સોર્સીંગમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. 10 ટકા વ્યાજ લેખે 1000 જીતેન્દ્રભાઈ સમયસર ચૂકવતાં હતા.



# સુપ્રિમ કોર્ટના કોલેજીયમે ગુજરાત હાઈકોર્ટના 3 નવા જજની મંજૂરી આપી

## સંજીવ ઠાકર, દીપતેન્દ્ર રાય અને મૌલિક શેલત બનશે જજ

(એજન્સી) અમદાવાદ | તા.13

ગુજરાત હાઈકોર્ટમાં નવા ત્રણ જજોની નિયુક્તિ માટે સુપ્રીમ કોર્ટે 3 વકીલોના નામની ભલામણ કરી છે. સુપ્રિમ કોર્ટના કોલેજીયમે ગુજરાત હાઈકોર્ટમાં ત્રણ નવા જજની નિમણૂંકને લઇ મંજૂરી આપી છે. ગુજરાત હાઈકોર્ટમાં 3 નવા જજ સંજીવ ઠાકર, દીપતેન્દ્ર રાય અને મૌલિક શેલતને નિમણૂંક કરાશે.



સુપ્રિમ કોર્ટના કોલેજીયમે ગુજરાત હાઈકોર્ટમાં ત્રણ નવા જજની નિમણૂંકને લઇ મંજૂરી આપી છે. સુપ્રિમ કોર્ટના કોલેજીયમે ત્રણ એડવોકેટને જજ બનાવવા મંજૂરી આપી છે. સંજીવ ઠાકર, દીપતેન્દ્ર રાય અને મૌલિક શેલત ગુજરાત હાઈકોર્ટમાં જજ બનશે.

4 કન્સલ્ટી-જજમાંથી, ત્રણે હાઈકોર્ટના જજ તરીકે નિમણૂક માટે ઉમેદવારની યોગ્યતા અંગે હકારાત્મક અભિપ્રાય આપ્યો છે અને એકે કોઈ અભિપ્રાય આપ્યો નથી. ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા ફાઈલમાં આપવામાં આવેલા ઈનપુટ્સ સૂચવે છે કે ઉમેદવાર સારી વ્યક્તિગત અને વ્યાવસાયિક છબીનો આનંદ માણે છે અને તેની પ્રામાણિકતાના સંદર્ભમાં કંઈપણ પ્રતિકૂળ ધ્યાને આવ્યું નથી. તેઓ મુખ્યત્વે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ફેમિલી કોર્ટ, સ્મોલ કોઝ કોર્ટ, અમદાવાદ અને રાજ્યની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં પણ પ્રેક્ટિસ કરે છે. ટ્રાયલ લેવલે કેસો હેન્ડલ કરવામાં બારમાં 31 વર્ષનો તેમનો અનુભવ ખાસ કરીને ગુજરાત હાઈકોર્ટમાં સિવિલ, કોમર્શિયલ અને આર્બિટ્રેશનના કેસોના કામકાજમાં ખૂબ જ ઉપયોગી થશે. તમામ સંબંધિત તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને, કોલેજિયમનું માનવું છે કે ઉમેદવાર હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક માટે યોગ્ય છે.

### સર્જિકલ સ્ટ્રાઇક કરી દુશ્મનોના દાંત ખાટાં કરવાનો જવાબ નરેન્દ્ર મોદીએ આપ્યો છે : અમિત શાહ

# તિરંગા યાત્રામાં ગૃહમંત્રી 2 કિમી અને CM 3 કિમી ચાલ્યા

■ વડાપ્રધાન મોદીએ હર ઘર તિરંગા યાત્રાને પ્રેરણા આપી

(એજન્સી) અમદાવાદ | તા.13

સ્વતંત્રતા પર્વની ઉજવણી પહેલા રાજ્યના ચાર મહાનગરોમાં ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં વિરાટનગરથી લઈ નિકોલ ખોડિયાર મંદિર સુધી ત્રણ કિલોમીટર લાંબી તિરંગા યાત્રા યોજાઈ છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા તિરંગા યાત્રાની શરૂઆત કરાવવામાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિરાટનગરથી ખુલ્લી જીપની જગ્યાએ ચાલતા ચાલતા તિરંગા યાત્રામાં જોડાયા છે. તેમણે ચાલતા ચાલતાં લોકોનું અભિવાદન ઝીલ્યું હતું.તિરંગા યાત્રામાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ બે કિલોમીટર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ત્રણ કિલોમીટર સુધી યાત્રામાં ચાલતા જોડાયા હતા.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે યાત્રાનું પ્રસ્થાન કરાવતા પહેલા સંબોધનમાં જણાવ્યું હતું કે, આ તિરંગા યાત્રા યુવાનોમાં ઉર્જા ભરવાનું કામ કરે છે. 15 ઓગસ્ટે 78મા વર્ષમાં પ્રવેશ કરીશું. ગુજરાતમાં એક પણ જગ્યાએ એવી ના હોવી જોઈએ કે જ્યાં તિરંગો ન લેહરાયો હોય. દેશભક્તિના વાતાવરણ માટે આ તિરંગા યાત્રાની શરૂઆત થઈ છે. વડાપ્રધાને આઝાદી કા અમૃત મહોત્સવની શરૂઆત કરી હતી. ભારતને સમગ્ર વિશ્વમાં દરેક ક્ષેત્રમાં નંબર 1 બનાવવા આ અમૃત મહોત્સવ યોજ્યો હતો. આ સંકલ્પને યાદ કરાવવા દર 15 ઓગસ્ટે હર ઘર તિરંગા અભિયાનની શરુઆત કરવામાં આવી છે.75થી 100 વર્ષની યાત્રા ભારતને વિશ્વમાં નંબર 1 બનાવવા નો પુરુષાર્થ માટેનો સમય છે. અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે, 10 વર્ષમાં અનેક ક્ષેત્રે વિશ્વને અંચબિત કરનાર સિદ્ધિ ભારતે પ્રાપ્ત કરી છે. ચંદ્ર પર કોઈ ના પહોચ્યું હોય તે જગ્યાએ ભારતનો તિરંગો લહેરાવ્યો છે. સર્જીક્લ સ્ટ્રાઈક અને એર સ્ટ્રાઈકથી દુશ્મનના દાંત ખાટા કરી દીધા છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ હર ઘર તિરંગા યાત્રાને પ્રેરણા આપી છે.



**મોટી સંખ્યામાં લોકો તિરંગા યાત્રા જોવા માટે આવ્યા**

અમદાવાદમાં તિરંગા યાત્રા જોવા માટે લોકો ઉમટી પડ્યા હતાં. લોકોએ સમગ્ર રૂટ પર ફૂલો વરસાવી સન્માન કર્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બંને તિરંગા યાત્રામાં ચાલતા ચાલતાં લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. છે. રોડની બંને તરફ ઉભેલા લોકોને તેઓ મળી રહ્યા છે.લોકોએ આર્મીના જવાનો અને પોલીસકર્મી તેમજ ફાયર બ્રિગેડના જવાનો પર ફૂલો વરસાવી તેમનું સન્માન કર્યું છે.તિરંગા યાત્રામાં લોકોનો ઉત્સાહ ખૂબ જોવા મળ્યો. રોડની બંને તરફ મોટી સંખ્યામાં લોકો તિરંગા યાત્રા જોવા માટે આવ્યા છે.

### ગુજરાત ઉપર વરસાદી સિસ્ટમ સક્રિય

# બે દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી

(એજન્સી) અમદાવાદ | તા.13

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી સાત દિવસ મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. તો આગામી 48 કલાક ખાસ કરીને ઉત્તર ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આજે (13 ઓગસ્ટ) સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં પણ ભારે વરસાદની આગાહી છે. હાલમાં ગુજરાત ઉપર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે, તેને કારણે ભારે વરસાદની શક્યતા છે, જે બે દિવસ યથાવત્ રહેશે. ત્યારબાદ વરસાદની સિસ્ટમનું જોર ઘટવાથી હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડશે.

**અમદાવાદમાં એક જ દિવસમાં તાપમાનમાં 5થી 7 ડિગ્રીનો વધારો**

અમદાવાદ શહેરમાં પણ આજે કેટલાક ભાગોમાં ખૂબ જ સામાન્ય વરસાદી ઝાપટાં વરસી શકે છે. શહેરમાં વહેલી સવારથી જ છૂટાછવાયા વાદળછાયા વાતાવરણ સાથે શહેરીજનોને બફારાનો અનુભવ થયો છે. કારણ કે, આજે અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન 32થી 33 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે ગઈકાલે શહેરમાં વરસાદી માહોલ હોવાથી બપોરના સમયે એટલે કે, 1:00 વાગ્યાથી 3:00 વાગ્યા સુધીમાં શહેરનું મહત્તમ તાપમાન 25થી 27 ડિગ્રી સેલ્સિયસ હતું. ફક્ત એક જ દિવસમાં મહત્તમ તાપમાનમાં પાંચથી સાત ડિગ્રીનો તફાવત થતા અમદાવાદવાસીઓને આજે ગરમી અને બફારાનો અનુભવ થશે.

**ગુજરાત ઉપર સાયક્લોનિક સિસ્ટમ સક્રિય**

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવના જણાવ્યા અનુસાર, હાલમાં ગુજરાત ઉપર એક સાયક્લોનિક સિસ્ટમ સક્રિય થઈ છે, જેને કારણે આગામી 48 કલાક રાજ્યના વિવિધ ભાગોમાં ભારે વરસાદ સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પરંતુ બે દિવસ બાદ સિસ્ટમ નબળી થતાં રાજ્યમાં હળવો વરસાદની માહોલ રહેશે. આ સાથે આગામી સાત દિવસ રાજ્યના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદથી ઝાપટાં રહેવાની શક્યતાઓ છે. જ્યારે આગામી બે દિવસ દરમિયાન સમગ્ર ગુજરાતમાં ગાજવીજ સાથે વીજળીના ચમકારા થશે.

# 5 લાખ કર્મચારીઓને વંદે ભારત ટ્રેનમાં LTCનો લાભ મળશે

### કર્મચારીઓ માટે રાજ્ય સરકારનો વધુ એક નિર્ણય, જાણો મુસાફરી માટેના નિયમો અને ધારાધોરણો

(એજન્સી) અમદાવાદ | તા.13

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓને રજા પ્રવાસ રાહત માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીને માન્યતા આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના કર્મચારીઓને દર ચાર વર્ષે એલટીસી/વતન પ્રવાસનો લાભ 6000 કિમીની મર્યાદામાં આપવામાં આવે છે. કર્મચારીઓ દ્વારા આવા પ્રવાસ અન્વયે ટ્રેન દ્વારા મુસાફરી કરવામાં આવતી હોય છે. ત્યારે આ મુસાફરી હવે સરકારી કર્મચારીઓ વંદે ભારત ટ્રેનમાં પણ કરી શકશે. આ મુસાફરીનો 5 લાખ સરકારી કર્મચારીઓને લાભ મળશે.

ભારતીય રેલવે દ્વારા છેલ્લાં થોડાંક વર્ષોથી આધુનિક સુવિધા સાથેની વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારના કર્મચારીઓને મળતી આવી રજા પ્રવાસ રાહતમાં વંદે ભારત ટ્રેનની મુસાફરીનો સમાવેશ કરવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.



**CMએ કર્મચારીઓના હિતમાં નિર્ણય કર્યો :** CM ભૂપેન્દ્ર પટેલે કર્મચારીઓના હિતમાં ઉદાર વલણ અપનાવીને એલટીસી બ્લોક 2020-23ની શરૂઆતથી રજા પ્રવાસ રાહત માટે વંદે ભારત ટ્રેનની મુસાફરીનો પણ સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે.

એક મહિના પહેલાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં 4 ટકા વધારાનો લાભ તા. 1 જાન્યુઆરી 2024થી આપવાની જાહેરાત કરી હતી. આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ 4.71 લાખ કર્મયોગીઓ અને અંદાજે 4.73 લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર છે.

**શું છે નિયમો અને ધારાધોરણો**

- આ જોગવાઈ રાજધાની/શતાબ્દી/વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દ્વારા કરેલ ખરેખર મુસાફરી કરવા માટે છે. મુસાફરીની શરૂઆતનું સ્થળ અને મુસાફરીનું અંતિમ નિર્ધારીત સ્થળ બંને સીધા જ રાજધાની/શતાબ્દી/વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દ્વારા સંકળાયેલ હોવા જોઇએ.
- કાલ્પનિક રીતે મળવાપાત્ર ભાડાની ગણત્રી કરવા માટે આ જોગવાઇનો આધાર લેવાનો નથી.
- જે ટ્રેનોમાં રેલવે સત્તાવાળાઓ તરફથી નાસ્તા/જમવા સહિતનું રેલવે ભાડું વસુલ કરવામાં આવે છે. તેમને નાસ્તા/જમવાના સહિતનું સંપૂર્ણ ભાડુ મળવાપાત્ર બનશે.
- જે સરકારી કર્મચારીનું રજા પ્રવાસ રાહતના હેતુ માટે વ્યાખ્યા કરાયા પ્રમાણેનું કુટુંબ તેમના કામકાજના સ્થળેથી દૂર રહેતું હોય તેવા સરકારી કર્મચારી ચાર વર્ષના સમયગાળામાં એકવાર તેમના કુટુંબ માટે તેમજ પોતાના માટે વતન પ્રવાસ રાહતનો લાભ લેવાના બદલે તેમના વતનની અથવા કોઈપણ સ્થળે મુલાકાત લેવા માટે દર વર્ષે એકવાર એકલા તેમના પોતાના જ માટે આવી રાહતનો લાભ લઈ શકશે.

# અમદાવાદમાં 12 કલાકમાં 3 અકસ્માત, 2નાં મોત 2ને ઈજા

### દાણીલીમડામાં યુવકને ટ્રકે ઉડાવ્યો; અખબારનગર પાસે વૃદ્ધ ચગદાયા; 7 મહિનામાં 230થી વધુ લોકોના મોત

(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદમાં છેલ્લા 12 કલાકની અંદર જ અકસ્માતની ત્રણ ઘટના સામે આવી છે. જેમાં દાણીલીમડામાં ચાલીને જતાં યુવકને ટ્રકે અડફેટે લેતા મોત નીપજ્યું હતું. તો અખબાર નગર પાસે એક્ટિવા લઈને જતાં વૃદ્ધને પાછળથી આવતી ટ્રકે ટક્કર મારતા વૃદ્ધ બે ભારે વાહનો વચ્ચે ચગદાઈ ગયા હતા. આ ઉપરાંત મોટેરા વિસ્તારમાં ટ્રકે અકસ્માત સર્જતા બે યુવક ગંભીર રીતે ઘાયલ હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ શહેરમાં દિવસે ને દિવસે અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. છેલ્લા 7 મહિનામાં અકસ્માતમાં 230થી વધુ લોકોના મોત થયા છે. ટ્રકે ઉડાવતા યુવકનું ઘટના સ્થળે જ મોત અમદાવાદ શહેરના દાણીલીમડામાં કોઝી હોટલ પાસે ગઈકાલે (12 ઓગસ્ટ) રાતે 10:00 વાગ્યાની આસપાસ 44 વર્ષના કિશોર અશોકભાઈ ચતુર્વેદી કોઝી હોટલથી મોતીપુરા ચોકડી તરફ ચાલીને જઈ રહ્યો હતો. તે દરમિયાન મોતીપુરા ચોકડી તરફ જતાં રોડ પર બાપા સીતારામની મઢુલી પાસે બેફામ આવતી ટ્રકે તેને હડફેટે લેતા ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જે અંગેની જાણ તેમના દીકરાને કરવામાં આવતા તુરંત જ સ્થળે દોડી ગયો હતો. જ્યાં તેણે મૃતદેહ પરનું કપડું હટાવતા તેના પિતા જ હોવાનું સામે આવ્યું હતું. બે ભારે વાહનો વચ્ચે વૃદ્ધ ચગદાઈ ગયા આ ઘટનાને કલાકો વીત્યા હતા, ત્યાં અખબારનગર વિસ્તારમાં વધુ એક વૃદ્ધનું અકસ્માતે મોત થયું છે.



સવારે એક વૃદ્ધ એક્ટિવા પર જઈ રહ્યા હતા, ત્યારે પાછળથી આવેલા સિમેન્ટના મિક્સરે ટક્કર મારતા તેઓ આગળના વાહન સાથે અથડાયા હતા. જે બાદ બન્ને વાહનોની વચ્ચે ચગદાઈ જતાં સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ વિસ્તારમાં ઘણી જગ્યાએ અગાઉ સ્પીડબ્રેકર બનાવવાની વાત કરવામાં આવી હતી. પરંતુ હાલ તંત્રના પાપે નિર્દોષ લોકોને પોતાનો જીવ ગુમાવવનો વખત આવ્યો છે.

## અમદાવાદ ફાયરબ્રિગેડના 9 અધિકારીઓમાંથી DFO સહિત 4 અધિકારીને કમિશનરે બે દિવસનો સમય આપ્યો

(એજન્સી) અમદાવાદ | તા.13

રાજકોટ અગ્નિકાંડની ઘટના બાદ રાજ્યમાં આવેલી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ફાયરબ્રિગેડના અધિકારીઓની કામગીરી પર હવે નિર્ણય લેવામાં આવી રહ્યા છે. અમદાવાદ ફાયર બ્રિગેડમાં ફરજ બજાવતા 3 ડિવિઝનલ ફાયર ઓફિસર સહિત 9 અધિકારીઓને બોગસ સ્પોન્સરશિપમાં મામલે ફાઈનલ શો-કોઝ નોટિસ આપવામાં આવી હતી. જેમાં 4 અધિકારી દ્વારા ગુજરાત સિવિલ સર્વિસ નિયમ પ્રમાણે જવાબ આપવા 30 દિવસનો સમય એટલે વધુ 21 દિવસનો સમય માંગવામાં આવ્યો હતો, જવાબ આપવા માટેનો બે દિવસનો સમય અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઈન્ડસ્ટ્રીયલ રિલેશન (IR) વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ ફાયરબ્રિગેડમાં ફરજ બજાવતા 9 અધિકારીઓને આપવામાં આવેલી ફાઈનલ શો-કોઝ નોટિસમાં 4 જેટલા અધિકારીઓએ વધુ 21 દિવસનો સમય માંગ્યો હતો.

# પિત્તાશયમાંથી 150 જેટલી પથરી નીકળી

## 55 વર્ષીય મહિલાની સોનોગ્રાફી કરતાં જ ડોક્ટરના પરસેવા છૂટ્યા, આખું પિત્તાશય કાઢવું પડ્યું

(એજન્સી) વિસનગર । તા.13

વિસનગરની સંજીવની હોસ્પિટલમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક મહિલાના પિત્તાશયમાંથી એક બે નહિ પણ 150થી વધુ પથરી નીકળી હતી. સોનોગ્રાફી કરતાં તબીબ પણ આશ્ચયચકિત થઈ ગયા હતા. જો કે, ડોક્ટરે 55 વર્ષીય મહિલાનું પિત્તાશય બહાર કાઢી સફળતાપૂર્વક ઓપરેશન કર્યું હતું. જે બાદ હાલ મહિલાની હાલત સ્વસ્થ છે. 150થી વધુ પથરી જોઈ તબીબ પણ આશ્ચયચકિત સતલાસણા તાલુકાના ભીમપુર ગામની 55 વર્ષીય મહિલાને ચાર દિવસ અગાઉ પેટમાં દુ:ખાવો થયો હતો. જેથી મહિલા પોતાના પતિ સાથે વિસનગરની સંજીવની હોસ્પિટલમાં સારવાર માટે આવી હતી. જ્યાં હોસ્પિટલના તબીબ અરૂણભાઈ રાજપૂતે મહિલાની સોનોગ્રાફી કરાવતાં પિત્તાશયમાં નાની-નાની 150થી વધુ પથરી જામી ગઇ હતી. જે જોઈ તબીબ પણ આશ્ચયચકિત થઇ ગયા હતા.

આ અંગે ડોક્ટર અરુણભાઈ રાજપૂતે જણાવ્યું હતું કે, દર્દી એક મહિલા 55 વર્ષીય મહિલા સતલાસણા તાલુકાના ભીમપુર ગામના છે. એ મને શુક્રવારે બતાવવા માટે આવ્યા હતા. ત્યારે પિત્તાશયમાં ખૂબ પથરીઓ અને ઈન્ફેક્શન તેવું તેમણે જણાવ્યું હતું. ત્યારે આજે દુખાવો વધતાં તેઓ ફરી બતાવવા માટે આવ્યા હતા. તપાસ કરતાં ખબર પડી કે, આખા પિત્તાશયમાં પરું થઈ ગયું હતું. સાથે જ પિત્તાશયમાં પંક્ચર થઈ ગયું હતું.





**ડોક્ટરે પિત્તાશય બહાર કાઢી સફળતાપૂર્વક ઓપરેશન કર્યું**

જો કે તે સમયે પરિવાર વિચાર કરી જણાવવાનું કહી પરત ઘરે ગયો હતો, પરંતુ બે દિવસ પહેલાં ફરીથી મહિલાને સખત દુ:ખાવો ઉપડ્યો હતો. જેથી તેમને તાત્કાલિક વિસનગર લાવવામાં આવ્યા હતા. જ્યાં ડૉ.અરુણભાઈ રાજપૂત દ્વારા તાત્કાલિક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તબીબ દ્વારા ભારે જહેમત ઉઠાવી દૂરબીનથી ઓપરેશન દ્વારા પિત્તાશય બહાર કાઢવામાં આવ્યું હતું. આ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થતાં હાલ મહિલાની હાલત સ્વસ્થ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જે પણ દર્દીને પિત્તાશયમાં પથરી થાય તો પથરી સાથે પિત્તાશયને કાઢવું જ પડે છે.

## પૂર્વ અમદાવાદમાં મચ્છરો વચ્ચે ભણતા બાળકો: 54 સ્કૂલમાં મચ્છરના બ્રીડિંગ મળતા 1 થી 25 હજારનો દંડ

(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદમાં રોગચાળો વધ્યો છે. જેને લઇને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા સ્કૂલોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. સ્કૂલોમાં ચેકિંગ દરમિયાન મચ્છર બ્રીડિંગ મળી આવતા સ્કૂલોને નોટિસ આપીને દંડ કરવામાં આવ્યો હતો. એક સ્કૂલને સીલ પણ કરવામાં આવી હતી. જેથી હવે ખાનગી સ્કૂલો દ્વારા વાલીઓને મેસેજ કરીને બાળકોને મચ્છરથી બચવા ફૂલ સ્લીવના કપડા પહેરીને સ્કૂલે મોકલવા જણાવવામાં આવ્યું છે. સ્કૂલ દ્વારા વાલીઓને કરવામાં આવેલો મેસેજ રોગચાળો વધતા AMC દ્વારા સ્કૂલોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી સ્કૂલોમાં જ મોટાભાગે ચેકિંગ દરમિયાન 54 સ્કૂલોમાં મચ્છરના બ્રીડિંગ મળી આવ્યા હતા. મચ્છરના બ્રીડિંગ મળતા સ્કૂલોની નોટિસ આપવામાં આવી હતી. સ્કૂલોની 1 હજારથી 25 હજાર રૂપિયા સુધીનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. બોપલની એક સ્કૂલને સીલ પણ કરવામાં આવી છે.

# અઢી વર્ષથી ગેરહાજર શિક્ષકનો કોઇ પત્તો નહીં

## અમરાઈવાડીની બાગેફીરદોષ હિન્દી સ્કૂલના શિક્ષક લાપત્તા, સ્કૂલ ઓફ બોર્ડ દ્વારા ડીમ્ડ રાજીનામું લેવાયું, હવે કોઈ લાભ નહીં મળે

(એજન્સી) અમદાવાદ | તા.13

સાબરકાંઠામાં શિક્ષક ગેરહાજર હોવા છતાં તેમની જગ્યાએ અન્ય શિક્ષક ભણાવતા હતા. આ મામલો સામે આવ્યા બાદ સમગ્ર રાજ્યમાં શિક્ષણ વિભાગ એલર્ટ થયું છે. શિક્ષણ વિભાગ દ્વારા તમામ સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું.

અમદાવાદમાં 12 શિક્ષકો લાંબી રજા પર હોવાનું સામે આવ્યું છે. AMC સ્કૂલ બોર્ડ સંચાલિત સ્કૂલના શિક્ષક 2.5 વર્ષ કરતા વધુ સમયથી ગેરહાજર છે જે અંગે તંત્ર મોડેથી જાગ્યું છે. સ્કૂલ બોર્ડ દ્વારા શિક્ષકનું ડીમ્ડ રાજીનામું લઈ લેવામાં આવ્યું છે. શિક્ષકને હવે તમામ લાભ મળવાના પણ બંધ થશે. રાજ્યભરની સ્કૂલોમાં શિક્ષકોની હાજરી અંગે તપાસ કરવામાં આવી છે. રાજ્યભરના અનેક શિક્ષકો લાંબા સમયથી ગેરહાજર હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્કૂલ બોર્ડ સંચાલિત સ્કૂલોમાં પણ તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન અમરાઈવાડીના હિન્દી સ્કૂલના શિક્ષક લાંબા સમયથી ગેરહાજર હોવાનું સામે આવ્યું છે. 22 જાન્યુઆરી 2022થી સ્કૂલમાં ગેરહાજર બાગેફીરદોષ હિન્દી સ્કૂલમાં ધોરણ 6 થી 8માં શિક્ષક તરીકે ફરજ બજાવતા તેજસિંહ કપ્તાનસિંહ ભાદોરિયા 22 જાન્યુઆરી 2022થી સ્કૂલમાં ગેરહાજર છે. શિક્ષક કોઈપણ પ્રકારની રજા મંજૂર કરાવ્યા વિના રજા પર ઉતરી ગયા છે. તેઓએ વર્ષ 1990માં શિક્ષક તરીકે નોકરીની શરૂઆત કરી હતી. વર્ષ 2025માં તેઓ વય નિવૃત્ત થવાના હતા, પરંતુ તે અગાઉથી જ તેઓ લાપત્તા થયા છે.

# સાબરમતી જેલ સુરંગકાંડનો આરોપી 12 વર્ષે જેલ બહાર આવશે

## બોમ્બ બ્લાસ્ટમાં નિર્દોષ છૂટેલા 2 આરોપીને HCના શરતી જામીન; જેલ લાઈબ્રેરીમાં બુક વાંચી સુરંગ ખોદી હતી

(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં સુરંગકાંડ થયો હતો. જેમાં 11 ઓક્ટોબર 2012થી 12 ફેબ્રુઆરી 2013 દરમિયાન કેદીઓએ સુરંગ ખોદી હતી. સુરંગકાંડમાં 2008ના અમદાવાદ બોમ્બ બ્લાસ્ટના આરોપીઓ સામેલ હતા. જેમાં નિર્દોષ છૂટેલા બે આરોપીઓને ગુજરાત હાઈકોર્ટે જામીન આપ્યા છે. 2 આરોપીને 12 વર્ષે જામીન મળ્યાં છે. 2023માં રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ 2013માં અમદાવાદના રાણીપ પોલીસ મથકે અમદાવાદ સેન્ટ્રલ જેલમાં સુરંગ ખોદવા બદલ અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસના આરોપીઓ સામે IPCની કલમ 130, 224, 120B અને પ્રિઝન્સ એક્ટની કલમ 42 તેમજ 45 મુજબ ગુનો નોંધાયો હતો.